પાના -૮, કિંમત રૂ.૨, તા. ૧૭-૧૦-૨૦૨૫-શુક્રવાર, સુરત

સાંધ્ય દૈનિક

# પ્રતાપ દર્પણ

RNI NO : 67531/97 | મુદ્રક તથા પ્રકાશક : રાજેશ બાલુભાઈ પટેલ ● તંત્રી : પ્રવીણ ગોહિલ ● સહતંત્રી : જગદીશ વાલજીભાઈ ચાવડા ● વર્ષ : ૩૦ ● અંક : ૨૬૮ ● મોબાઈલ નં. ૯૮૨૫૫ ૩૨૫૦૫

# ગુજરાત સરકારનું પુન : ગઠન સાથે વિસ્તરણ

# ડેપ્યુટી મુખ્યમંત્રી તરીકે હર્ષ સંઘવીના શપથ



## નવા મંત્રીમંડળના મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ સહિત કુલ ૨૬ મંત્રીઓનો સમાવેશ

### ૭ પાટીદાર, ૮ ઓબીસી, ૩ એસસી, અને ૪ એસટી ધારાસભ્યો મંત્રી બન્યા

ગાંધીનગર, તા. ૧૭

ગુજરાતના નવા મંત્રીમંડળની શપથવિધિ થઈ ગઈ છે. રાજ્યપાલ આચાર્ય દેવવ્રત તમામ મંત્રીઓને શપથ લેવડાવી રહ્યા છે. હર્ષ સંઘવીએ સૌથી પહેલી શપથ લીધા છે. તેમને DYCM બનાવાયા છે. ત્યારબાદ જીતુ વાઘાણી, નરેશ પટેલ, અર્જુન મોઢવાડિયા, પ્રદ્યુમન વાજા અને રમણ સોલંકીએ કેબિનેટ મંત્રી તરીકે શપથ લીધા છે. તો ઈશ્વરસિંહ પટેલ, પ્રફુલ પાનસેરિયા, ડો. મનીષા વકીલે રાજ્યકક્ષાના મંત્રી (સ્વતંત્ર હવાલો) તરીકે શપશ લીધા છે.

કાંતિ અમૃતિયા, રમેશ કટારા, દર્શનાબેન વાઘેલા, કૌશિક વેકરીયા, પ્રવીણ માળી, જયરામ ગામીત, ત્રિકમ છાગા, સંજય મહીડા, કમલેશ પટેલે રાજ્યકક્ષાના મંત્રી તરીકે શપથ લીધા છે. નવા મંત્રીઓ હાથમાં ભગવદ્ ગીતા લઈને શપથ લીધા હતા. ઉલ્લેખનીય છે કે ઋષિકેશ પટેલ, કનુ દેસાઈ, કુંવરજી બાવળિયાએ રાજીનામું ન આપ્યું હોવાથી શપથ નહી લે.

નવા મંત્રીમંડળમાં CM ભૂપેન્દ્ર પટેલ સહિત ૨૬ મંત્રીઓ બનાવાયા છે. નવા મંત્રીમંડળમાં CM સહિત ૭ પાટીદાર, ૮ OBC, ૩ SC અને ૪ STનો સમાવેશ થાય છે. જેમાં ૩ મહિલા પણ છે.રિપીટ કરાયેલા મંત્રીઓને ખુદ મુખ્યમંત્રીએ ફોન કરીને જાણ કરી હતી અને કહ્યું હતું કે આપણે સાથે છીએ તમારે શપથ લેવાના છે. તો નવા મંત્રીઓને ગુજરાત ભાજપ પ્રદેશ પ્રમુખ જગદીશ વિશ્વકર્માએ ફોન કરીને જાણ કરી હતી.

## રાદડીયા સહિતના ચર્ચાતા નામો બાકાત, ૧૮ નવા ચહેરા ઉમેરાયા

### ■ લાંબા સમયના સસ્પેન્ડ બાદ અંતે નવા મંત્રીમંડળની રચના

ગાંધીનગર, તા. ૧૭

લાંબા સમયથી ગુજરાતમાં મંત્રીમંડળમાં ફેરફારના ઢોલનગારા વચ્ચે આજે મુખ્યમંત્રી શ્રી ભુપેન્દ્ર પટેલે છ મંત્રીઓને જાળવી રાખવાની સાથે વધુ ૧૮નો ઉમેરો કરીને ૨૪ સભ્યોનું નવુ મંત્રીમંડળ રચ્યુ છે અને બપોરે ૧૧.૩૦ કલાકે મહાત્મા ગાંધી મંદિર ખાતે નવા મંત્રીમંડળની શપથવિધિ યોજાઈ હતી.

મુખ્યમંત્રી તેમજ ભાજપ મોવડીમંડળે નવી કેબીનેટમાં લાંબા સમયથી જે ચર્ચા ચાલતી હતી તેનાથી વિપરીત અને આશ્ચર્ય તેમજ આંચકા આપે તે રીતે નવુ મંત્રીમંડળ રચ્યુ હોવાનું જાહેર થયુ છે જેમાં અગાઉની કેબીનેટના છ મંત્રીઓ કનુભાઈ દેસાઈ, ઋષીકેશ પટેલ, કુંવરજીભાઈ બાવળીયા, હર્ષ સંઘવી, પ્રફુલ પાનશેરીયા તથા પરસોતમ સોલંકીને જાળવી રાખ્યા છે.

જેમાં નવા ચહેરામાં કૌશીક વેકરીયા (અમરેલી), કાંતિભાઈ અમૃતિયા (મોરબી), અર્જુનભાઈ મોઢવાડીયા (પોરબંદર), રીવાબા જાડેજા (જામનગર), દર્શનાબેન વાઘેલા (અસારવા અમદાવાદ), રમેશ કટારા (ફતેહપુરા વડોદરા), નરેશ પટેલ (ગણદેવી), જીતુ વાઘાણી (ભાવનગર), ડો. જયરામ ગાવીત (નિસાર), સંજયસિંહ મહીડા (મહુધા), સ્વરૂપજી ઠાકોર (વાવ), ઈશ્વરસિંહ પટેલ (અંકલેશ્વર), મનીષા વકીલ (વડોદરા સીટી), ત્રીકમભાઈ છાંગા (અંજાર), પ્રવિણભાઈ માળી (ડીસા), પી.સી.બરંડા (ભીલોડા) અને રમણભાઈ સોલંકી (બોરસદ)નો સમાવેશ થાય છે.

સૌરાષ્ટ્રમાંથી રાજકોટના ધારાસભ્ય ભાનુબેન બાબરીયાને કેબીનેટમાંથી પડતા મુકાયા હોવાના અહેવાલ છે. આ જ રીતે ભુપેન્દ્ર પટેલ સરકારમાંથી આ રીતે થયેલા ફેરફાર વચ્ચે સૌથી વધુ આશ્ચર્ય જેતપુર-ધોરાજીના ધારાસભ્ય જયેશ રાદડીયાને મંત્રીપદ મળ્યુ નથી જયારે રાજકોટને પણ કોઈ પ્રતિનિધિત્વ નહી હોવાનું બહાર આવ્યુ છે જેના આગામી સમયમાં રાજકીય પડઘા પડશે.


### રીપીટ મંત્રીઓ

- હર્ષ સંઘવી
- પરસોતમ સોલંકી
- ઋષિકેશ પટેલ
- કુંવરજી બાવળીયા
- પ્રફુલ પાનસેરીયા
- કનુભાઇ દેસાઇ

### અન્ય મંત્રીઓ

- સ્વરૂપજી ઠાકોર
- પ્રદ્યુમન વાજા
- અરવિંદ રાણા
- નરેશ પટેલ
- રીવાબા જાડેજા
- અર્જુન મોઢવાડીયા
- કાંતિલાલ અમૃતિયા
- દર્શનાબેન વાઘેલા
- કૌશિક વેકરીયા
- ત્રિકમભાઇ છાંગા
- રમેશભાઇ કટારા
- સંજયસિંહ મહિડા
- જયરામ ગામીત
- જીતુભાઇ વાઘાણી
- ઈશ્વરસિંહ પટેલ
- મનીષા વકીલ
- પી.સી.બરંડા
- પ્રવિણ માળી
- રમણ સોલંકી

## રાતભર ગાંધીનગર -દિલ્હી અને પટના વચ્ચે સતત ફોન રણકયા



ગાંધીનગર, તા. ૧૭

ગુજરાતમાં ભુપેન્દ્ર સરકારના મંત્રીમંડળમાં ફેરફારના ગુરુવારથી શરૂ થયેલા કાઉન્ટડાઉનમાં આજે આખરી ઘડી સુધી ભારે સસ્પેન્સ રહ્યું હતું તથા ગાંધીનગરમાં પક્ષના જે ધારાસભ્યો ગઈકાલ સવારથી પહોંચવા લાગ્યા હતા. તેઓ પુરા દિવસ કોને ફરી શપથ લેવાની તક મળશે કોની નવા ચહેરા તરીકે પસંદગી થઈ છે અને કોના માટે હવે દિવાળી મંત્રીપદ વગરની હશે તેની ચર્ચા હતી.

કેન્દ્રમાંથી પહેલા મહામંત્રી સુનિલ બંસલ ગાંધીનગર પહોંચ્યા. મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલે તેનો ૩ કલાક મુંબઈ પ્રવાસ યથાવત રાખ્યો હતો અને પહેલા સુનિલ બંસલ અને પ્રદેશ સંગઠન મહામંત્રી રત્નાકર તથા બાદમાં પ્રદેશ પ્રમુખ શ્રી જગદીશ રત્નાકર જોડાયા હતા અને બાદમાં તખ્તો મુખ્યમંત્રી આવાસ ફેરવાયો હતો. આ સમયે ભાજપના રાષ્ટ્રીય પ્રમુખ જે.પી.નડ્ડા પણ ગાંધીનગર આવી પહોંચ્યા હતા અને રાત્રીના ૮ વાગ્યે સી.એમ. આવાસમાં તેઓ પહોંચ્યા.

એક તબકકે એવી ચર્ચા હતી કે જૂના-નવા તમામ મંત્રીઓને સીએમ આવાસે બોલાવશે પણ આ અગાઉ મુખ્યમંત્રી શ્રી ભુપેન્દ્ર પટેલએ તેમના નિવાસે જ કેબીનેટ સાથીદારોને બોલાવ્યા અને અગાઉથી તૈયાર રખાયેલા રાજીનામા પત્ર દરેકને આપવામાં આવ્યા હતા અને તેઓને ફકત સહી જ કરવાની હતી. રાત્રીના ૮ વાગ્યે સીએમ આવાસે તમામ ધારાસભ્યોને રાષ્ટ્રીય પ્રમુખ શ્રી જે.પી.નડ્ડાએ ધારાસભ્યોને સંબોધન કરીને પક્ષ જે કંઈ નિર્ણય લેશે તે પક્ષ અને ગુજરાતના હિતમાં હશે તેવું જણાવી આગામી સમયની સ્થાનિક સ્વરાજયની સંસ્થાઓની ચુંટણીઓ જ મહત્વની છે તે સ્પષ્ટ સંદેશ છે.

આ બાદ રાત્રીના ધારાસભ્યોને લાડવા-ભજીયાનું ભોજન કરાવાયું પણ છેલ્લી ઘડી સુધી સસ્પેન્સ રહ્યો હતો. એક અહેવાલ મુજબ મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલ રાત્રીના ૯ વાગ્યે જ રાજયપાલ આચાર્ય દેવવ્રતને મળવા જવાના હતા પણ રાત્રીના જ સી.એમ. ઓફીસમાંથી રાજયપાલનો સવારનો સમય મેળવી લેવાયો. પક્ષના ટોચના સૂત્રોના જણાવ્યા મુજબ જે રીતે મંત્રીમંડળમાં મોટી 'સર્જરી' કરવાની હતી તેની 'ગંધ' કેટલાક સીનીયર ધારાસભ્યોને આવી ગઈ હતી અને છેક દિલ્હી-પટણા સુધી ફોન થયા હતા.

ગૃહમંત્રી તથા ગુજરાતના મેન્ટર શ્રી અમીત શાહ પટણામાં છે. તેઓ હવે તા.૧૯ના રોજ ગુજરાત આવશે પણ દિલ્હી અને પટણા વચ્ચે પણ ફોનમાં વાતચીત થઈ હતી. આ બાદ પુર્વ પ્રદેશ પ્રમુખ શ્રી સી.આર.પાટીલ પણ અમદાવાદ પહોંચી ગયા હતા.

પક્ષના ટોચના સૂત્રોના જણાવ્યા મુજબ રાત્રીના ધારાસભ્યોના આવાસે મંત્રીઓના બંગલા અને સીએમ આવાસમાં જબરો

અનુસંધાન પાના ૭ પર

## કોલ્ડ તથા એનર્જી ડ્રિંક્સ પર ઓઆરએસ લખી શકાશે નહીં

### માત્ર ડબ્લ્યુએચઓ ફોર્મ્યુલા મુજબના ઉત્પાદનો જ ઓઆરએસ તરીકે વેચી શકશે

નવી દિલ્હી, તા. ૧૭

ફૂડ સેફ્ટી એન્ડ સ્ટાન્ડર્ડ્સ ઓથોરિટી ઓફ ઈન્ડિયા (FSSAI) એ ગ્રાહકોને ગેરમાર્ગે દોરતી કંપનીઓ સામે કડક વલણ અપનાવ્યું છે. FSSAI એ એક આદેશ જારી કર્યો છે જેમાં કહેવામાં આવ્યું છે કે, કોઈપણ ખાદ્ય કે પીણા ઉત્પાદક તેના બ્રાન્ડ નામમાં ORS (ઓરલ રિહાઈડ્રેશન સોલ્ટ્સ) શબ્દનો ઉપયોગ કરી શકશે નહી સિવાય કે તે વિશ્વ આરોગ્ય સંગઠન દ્વારા નિર્ધારિત મૂળ ORS ફોર્મ્યુલા પર આધારિત હોય.

અગાઉ, કંપનીઓને તેમના ઉત્પાદન નામોમાં 'ઈજી' શબ્દનો ઉપયોગ કરવાની મંજૂરી હતી, જો કે તેઓએ ચેતવણી આપી હોય કે તે વિશ્વ આરોગ્ય સંગઠન દ્વારા ભલામણ કરાયેલ ORS ફોર્મ્યુલા નથી. જો કે, એ હવે આ પરવાનગી સંપૂર્ણપણે રદ કરી દીધી છે.આનો અર્થ એ છે કે, કોઈપણ ચેતવણી આપ્યા પછી પણ 'ORS' શબ્દનો ઉપયોગ કરી

અનુસંધાન પાના ૭ પર

## ટ્રમ્પ-પુતિન વચ્ચે બે કલાક ફોન પર વાતચીત

### મધ્ય પૂર્વમાં યુદ્ધ વિરામ અંગે પુટિને ટ્રમ્પને અભિનંદન પાઠવ્યાં



નવી દિલ્હી, તા. ૧૭

અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે ગુરુવારે જણાવ્યું હતું કે તેમણે રશિયન રાષ્ટ્રપતિ વ્લાદિમીર પુતિન સાથે ફોન પર વાત કરી હતી. આ વાતચીત લગભગ બે કલાક ચાલી હતી. યુક્રેનના રાષ્ટ્રપતિ ઝેલેન્સકી હાલમાં અમેરિકાના પ્રવાસે છે, જ્યાં તેઓ વધુ લશ્કરી સહાયની વિનંતી કરી શકે છે.

ટ્રમ્પે તેમની ટ્રુથઆઉટ સોશિયલ પોસ્ટમાં લખ્યું- પુતિન સાથેની વાતચીત અદ્ભુત રહી. તેમણે મને અને યુનાઈટેડ સ્ટેટ્સને મધ્ય પૂર્વમાં શાંતિ લાવવા બદલ અભિનંદન આપ્યા.પુતિને કહ્યું કે તે લાંબા સમયથી ચાલતું સ્વપ્ન હતું. ટ્રમ્પ માને છે કે મધ્ય પૂર્વમાં સફળતા રશિયા-યુક્રેન યુદ્ધને રોકવામાં મદદ કરશે.પુતિને મેલાનિયા ટ્રમ્પની પ્રશંસા કરતા કહ્યું કે તે બાળકો માટે ઉત્તમ કાર્ય કરી રહી છે. બંનેએ યુદ્ધ પછી રશિયા અને અમેરિકા વચ્ચેના વેપાર અંગે પણ ચર્ચા કરી.

વાતચીત પછી, ટ્રમ્પ અને પુતિને આગામી સપ્તાહે તેમના ટોચના અધિકારીઓની બેઠકનું આયોજન કર્યું. યુએસ પક્ષનું પ્રતિનિધિત્વ વિદેશ સચિવ માર્કો રુબિયો અને કેટલાક અન્ય લોકો કરશે. બેઠકનું સ્થાન હજુ નક્કી થયું નથી. ત્યારબાદ ટ્રમ્પ અને પુતિન હંગેરીના બુડાપેસ્ટમાં મળશે, જેથી રશિયા-યુક્રેન યુદ્ધનો અંત લાવવાનો પ્રયાસ કરી શકાય.

અનુસંધાન પાના ૭ પર

## ડીએફસીના કારણે ટ્રેનોની સરેરાશ સ્પીડ ૧૫ ટકા વધી

### મોટા ભાગની ગુડ્સ ટ્રેનો ડીએફસી પર સીફ્ટ કરાઈ

નવી દિલ્હી, તા. ૧૭

ડેડીકટ ફ્રેટ કોરિડોર (ડીએફસી)ને લઈને યાત્રી ટ્રેનોના સમય પાલનમાં ૧૦-૧૫ ટકાનો સુધારો થયો છે. જયારે માલગાડીઓ સરેરાશ ૯૯ કિલોમીટર દર કલાકની ઝડપે દોડી રહી છે, જે રાજધાની એકસપ્રેસથી વધુ છે.


ભારતીય રેલવેના નેટવર્કમાં હવે યાત્રી અને માલ પરિવહન માટે અલગ પાટા છે. આથી સરકાર દિલ્હી-મુંબઈ અને દિલ્હી-કોલકાતા રેલ માર્ગ પર ૧૬૦ કિલોમીટર દર કલાકની ગતિથી યાત્રી ટ્રેનો ચલાવવાનું લક્ષ્ય હાંસલ કરવાની દિશામાં આગળ વધી રહી છે. એક વરિષ્ઠ અધિકારીએ જણાવ્યું હતું કે, દિલ્હી-મુંબઈ અને દિલ્હી-કોલકતાના હાલના રેલમાર્ગ પર ૭૦ ટકા માલગાડી ડીએફસી પર શિફ્ટ થઈ ગઈ છે.

આનો ઉદેશ વ્યસ્ત દિલ્હી-મુંબઈ અને દિલ્હી કોલકતા માર્ગોથી માલગાડીઓની અવર-જવરને અલગ કરવાનો છે. આથી હાલના રેલમાર્ગો પર કંજેશન ૭૦ ટકા સુધી

અનુસંધાન પાના ૭ પર

## બિહારની ચૂંટણી પછી મુખ્યમંત્રી નક્કી કરાશે : કેન્દ્રીય ગૃહમંત્રી

### કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહ આજથી ત્રણ દિવસ બિહારમાં



નવી દિલ્હી, તા. ૧૭

કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહ શુક્રવારથી બિહારના ત્રણ દિવસના પ્રવાસે છે. તેઓ મુખ્યમંત્રી નીતિશ કુમારને તેમના નિવાસસ્થાને મળવા પટના પહોંચ્યા હતા. ત્યારબાદ તેઓ તરૈયા મતવિસ્તારમાંથી ભાજપના ધારાસભ્ય જનક સિંહના નામાંકનમાં હાજરી આપવા માટે છપરા જશે. ત્યારબાદ તેઓ એક જાહેર સભાને સંબોધિત કરશે.

નીતિશ કુમારને મળતા પહેલા શાહે એક મહત્વપૂર્ણ નિવેદન આપ્યું હતું. એક ન્યૂઝ ચેનલ સાથેની મુલાકાતમાં તેમણે કહ્યું હતું કે, "એનડીએ નીતિશ કુમારના નેતૃત્વમાં ચૂંટણી લડી રહ્યું છે. એનડીએની જીત પછી મુખ્યમંત્રી કોણ હશે તે ધારાસભ્ય પક્ષ નક્કી કરશે."

એનડીએના પાંચેય સાથી પક્ષોએ તમામ ૨૪૩ વિધાનસભા બેઠકો માટે ઉમેદવારોની જાહેરાત કરી દીધી છે. ભાજપના ઉમેદવાર અને લોક ગાયિકા મૈથિલી ઠાકુર આજે અલીનગરથી પોતાનું ઉમેદવારીપત્ર ભરશે. ભાજપના ઉમેદવાર સતીશ કુમાર યાદવ રાઘોપુરમાં તેજસ્વી યાદવ સામે પોતાનું ઉમેદવારીપત્ર ભરશે.

બિહારમાં ૧૨૧ બેઠકો માટે પ્રથમ તબક્કાનું

અનુસંધાન પાના ૭ પર

## મુકેશ અંબાણી ૧૦૦ બિલિયન ડોલર કલબમાં એન્ટ્રી નજીક

### ગૌતમ અદાણીની કુલ સંપતિમાં ૧.૨૨ બિલિયનનો વધારો

નવી દિલ્હી, તા. ૧૭

ગુરુવારે સ્થાનિક શેરબજારમાં જોરદાર તેજી જોવા મળી. BSE સેન્સેક્સ ૮૬૨ પોઈન્ટ ઉછળ્યો. સૌથી વેલ્યુએશન કંપની રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝના શેરમાં ૧.૬૯%નો વધારો થયો. આનાથી કંપનીના ચેરમેન મુકેશ અંબાણીની કુલ સંપત્તિમાં ઈ૧.૮૧ બિલિયન એટલે કે આશરે રૂ. ૧,૫૯,૨૩ કરોડનો વધારો થયો.

બ્લૂમબર્ગ બિલિયોનેર્સ ઈન્ડેક્સ અનુસાર, તેમની કુલ સંપત્તિ હવે ઈ૯૯.૬ બિલિયન સુધી પહોંચી ગઈ છે. આ વર્ષે, તેમની કુલ સંપત્તિમાં ઈ૯.૦૨ બિલિયનનો વધારો થયો છે, જેના કારણે તેઓ વિશ્વના સૌથી ધનિક લોકોની યાદીમાં ૧૮મા ક્રમે છે.

દરમિયાન, ગુરુવારે અદાણી ગ્રુપના ચેરમેન ગૌતમ અદાણીની કુલ સંપત્તિમાં ઈ૧.૨૨ બિલિયનનો વધારો થયો. ઈ૯૨.૩ બિલિયનની કુલ સંપત્તિ સાથે, તેઓ વૈશ્વિક સ્તરે ૨૦મા અને એશિયામાં બીજા ક્રમે છે. આ વર્ષે, તેમની કુલ સંપત્તિમાં ૧૩.૬ બિલિયનનો વધારો થયો છે.

જોકે, ઓરેકલના સ્થાપક લેરી એલિસન આ વર્ષે સૌથી વધુ કમાણી કરનાર વ્યક્તિ છે. આ વર્ષે તેમની કુલ સંપત્તિમાં ઈ૧૮૦ બિલિયનનો

અનુસંધાન પાના ૭ પર

## ભારતીય સહિત વિદેશીઓ માટે દુઃસ્વપ્ન બનેલા વિઝા મુદ્દે હવે કાનૂની જંગ શરૂ

### એચ-૧બી વીઝા ફી વધારવા સામે યુએસ ચેમ્બરની કોર્ટ ફરિયાદ

વોશિંગ્ટન, તા. ૧૭

અમેરિકાની ટ્રમ્પ સરકારે કેટલાક દિવસો પહેલા એચવનબી વિઝા ફીમાં તોતીંગ વધારો કરી તેને એક લાખ ડોલર (૮૮ લાખ રૂપિયાથી વધુ) કરવાનો નિર્ણય લેતા અમેરિકામાં જ તેનો વિરોધ થઈ રહ્યો છે. અમેરિકાની ચેમ્બર ઓફ કોમર્સે ટ્રમ્પ સરકારના આ નિર્ણયને અદાલતમાં પડકાર્યો છે. યુએસ ચેમ્બરે ગઈકાલે આ જાણકારી આપી હતી.

પોતાની અરજીમાં યુએસ ચેમ્બર ઓફ કોમર્સે કહ્યું છે કે, એચવનબી વિઝાની નવી ફી ગેરકાનુની છે. કારણ કે તે ઈમીગ્રેશન અને રાષ્ટ્રીયતા કાનૂન જોગવાઈઓનો ભંગ કરે છે. અમેરિકામાં ઈમીગ્રેશન અને રાષ્ટ્રીયતા કાયદા અંતર્ગત જ એચવનબી વિઝા કાર્યક્રમ સંચાલીત કરવામાં આવે છે.

યુએસ ચેમ્બર ઓફ કોમર્સના કાર્યકારી ઉપાધ્યક્ષ અને મુખ્ય નીતિ અધિકારી નીલ બ્રેડલીએ એક નિવેદન જાહેર કરીને કહ્યું હતું કે એક લાખ ડોલરનો નવો વીઝા ચાર્જ અમેરિકી નિયુક્તિ કરનારાઓ, ખાસ કરીને સ્ટાર્ટ-અપ્સ અને નાના અને મધ્યમ આકારના વ્યવસાયો માટે એચ-વન-બી કાર્યક્રમનો ઉપયોગ કરવો મોંઘો પડશે. જેને બધા પ્રકારના અમેરિકી વ્યવસાયોની વૈશ્વિક પ્રતિભા સુધી પહોંચ બનાવવા માટે મોટો બનાવ્યો હતો, આથી કંપનીઓને અમેરિકામાં પરિચાલન કરવામાં મદદ મળી છે.

ચેમ્બર ઓફ કોમર્સે આ મુદ્દાને અમેરિકી સ્પર્ધાત્મકતા માટે એક સીધો ખતરો બતાવ્યો છે અને ચેતવણી આપી હતી કે કુશળ વિદેશી શ્રમની કમી નવાચાર (ઈનોવેશન)ને નુકસાન પહોંચાડશે, ખાસ કરીને ટેકનોલોજી અને વિજ્ઞાન ક્ષેત્રોમાં જયા યોગ્ય અમેરિકી કર્મચારીઓની અછત થઈ

અનુસંધાન પાના ૭ પર

# એનએસઈમાં સુરત મહાનગર પાલિકાના ગ્રીન બોન્ડનું મુખ્યમંત્રીના હસ્તે લિસ્ટીંગ

## ૨૦૦ કરોડની ડીમાન્ડ સામે ૮૦૦ કરોડનું ભરણું આવતા ડ્રો દ્વારા બોન્ડની ફાળવણી કરાશે




સુરત, તા.૧૭

ગત રોજ મુંબઇના નેશનલ સ્ટોક એક્ષચેન્જમાં સુરત મહાનરપાલિકાના મ્યુનિસિપલ ગ્રીન બોન્ડનું બેલ રીંગીંગ કરીને લિસ્ટીંગ માન.મુખ્યમંત્રીશ્રી ભુપેન્દ્રભાઇ પટેલના વરદહસ્તે સંપન્ન કરવામાં આવ્યું. આ કાર્યક્રમ પ્રસંગે દિપ પ્રાગટય કરી માન.મુખ્યમંત્રીશ્રી તથા અન્ય મંચસ્થ મહાનુભાવોએ કાર્યક્રમનો શુભારંભ કરાવ્યો હતો.

આ કાર્યક્રમ પ્રસંગે સ્વાગત પ્રવચન કરતા માન.મ્યુનિસિપલ કમિશનર શ્રીમતિ શાલિનીબેન અગ્રવાલ એ તેમના પ્રવચનમાં જણાવ્યુ હતુ કે દેશમાં સૌ પ્રથમ આંતરરાષ્ટ્રીય સર્ટિફાઇડ ગ્રીન બોન્ડ સુરત મહાનગરપલિકા લાવ્યું છે. ગ્રીન બોન્ડના માધ્યમથી એકત્ર થનારી રકમ પર્યાવરણનું જતન કરવા સાથે ગ્રીન એનર્જીને લગતા પ્રોજેકટના રિસોર્સ માટે ખર્ચ કરવામાં આવશે. આ ઉપરાંત સોલાર પાવર પ્રોજેકટસ, જળસંચયને લગતા પ્રકલ્પો અને ગ્રીન પરિવહનની દિશામાં સાકાર થનારા પ્રોજકટમાં ગ્રીન બોન્ડ મહત્વના બની રહેશે. આ કાર્યક્રમ પ્રસંગે મેયર દક્ષેશ માવાણીએ જણાવ્યું હતું કે, વડાપ્રધાનશ્રીના ૨૦૪૭ના વિકાસ વિઝનને સાકાર કરવા સસ્ટેનેબલ એનર્જી પ્રેરક ઉદાહરણ બનશે. સુરતએ મીની ભારત છે, સૌએ સુરતના વિકાસના સાથ સહકાર આપ્યો છે. સુરત શહેરને અત્યાર સુધીમાં ૧૪ જેટલા વિવિધ એવોર્ડ મળ્યા છે.સુરતને ગ્રીન એનર્જીસાથે વિશ્વનું બેસ્ટ સિટી બનાવાશે. સુરત મહાનગરપાલિકા દ્વારા રૂા. ૨૦૦ કરોડના લીસ્ટેડ, ટેક્ષેબલ, રીડીમેબલ, સીકયોર્ડ નોન કન્વર્ટીબલ મ્યુનિસિપલ બોડ ડીબેન્ચર સ્વરૂપે ઈસ્યુ બહાર પાડવામાં આવ્યા હતા. આ ગ્રીન બોન્ડ તા.૬/૧૦/૨૦૨૫ ના રોજ ખુલ્યા હતા. અને તા.૯/૧૦/૨૦૨૫ ના રોજ બંધ થાય હતા. આ સમયગાળા દરમિયાન સુરત મહાનગરપાલિકાના ગ્રીન બોન્ડ ૨૦૦ કરોડની ડીમાન્ડ સામે ૮૦૦ કરોડ રૂપિયાનું ભરણું થયું છે. જેથી ડ્રો સીસ્ટમથી બોન્ડની ફાળવણી થશે. રીટેલ સેકટરમાં મહાપાલિકા દ્વારા કુલ બોન્ડના ૧૫ ટકા લેખે ૩૦ કરોડ રૂપિયાના ફાળવવા ઓફર મંગાવવામાં આવી હતી. આ કાર્યક્રમ પ્રસંગે નેશનલ સ્ટોક એક્સચેન્જ ના મેનેજિંગ ડિરેક્ટર શ્રી આશિષ ચૌહાણએ ગુજરાત સરકાર અને સુરત મહાનગર પાલિકાને ગ્રીન બોન્ડના લિસ્ટીંગ બદલ અભિનંદન આપ્યા હતા. આ કાર્યક્રમ પ્રસંગે મુખ્યમંત્રીશ્રીએ જણાવ્યું કે, સુરત મહાનગરપાલિકાએ જારી કરેલા રૂ.૨૦૦ કરોડના ગ્રીન મ્યુનિસિપલ બોન્ડ થકી ગ્રીન અને સસ્ટેનેબલ ડેવલપમેન્ટ માટે લોકોને ભાગીદાર

અનુસંધાન પાના ૭ પર



# ઠેર-ઠેર જીમ ખુલ્યા પણ વજન વધવાની સમસ્યા ઘટી નથી : ડો. જીગર શાહ

### ચેમ્બર ઓફ કોમર્સ દ્વારા વેઇટ લોસ ઓન ધ સ્પોટ' વિષય પર સેશન યોજાયું

સુરત, તા.૧૭

સુરત ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી દ્વારા મંગળવાર, તા. ૧૪ ઓકટોબર, ૨૦૨૫ના રોજ સાંજે ૪:૩૦ કલાકે સમૃદ્ધિ, નાનપુરા, સુરત ખાતે 'ટોક થેરાપી કોલ્ડ મેજિકઃ વેઈટ લોસ ઓન ધ સ્પોટ' શીર્ષક હેઠળ રસપ્રદ સેશન યોજાયું હતું, જેમાં કોમેડિયન ભારતી સાથે ઈન્ડિયાઝ ગોટ ટેલેન્ટમાં ઈંચ લોસ પરફોર્મ કરી ચૂકેલા આ ક્ષેત્રના નિષ્ણાત એવા અમદાવાદના ડો. જિગર શાહે કસરત કે ડાયેટ વિના ખુરશી પર બેઠા બેઠા ૫ મિનિટમાં ઈંચ લોસની ટિપ્સ આપી વેઈટ લોસ અને ઈંચ લોસ વચ્ચેનો તફાવત સમજાવ્યો હતો.

ડો. જિગર શાહે જણાવ્યું હતું કે, ૨૫ વર્ષ પહેલા ભાગ્યે જ જિમ જોવા મળતા હતા. જ્યારે આજે ગલીએ ગલીએ, સોસાયટીઓમાં જિમ ખૂલી ગયા છે, તેમ છતાં વજન વધવાની સમસ્યાનો અંત આવતો નથી. કારણ કે, આપણું મન આપણા અંકુશમાં નથી. તેમણે માત્ર ૫ જ મિનિટમાં કસરત કે ડાયેટ વગર ખુરશી પર બેઠા બેઠા ઈંચ લોસ કેવી રીતે થાય છે તેનો લાઈવ ડેમો આપ્યો હતો. તેમણે ઉપસ્થિત શ્રોતાઓના વિવિધ પ્રશ્નોના સંતોષકારક જવાબો પણ આપ્યા હતા.

એસજીસીસીઆઇ એજ્યુકેશન એન્ડ સ્કિલ ડેવલપમેન્ટ સેન્ટરના ચેરમેન શ્રી મહેશ પમનાનીએ સ્વાગત પ્રવચન કર્યું હતું. ચેમ્બરના ગૃપ ચેરમેન શ્રી કમલેશ ગજેરાએ સેશનમાં ઉપસ્થિત સર્વેનો આભાર માન્યો હતો. આયુષ કમિટીના ચેરપર્સન ડો.

અનુસંધાન પાના ૭ પર

# બાન્દ્રા-જોધપુર વચ્ચે વિશેષ સાપ્તાહિક ટ્રેન દોડતી થશે

### દર ગુરૂવારે બાન્દ્રા ટર્મીનસથી ટ્રેન રાત્રે ઉપડશે

સુરત, તા.૧૭

પશ્ચિમ રેલ્વે દિવાળી અને છઠ પૂજાના તહેવારોની મોસમ દરમિયાન મુસાફરોને સુવિધા આપવા અને મુસાફરીની માંગને પહોંચી વળવા માટે બાંદ્રા ટર્મિનસ અને જોધપુર સ્ટેશનો વચ્ચે ખાસ ભાડા પર એક વિશેષ ટ્રેન ચલાવશે. પશ્ચિમ રેલ્વેના જનસંપર્ક વિભાગ દ્વારા જારી કરાયેલી એક અખબારી યાદી અનુસાર, ટ્રેનની વિગતો નીચે મુજબ છેઃ

૧. ટ્રેન નં. ૦૪૮૨૬/૦૪૮૨૫ બાંદ્રા ટર્મિનસ - જોધપુર સુપરફાસ્ટ સાપ્તાહિક વિશેષ ચ૦૪ ટ્રિપ્સૃ ટ્રેન નં. ૦૪૮૨૬ બાંદ્રા ટર્મિનસ - જોધપુર સુપરફાસ્ટ વિશેષ બાંદ્રા ટર્મિનસથી દર ગુરુવારે રાત્રે ૨૧:૨૦ વાગ્યે ઉપડશે અને બીજા દિવસે રાત્રે ૨૧:૪૫ વાગ્યે જોધપુર પહોંચશે. આ ટ્રેન ૨૩ ઓક્ટોબર અને ૩૦ ઓક્ટોબર, ૨૦૨૫ ના રોજ દોડશે. તેવી જ રીતે, ટ્રેન નં. ૦૪૮૨૫ જોધપુર - બાંદ્રા ટર્મિનસ સુપરફાસ્ટ વિશેષ જોધપુરથી દર બુધવારે સાંજે ૫:૩૦ વાગ્યે ઉપડશે અને બીજા દિવસે સાંજે ૫:૨૦ વાગ્યે બાંદ્રા ટર્મિનસ પહોંચશે. આ ટ્રેન ૨૨ ઓક્ટોબર અને ૨૯ ઓક્ટોબર, ૨૦૨૫ ના રોજ દોડશે. આ ટ્રેન બંને દિશામાં બોરીવલી, વાપી, સુરત, ભરૂચ, વડોદરા, રતલામ, કોટા, સવાઈ માધોપુર, જયપુર, ફુલેરા, નવા સિટી, કુચમન સિટી, મકરાણા, દેગાના, રેન, મેરતા રોડ અને ગોટન સ્ટેશનો પર રોકાશે. આ ટ્રેનમાં એસી ૨-ટાયર, એસી ૩-

અનુસંધાન પાના ૭ પર

# સ્વદેશી મેળામાં ખાલી સ્ટોલમાં ફરતા પંખા વિજળીનો દુર્વ્યય

### જવાબદારો વિરુદ્ધ કાર્યવાહી કરવા દર્શન નાયકની માંગણી

સુરત, તા.૧૭

સુરત મહાનગર પાલિકા દ્વારા વાય જંક્શન, સુરત-ડુમસ રોડ ખાતે આયોજિત સ્વદેશી મેળામાં અનેક અસ્થાયી સ્ટોલ્સનું નિર્માણ કરવામાં આવ્યું છે. આ સ્ટોલ્સ ડુમસ રોડની આસપાસના ફૂટપાથ પર બનાવવામાં આવ્યા છે, જેનો હેતુ મેળાના આયોજનને સરળ બનાવવાનો છે. જોકે, આ સ્ટોલ્સમાં દિવસ દરમિયાન કોઈ દુકાનદાર કે ગ્રાહક હાજર ન હોવા છતાં પંખાઓ સતત ચાલુ હાલતમાં જોવા મળી રહ્યા છે. આ બાબત સુરત મહાનગર પાલિકાના અધિકારીઓ અને પદાધિકારીઓની ગંભીર બેદરકારીને દર્શાવે છે, જેના કારણે જાહેરના કરવેરાના પૈસાનો અનાવશ્યક વ્યય થઈ રહ્યો છે.સ્વદેશી મેળા જેવા જાહેર કાર્યક્રમોમાં પાલિકા દ્વારા વીજળી અને અન્ય સુવિધાઓનું વ્યવસ્થાપન કરવું જરૂરી છે, પરંતુ આ પ્રકારની બેજવાબદારીથી માત્ર વીજળીનો વ્યય જ નહીં, પરંતુ જાહેર

અનુસંધાન પાના ૭ પર



# કરંજ ક્લસ્ટર શાળાઓમાં દિવાળીનો તહેવાર ઉજવાયો

### શાળાના બાળકોને દિવાળીના તહેવારનું મહત્વ સમજાવાયું

સુરત, તા.૧૭

ઓલપાડ તાલુકાનાં ક્લસ્ટર રિસોર્સ સેન્ટર, કરંજ સંલગ્ન પ્રાથમિક શાળાઓ કરંજ, પારડીઝાંખરી, મંદરોઇ, નઘોઇ, જીણોદ, કમરોલી, મીઢી, મોર મુખ્ય, મીરજાપોર તથા ભગવામાં દિવાળી પર્વની આગોતરી ઉજવણી કરવામાં આવી હતી. જેમાં શાળાનાં બાલવાટિકાથી ધોરણ-૮ નાં બાળકો રંગીન પોશાકમાં સજ્જ જોવા મળ્યા હતાં. પરીક્ષાનાં પૂર્ણ થયાનાં બીજા દિવસે પ્રાર્થનાસભામાં શાળાનાં શિક્ષકોએ બાળકોને દિવાળી પર્વનું મહત્વ સમજાવ્યું હતું. શાળાનાં બાળકો દીવા પ્રગટાવી, ફટાકડા ફોડી ઝૂમ્યા હતાં. કેટલીક શાળાઓમાં બાળકો માટે રંગોળી સ્પર્ધા તથા ગ્રિટિંગ્સ કાર્ડ સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. આ તકે બીટ નિરીક્ષક નગીનભાઈ પટેલ, સી.આર.સી. કો-ઓર્ડિનેટર વિજય પટેલ, કેન્દ્રાચાર્ય જાગૃતિ પટેલ સહિત ઓલપાડ તાલુકા પ્રાથમિક શિક્ષક સંઘનાં કાર્યવાહક પ્રમુખ ચિરાગ પટેલે સૌને દિપાવલી પર્વની હાર્દિક શુભેચ્છાઓ પાઠવી હતી.

# વર્ણવ્યવસ્થા દુર થશે ત્યારે સુદ્રઢ રાષ્ટ્રનું નિર્માણ થશે : કેશુભાઈ ગોટી

## બીજાને ઉપયોગી બનવું એ રાષ્ટ્ર કર્મ છે : કાનજી ભાલાળા



સુરત, તા.૧૭

શ્રી સૌરાષ્ટ્ર પટેલ સેવા સમાજ સુરત તરફથી સુરતના પ્રવેશદ્વારે તૈયાર થયેલ જમનાબા વિદ્યાર્થી ભવનમાં કેશુભાઈ પટેલ ઓડીટોરીયમ અને ગોપીન વાચનાલય કાર્યવિંત થયુ છે. તા. ૧૬-૧૦-૨૫ ને ગુરૂવારે યોજાયેલ ૧૩૨માં થર્સ-ડે થોટ કાર્યક્રમમાં કાનજીભાઈ આર. ભાલાળાએ જણાવ્યું હતું કે, સારા નાગરિક રાષ્ટ્રની મૂડી છે. પરંતુ સારા નાગરિક બનતા પહેલા સારા માણસ બનવું પડે. અને સારા માણસ બનવા માટે સમજણ અને સારા વિચારોની જરૂર પડે છે. તેથી શ્રી સૌરાષ્ટ્ર પટેલ સેવા સમાજ સુરત તરફથી દર ગુરૂવારે વિચારોનું વાવેતર કરવામાં આવે છે. તેમણે વધુમાં જણાવ્યું હતું કે, જવાબદાર નાગરિક બનવુ તે ખરો રાષ્ટ્ર પ્રેમ છે. રાષ્ટ્ર જ આપણી ઓળખ છે. તેનુ જતન એ નાગરિક કર્તવ્ય છે. તંદુરસ્ત અને પ્રગતિશીલ નાગરિકો રાષ્ટ્રની ખરી મૂડી છે. દરેક ક્ષેત્રે રહેલી વ્યક્તિ એ પોતાના કર્તવ્યનું પાલન કરવું તે ધર્મ છે. નાગરિકોનો સમૂહ જ રાષ્ટ્ર છે. ખરેખર બીજાને ઉપયોગી બનવું એ રાષ્ટ્રકર્મ છે.

વધુમાં નવા વર્ષની શુભેચ્છા અને સંકલ્પ આપતા જણાવ્યું હતું કે, દરરોજ સવારે ઉઠી મનમાં પાંચ વિચાર કરવાના છે. (૧) હું ખુશ છું, (૨)હું તંદુરસ્ત છું, (૩)હું સમૃદ્ધ છું, (૪) પરિવારમિત્રો સારા છે,

અનુસંધાન પાના ૭ પર

### સુરતમાં કેશુભાઈ પટેલ ઓડીટોરીયમ સાકાર

સુરત-કામરેજ રોડ ઉપર તૈયાર થયેલ જમનાબા વિદ્યાર્થી ભવનમાં ૫૦૦ બેઠકનું શ્રી કેશુભાઈ પટેલ ઓડીટોરીયમ તૈયાર થયું છે. પદ્મભૂષણ કેશુભાઈ પટેલ ઓડીટોરીયમ ખાતે તેમના પુત્ર ભરતભાઈ પટેલને ઉપસ્થિતીમાં પ્રથમ વખત વિચારોનું વાવેતર કાર્યક્રમ યોજાયો ત્યારે સમાજે કેશુભાઈ પટેલ માટે કૃતજ્ઞતાભાવ પ્રગટ કર્યો હતો. ઓડીટોરીયમ તૈયાર કરવામાં સહયોગી દાતાશ્રીઓ ખાસ ઉપસ્થિત રહ્યા હતા. કેશુભાઈ પટેલ માટેની ઉમદા ભાવનાને બિરદાવી સન્માનિત કરવામાં આવ્યા હતા. પ્રતિભાવ આપતા કેશુભાઈ પટેલના દીકરા ભરતભાઈ પટેલે સૌરાષ્ટ્ર પટેલ સમાજનો આભાર વ્યક્ત કરી પોતાના તરફથી આર્થિક સહયોગ જાહેર કર્યો હતો. આ પ્રસંગે વિદેશ અભ્યાસ

કરતા હેમ વિઠ્ઠલભાઈ ગોંડલિયા તરફથી ઓડીટોરીયમ નિર્માણ માટે રૂપિયા ૧ લાખ અર્પણ કરવામાં આવ્યું છે. વિવિધ પ્રવૃત્તિઓ માટે તૈયાર થયેલ જમનાબા વિધાર્થી ભવનમાં શ્રીમતી વર્ષાબેન મનહરભાઈ કાકડીયા પુસ્તકાલયમાં સભ્ય નોંધણી શરૂ છે. ઉપરાંત તા. ૧૬-૧૦-

અનુસંધાન પાના ૭ પર

# બીલીમોરામાં 'એક શામ રફી કે નામ' કાર્યક્રમ

સુરત, તા.૧૭

આ પ્રોગ્રામમાં બોલીવૂડ નાઈટ સુરીલા સ્વર અને સદાબહાર ગીતોની એક અનોખી સંગીતમય રાત્રી આ કાર્યક્રમમાં વર્લ્ડના પ્રસિદ્ધ ગાયક મોહમ્મદ રફી સાહેબની યાદમાં તેમની સુરીલી રચનાઓ રજૂ કરવામાં આવી,ખાસ વાત એ છે કે આ લાઈવ કન્સર્ટમાં મોહમ્મદ રફી સાહેબના પુત્ર શાહિદ રફી ખાસ સેલિબ્રિટી પર્ફોર્મર તરીકે હાજર રહ્યા, "એક શામ રફી કે નામ" બીલીમોરા માં અકુભાઈ પ્રેસેન્ટ્સ લાવ્યા એક અનોખો સંગીત પ્રોગ્રામ, રફી સાહેબના સ્વર અને લાઈવ પર્ફોર્મન્સ સાથે સંગીતપ્રેમીઓને મળયો યાદગાર અનુભવ! રફી સાહેબના અવિસ્મરણીય ગીતો ફરી એકવાર જીવંત થયા છે, સાથેજ આ પ્રોગ્રામમાં બીલીમોરા પોલીસ ઈન્સપેક્ટર, બીલીમોરાના હોદેદારો અને દરેક સ્પોન્સરો ઉપસ્થિત રહ્યા અને ઉપસ્થિત મહેમાનો ને સમ્માનિત કરવામાં આવ્યા હતા.



# પ્રાકૃતિક ખેતીમાં મલ્ચિંગનું વિશેષ મહત્વ

## મલ્ચિંગ એટલે કે છોડનું રક્ષણ કરતું આવરણ



સુરત, તા.૧૭

કૃષિ ક્ષેત્રે ખેડૂતો નવી ટેક્નોલોજી અપનાવી રહ્યા છે. જેની મદદથી તેઓ મબલખ ઉત્પાદનની સાથે તગડી કમાણી પણ કરી રહ્યા છે. હાલ રાજ્યમાં ઘણા ખેડૂતોએ મલ્ચિંગ નામની પદ્ધતિ અપનાવી છે, જેના અનેક લાભો મેળવીને કૃષિને એક નવી દિશા આપી રહ્યાં છે, એમ કહીએ તો ખોટું નથી. મોંઘાદાટ બિયારણ, ખાતર અને મજુરોની અછતો વચ્ચે ખેડૂતો મલ્ચિંગ પદ્ધતિને અપનાવી ખેતીનું વધુ ઉત્પાદન મેળવી રહ્યાં છે.

મલ્ચિંગ એટલે જમીનના ઉપરના ભાગને કોઈ આવરણ વડે ઢાંકી દેવાની પદ્ધતિ, જેમાં જમીનના સપાટ ભાગ પર સજીવ (roganic) કે અસજીવ (plastic) આવરણ મૂકી દેવામાં આવે છે, જેથી જમીનની ભેજ ટકી રહે, તાપમાન સંતુલિત રહે અને ઝાડા-ઝાંખર (weeds) ન વધે. જમીન ભેજદાર, ઉપજાઉ અને ઠંડી રહે. આ પદ્ધતિ ખાસ કરીને કૃષિ અને બાગાયતી પાકોમાં ખૂબ ઉપયોગી છે. છોડના મૂળની આસપાસ જમીન પર ભૂસાનું કે ઘાસનું કુદરતી આવરણ બનાવીને પણ પાક સાથે જમીનનું સંરક્ષણ થઇ શકે છે. જમીન પર આવું એક પ્રાકૃતિક આવરણ બનાવી જમીનમાં

અનુસંધાન પાના ૭ પર

# વિજળીના ધાંધીયાથી ખેડૂતોને સિંચાઈ કરવા ભારે હાલાકી

### પ્રદેશ કોંગ્રેસ મહામંત્રીએ ડીજીવીસીએલના વડા સમક્ષ કરેલી રજૂઆત

સુરત, તા.૧૭

દક્ષિણ ગુજરાતમાં વીજળીના વાયરની ચોરી, ખરાબ ટ્રાન્સફોર્મર, મેન્ટેનન્સના અભાવ અને ઓનલાઈન ફરિયાદોના નિકાલમાં વિલંબને કારણે ખેડૂતોને સિંચાઈમાં થતી તકલીફો અંગે ડીજીવીસીએલના એમડીને ગુજરાત પ્રદેશ કોંગ્રેસ મહામંત્રી દર્શન નાયક કરાયેલી ફરિયાદમાં જણાવાયું છે કે દક્ષિણ ગુજરાતમાં શેરડીના રોપાણ, કટિંગ અને શાકભાજીની સીઝનની શરૂઆત થવા જઈ રહી છે. આ સમયે શેરડીના રોપાણ અને કટિંગ બાદ લામ તેમજ શાકભાજીના પાકોને નિયમિત સિંચાઈની અત્યંત જરૂરિયાત હોય છે, જે વીજળી પર આધારિત પંપો દ્વારા પૂરી પાડવામાં આવે છે. પરંતુ, દક્ષિણ ગુજરાતના ગ્રામીણ વિસ્તારોમાં નીચેના કારણોસર વીજળીની સપ્લાયમાં વારંવાર વિક્ષેપ થઈ રહ્યો છે, જેના લીધે ખેડૂતોને ગંભીર સમસ્યાઓનો સામનો કરવો પડે છે.

વીજળીના વાયરની ચોરીના બનાવોમાં વધારો થયો છે, અને પોલીસ દ્વારા યોગ્ય રીતે પેટ્રોલિંગ કરવામાં આવતું નથી, જેના કારણે આવા ગુનાઓને અંકુશમાં લેવામાં મુશ્કેલી થઈ રહી છે. ટ્રાન્સફોર્મર ખરાબ થવાના કારણે અને તેનું નિયમિત મેન્ટેનન્સ ન થવાને લીધે વીજ પુરવઠો અનિયમિત થઈ રહ્યો છે. ખેડૂતો દ્વારા ઓનલાઈન ફરિયાદો કરવામાં આવે છે, પરંતુ તેનું સમયસર નિકાલ થતું નથી, જેના લીધે સમસ્યાઓ વધુ ગંભીર બની રહી છે. આ સમસ્યાઓના કારણે શેરડી અને શાકભાજીના પાકોને સમયસર પાણી ન મળવાથી ઉત્પાદનમાં ઘટાડો થઈ રહ્યો છે, જે ખેડૂતોની આર્થિક સ્થિતિ પર વિપરીત અસર કરે છે. ખેતીની પ્રવૃત્તિઓમાં વિલંબને કારણે ખેડૂતોનું જીવન મુશ્કેલ બની રહ્યું છે. આપને વિનંતી છે કે આ બાબતે તાત્કાલિક અને અસરકારક પગલાં લેવામાં આવે તો આપના વિભાગ અને સ્થાનિક પોલીસ તંત્રના સહયોગથી દક્ષિણ ગુજરાતના ખેડૂતોને પૂરતો સમયસર વીજળીની વિશ્વસનીય સપ્લાય મળશે, જેનાથી શેરડી અને શાકભાજીની ખેતી સરળ બનશે અને આર્થિક નુકસાન અટકશે.

# 'તમારી મૂડી, તમારો અધિકાર' વિષયે મેગા જનજાગૃતિ કેમ્પ

### અંકલેશ્વર શારદા ભવનમાં માર્ગદર્શક કાર્યક્રમ યોજાયો

સુરત, તા.૧૭

ગત રોજ શારદા ભવન, અંકલેશ્વર ખાતે મેગા જાગૃતિ કેમ્પ "તમારી મૂડી, તમારો અધિકાર "નું આયોજન કરવામાં આવ્યું, જેનો મુખ્ય ઉદ્દેશ નાગરિકોને બેંકો અને અન્ય નાણાકીય સંસ્થાઓમાં રહેલા અપ્રાપ્ત નાણાં (Unclaimed Financial Assets) અંગે માહિતી આપવી અને તેનો દાવો કેવી રીતે કરવો તે સમજાવવું હતો।

આ કાર્યક્રમ ભારત સરકારના નાણાં મંત્રાલયના નાણાંકીય સેવા વિભાગ (DFS) દ્વારા ભારતીય રિઝર્વ બેંક (RBI), IRDAI, SEBI અને IEPFAના સહયોગથી શરૂ કરાયેલા રાષ્ટ્રીય અભિયાનના ભાગરૂપે યોજાયો હતો, જેમાં જિલ્લા ભરૂચ ને વિશેષપણે મેગા કેમ્પ માટે પસંદ કરવામાં આવ્યો છે।

આ કાર્યક્રમનું આયોજન લીડ બેંક ભરૂચ - બેંક ઓફ બરોડા દ્વારા

અનુસંધાન પાના ૭ પર

# કડકીયા કેમ્પસ અંકલેશ્વરમાં દિવાળીની શાનદાર ઉજવણી



### ટ્રસ્ટીગણ દ્વારા કર્મચારીઓને દિવાળીની શુભકામના પાઠવાઈ

સુરત, તા.૧૭

કડકીયા એજ્યુકેશન કેમ્પસ, અંકલેશ્વર પરિસરમાં કર્મચારી ગણ દ્વારા ગતરોજ દીપાવલિ ની ઉજવણી નો કાર્યક્રમ કરવામાં આવ્યો હતો.

દીપાવલિ ઉજવણી અંતર્ગત ડૉ. જવલંત પટેલ, પ્રો. ભાવિક શાહ તથા તમામ પ્રોગ્રામ ના હેડ અને કર્મચારીઓ દ્વારા દીપ પ્રાગટ્ય કરવામાં આવ્યું તથા અલગ અલગ પ્રકારની રંગોળી કરવામાં આવી. ત્યારબાદ તમામ સ્ટાફ દ્વારા અંતાક્ષરી અને વિવિધ પ્રવૃત્તિનું આયોજન કરી આ ઉજવણી ને ખુબ સુંદર અને યાદગાર બનાવવામાં આવી. ચેરમેન અને મેનેજિંગ ટ્રસ્ટી શ્રી પંકજ કડકીયા, ટ્રસ્ટી શ્રી શ્યામ કડકીયા અને સેક્રેટરી પ્રોફ. (ડૉ.) તારા દત્ત તિવારી દ્વારા તમામ કર્મચારીઓને દિવાળી તેમજ નવ વર્ષની હાર્દિક શુભકામનાઓ આપવામાં આવી. કાર્યક્રમના અંતમાં મેનેજમેંટ તરફથી ભોજનની વ્યવસ્થા કરવામાં આવી અને કાર્યક્રમ ની પૂર્ણાહુતિ કરવામાં આવી.





# ભલે પધાર્યા : અદાણી ગ્રીન એનર્જી ગેલેરીએ લંડનમાં દસ લાખ મુલાકાતીઓની ખુશીની ઉજવણી કરી

લંડન ૧૭ ઓક્ટોબર

વિશ્વ કેવી રીતે વધુ ટકાઉ ઊર્જાનું ઉત્પાદન અને ઉપયોગ કરી શકે તેનું અન્વેષણ કરતી લંડનમાં સાયન્સ મ્યુઝિયમ ખાતે માર્ચ ૨૦૨૪ના અંતમાં ખુલ્લી મુકાયેલી અદાણી ગ્રીન એનર્જી ગેલેરી એક એવોર્ડ વિજેતા નિશુલ્ક ગેલેરીએ અત્યાર સુધીમાં ૧૦ લાખ મુલાકાતીઓનું ભલે પધાર્યાના બોલથી સ્વાગત કર્યું છે.

વર્તમાન સમયમાં આપણી સામેના સૌથી મોટા પડકારો પૈકીના એક આબોહવા પરિવર્તનને મર્યાદિત કરવા માટે જરૂરી ઝડપી ઊર્જા સંક્રમણ અને ડીકાર્બોનાઇઝેશનની તપાસને સમર્પિત આ ગેલેરીમાં માનવ કલ્પના અને નવીનતા દ્વારા ઊર્જા પ્રણાલીઓનો ભૂતકાળ, વર્તમાન અને ભવિષ્ય કેવી રીતે આકાર પામે છે તે એક સાથે દર્શાવતાસમકાલીન અને ઐતિહાસિક વસ્તુઓના ધ્યાનાકર્ષક પ્રદર્શનો, મનમોહક ડિજિટલ પ્રદર્શનો અને ખાસ કમિશન્ડ મોડેલો છે. યુકે અને વિદેશની ટેકનોલોજી અને પ્રકલ્પોને પ્રકાશિત કરતી આ ગેલેરીમાં ઓર્કની પર હાઇડ્રોજન પાવરથી લઈને ભારતમાં ટેરાકોટા એર-કૂલિંગ ફેસેડ્સ અને મોરોક્કોમાં સોલાર ફાર્મ સુધીની પ્રસ્તુતિ પરિવારો અને શાળા જૂથો બંનેમાં લોકપ્રિય બની છે. ગેલેરી ખુલ્લી મૂકાયા બાદ ૧૦,૦૦૦ થી વધુ વિદ્યાર્થીઓએ શૈક્ષણિક મુલાકાતોના ભાગ રૂપે ગેલેરીનું અન્વેષણ કર્યું છે.

અદાણી ગ્રીન એનર્જીના એક્ઝિક્યુટિવ ડિરેક્ટર શ્રી સાગર અદાણીએ જણાવ્યું હતું કે લાખો મનને પ્રેરણા આપતી અને ટકાઉપણું અને નવીનતા વિષે સંવાદ પ્રસ્થાપિત કરતી અદાણી ગ્રીન એનર્જી ગેલેરીના માધ્યમથી અમે ઉર્જા ક્રાંતિના સાક્ષી બનતા સન્માનની લાગણી અનુભવીએ છીએ. અમે માનીએ છીએ કે અદાણી ગ્રીન એનર્જી ટકાઉ ભવિષ્ય બોલ્ડ નવીનતા અને સામૂહિક કામકાજના મૂળ ધરાવે છે. હરિયાળી આવતીકાલને આકાર આપવાની સહિયારી પ્રતિબદ્ધતાને આ સીમાચિહ્ન પ્રતિબિંબિત કરે છે અને અર્થપૂર્ણ પરિવર્તન લાવવામાં શિક્ષણની શક્તિ દર્શાવે છે. તેમણે સાયન્સ મ્યુઝિયમ ગ્રુપને આ મહત્વપૂર્ણ સીમાચિહ્ન પ્રાપ્ત કરવા બદલ અભિનંદન આપતા કહ્યું હતું કે સ્વચ્છ, વધુ સ્થિતિસ્થાપક વિશ્વ માટે જિજ્ઞાસાને ઉત્તેજીત કરતી અને ઉકેલોને પોષતી આ ગેલેરીને સહયોગ કરવાનું ગૌરવ અનુભવીએ છીએ.

સાયન્સ મ્યુઝિયમ ગ્રુપના ચીફ એક્ઝિક્યુટિવ અને ડિરેક્ટર સર ઇયાન બ્લેચફોર્ડે જણાવ્યું હતું કે મુલાકાત લેનારાઓમાં જિજ્ઞાસા જગાડવામાં મદદરુપ થતી છે અને વધુ ટકાઉ રીતે ઊર્જા ઉત્પન્ન કરવા અને ઉપયોગ કરવાની જરૂરિયાત વિશે સંવાદ શરૂ કરતી આ અનોખી ગેલેરીમાં લાખો મુલાકાતીઓનું સ્વાગત કરવાનો અમને અતિ આનંદ છે. ગેલેરીની એવોર્ડ વિજેતા ડિઝાઇન અને પ્રદર્શનમાં રહેલી નોંધપાત્ર વસ્તુઓ પાછળની કથાઓનો આ પ્રભાવશાળી સીમાચિહ્ન હાંસલ કરવું એ પુરાવો છે. જેણે આ ગેલેરીને શક્ય બનાવી એવા અદાણી ગ્રીન એનર્જીનો આ ઉદાર પ્રાયોજકતા માટે આભાર વ્યક્ત કર્યો હતો.

ઉર્જા ક્રાંતિઃ 'અનનોન વર્ક્સ' દ્વારા અદાણી ગ્રીન એનર્જી ગેલેરીના આર્કિટેક્ટ અને સ્ટુડિયોની ડિઝાઇન કરવામાં આવી હતી. તાજેતરમાં ડિઝાઇન અને ઈન્સ્ટોલેશન માટે તેના ટકાઉ અભિગમ માટે આર્કિટેક્ટ્સ જર્નલ તરફથી રેટ્રોફિટ અને રીયુઝ એવોર્ડથી નવાજવામાં આવી હતી. એવોર્ડ વિજેતા ડિઝાઇનના ભાગ રૂપે મ્યુઝિયમના જૂની વસ્તુઓના સ્ટોરમાંથી ૨૦૦ થી વધુ બિનજરૂરી ધાતુના છજાઓનો ઉપયોગ આ ગેલેરીમાં વસ્તુઓ પ્રદર્શિત કરવા કરવામાં આવ્યો છે. સરળતાથી રિસાયકલ કરી શકાય એ હેતુથી શક્ય હોય ત્યાં એલ્યુમિનિયમનો ઉપયોગ કરવામાં આવ્યો છે. ગેલેરીને પ્રકાશિત કરવા માટે ઊર્જા-કાર્યક્ષમ ન્ઈઙ્ઢ નો ઉપયોગ કરવામાં આવ્યો છે. તેના કારણે ગેલેરીના નિર્માણ અને સતત કામગીરીમાંથી કાર્બન ઉત્સર્જન ઘટાડવામાં મદદ મળી રહી છે.

કાલ્પનિક લેન્સ દ્વારા ગેલેરી ત્રણ વિભાગોમાં આ સદીના નિર્ણાયક પડકારની તપાસ કરે છે. ફ્યુચર પ્લેનેટમાં, મુલાકાતીઓ યુકે મેટ ઓફિસ સાથે વિકસિત ઈન્ટરેક્ટિવ પ્રદર્શન દ્વારા તપાસ કરી શકે છે કે આબોહવા વૈજ્ઞાનિકો આપણા ગ્રહને સમજવા માટે ગણિત અને જટિલ કમ્પ્યુટર-આધારિત મોડેલોનો ઉપયોગ કેવી રીતે કરે છે, અને તે આપણને આબોહવાની ભવિષ્યની ઘટમાળ વિશે શું કહે છે. આ પ્રદર્શનમાં સમુદ્રમાં, જમીન પર, હવામાં અને અવકાશમાંથી પણ આબોહવાનું અવલોકન અને તેના માપન માટે ઉપયોગમાં લેવાતા ઉપકરણો પણ છે. આમાં ચાર્લ્સ ડેવિડ કીલિંગની મૂળ ડિઝાઇન પર આધારિત વાતાવરણીય કાર્બન ડાયોક્સાઈડના અવલોકન માટે ઉપયોગમાં લેવાતો એર-સેમ્પલિંગ ફ્લાસ્ક અને અવકાશમાંથી સમુદ્ર સપાટીના તાપમાનનું ચોક્કસ અવલોકન કરતા ઉપગ્રહ-આધારિત વૈજ્ઞાનિક સાધન શામેલ છે.

# મારે તો રોજિંદા જીવન માટે પણ સંઘર્ષ કરવો પડ્યો છે

એક મા ઉપર પોતાના પુત્રની આત્મહત્યાની અસર શું હોઈ શકેપ એ જાણવા માટે તો એ પીડામાંથી પસાર થવું જ પડે! બેન્જામિન બાળપણથી જ શાંત અને એકલવાયો હતો. ડેની સાથેના મારા છૂટાછેડા પછી એ વધુ એકલવાયો થઈ ગયો. એની બહેન રાઈલી સાથે એ વાત કરતો.

પોતાના મનની વાતો રાઈલી સાથે શેર કરતો, પરંતુ જ્યારે રાઈલી ટીનએજમાં આવી અને યુનિવર્સિટી ભણવા ચાલી ગઈ ત્યારે બેન્જામિન પાસે એવું કોઈ નહોતું જેની સાથે એ મનની મૂંઝવણ શેર કરી શકેપ જે કંઈ થયું એ માટે હું મારી જાતને જવાબદાર ગણું છું! એક મા તરીકે મારી જવાબદારીઓ અને મારાં પુત્ર પરત્વેનું કર્તવ્ય હું પૂરું કરી શકી નહીં, એ વાત મને આજે કોરી ખાય છે! માઈકલ સાથે મેં લગ્ન કર્યાં ત્યારે બેન્જામિન ૩ વર્ષનો હતોપ ઝાઝું સમજતો નહોતો. એ લગ્ન બે વર્ષમાં પૂરા થઈ ગયાં. એ પછીનો મારો બધો સમય મેં મારાં સંતાનોમાં કેન્દ્રિત કર્યો. સાચું પૂછો તો ડેનીએ પણ બેન્જામિન અને રાઈલી માટે ઘણો સમય ફાળવ્યો છે. તેમ છતાં, બેન્જામિન પોતાના જીવનના સંઘર્ષને સમજી કે સ્વીકારી શક્યો નહીં. એ ઘણા ખરા અંશે એલ્વિસ પ્રેસ્લી જેવો દેખાતો હતો એટલે મારા પિતાના ફેન્સ એની પાસેથી એલ્વિસ પ્રેસ્લી જેવા સંગીતની અપેક્ષા રાખતા હતા. એને પોતાનું નામ અને અસ્તિત્વ શોધવું હતું, પરંતુ મીડિયા અને અન્ય ફેન્સ મળીને બેન્જામિનને બીજો પ્રેસ્લી બનાવવાનો પ્રયાસ કરતા રહ્યા. આ વાતનું બેન્જામિન પર બહુ પ્રેશર રહેતું. એ મને વારંવાર પૂછતો, 'હું ગ્રાન્ડ પા જેવો દેખાઉં છું?' હું એને સમજાવતી, શીખવતી કે ડીએનએમાં કેટલાક ગુણો આવે જેને કારણે આપણે આપણા વડીલો જેવા દેખાઈએપ પરંતુ, બેન્જામિન ધીમે ધીમે પોતાના દેખાવથી અને એની સાથે જોડાયેલા લોકોના રિએક્શનથી કંટાળવા લાગ્યો હતો. એને 'એલ્વિસ પ્રેસ્લી' નહોતું બનવું, એને બેન્જામિન બનવું હતું જેની તક એને કદી મળી જ નહીં! આજે જ્યારે હું છેલ્લા શ્વાસ ગણી રહી છું ત્યારે પણ મારી પાસે મારા ત્રણ પતિઓ અને બીજા બોયફ્રેન્ડ્સમાંથી કોઈ હાજર નથી. ફક્ત ડેની, મારો પહેલો પતિ મારી પાસે હાજર છે. ડેની સાથેનો મારો સંબંધ સૌથી શાંત અને સમજદારીપૂર્વકનો રહ્યો. માઈકલ સાથેના મારા અફેર દરમ્યાન પણ ડેનીએ પૂરી સમજદારી દાખવીને કોઈ વિવાદ વગર છૂટાછેડા આપ્યા! માઈકલ સાથેના લગ્ન પછી હું અને ડેની મળીને બાળકોને ઉછેરતા હતાં ત્યારે નિકોલસ સાથેના લગ્ન થયાં. બેન્જામિન જરાય તૈયાર નહોતો એ પછી માઈકલ લોકવુડપ બેન્જામિન માટે આ બધા આઘાત હતા. અંતે, જ્યારે માઈકલ સાથેના ડિવોર્સ ખૂબ બધા આક્ષેપો અને ગંદકી સાથે પૂરા થયા ત્યાં સુધીમાં બેન્જામિનને મારા માટેનો આદર કદાચ ખતમ થઈ ગયો હતો.

છૂટાછેડાના કેસ દરમ્યાન એક દિવસ બેન્જામિન ગુસ્સે થઈને ઘરમાંથી ચાલી ગયો. એ મોડી રાત્રે પાછો ફર્યો ત્યારે ક્યાંકથી પિસ્તોલ ખરીદીને આવ્યો હતો. ૧૨ જુલાઈ, ૨૦૨૦૫ એણે પોતાને જ ગોળી મારીને આત્મહત્યા કરી. મારે માટે આ હચમચાવી નાખનારી ઘટના હતી. ડેની અંદરથી ભાંગી ગયો. રાઈલી માટે એના બેબી બ્રધરનું મૃત્યુ એક ભયાનક ડિપ્રેશન લઈને આવ્યું.સૌએ અમારા પરિવાર સાથે સહાનુભૂતિ બતાવવાનો પ્રયાસ કર્યો. મીડિયાએ પણ આ ઘટનાને દસકાની અત્યંત દુ:ખદ ઘટના તરીકે વર્ણવી, પરંતુ હવે કોઈ ફેર પડવાનો નહોતો. અમે બેન્જામિનને ખોઈ ચૂક્યા હતાપબેન્જામિનના મૃત્યુ પછી મારી અંદર અપરાધભાવનું એક તોફાન આવ્યું. હું મારા અંગત જીવનના સંઘર્ષોમાં એટલી વ્યસ્ત રહી કે મારાં બાળકોના મનમાં શું ચાલે છે એ જાણવા માટે મેં પૂરતો સમય ફાળવ્યો નહી એ વાતનો અફસોસ મને આજે, અત્યારે પણ છે. કેટલીકવાર સંજોગો આપણને યોગ્ય રીતે વર્તવા દેતા નથીપ મારા સંજોગો પણ મને અવારનવાર અહીંથી તહી ભટકાવતા રહ્યા.

લોકોને લાગતું હતું કે હું મેમ્ફિસનું ઘર અને એલ્વિસ પ્રેસ્લીનો વારસો મેળવીને બિલિયન્સની માલિક બની ગઈ છું, પરંતુ એવું કંઈ હતું નહીં. મારે તો રોજિંદા જીવન માટે પણ સંઘર્ષ કરવો પડ્યો છે. આ બધું ઓછું હોય એમ પ્રિસીલાએ ટ્રસ્ટી તરીકે ગ્રેસલેન્ડનું મેનેજમેન્ટ કર્યું, પરંતુ જ્યારે એ પ્રોપર્ટી અને એલ્વિસની બીજી આવક મને મળવા લાગી ત્યારે પ્રિસીલાએ કેસ કરી દીધો. અમે મા-દીકરી કોર્ટમાં સામસામે ઊભા રહીને મારા મૃત પિતાની આવક માટે ઝઘડ્યાપ એ જીવંત હોત તો શું વિચારત, કેવી અનુભૂતિ થઈ હોત!બેન્જામિન પછી મેં જીવનને નકારવાની શરૂઆત કરી દીધી હતી. હું બને ત્યાં સુધી એકલી જ રહેતી. કેલિફોર્નિયાના સૌથી સુંદર અને પ્રસિદ્ધ વિસ્તારમાં આવેલું ઘર મને ખાવા દોડતું હતું. એકલતાએ મને એટલી બધી ડરાવી દીધી હતી કે, મને સતત મૃત્યુના જ વિચાર આવતા. એ ગાળામાં ડેનીએ મને ખૂબ સહકાર અને સહારો આપ્યો. ડેની અવારનવાર આવતો. મારી સાથે રહેતો.રાઈલી હવે અભિનેત્રી બની ચૂકી હતી. એકેડેમી એવોર્ડ્ઝ માટે નોમિનેટ થયા પછી રાઈલી પાસે ખૂબ કામ હતું. એ વારંવાર આવી શકતી નહીંપ મારી બે દીકરીઓ હાર્પર અને ફિનલે એના પિતા પાસે રહેતી હતી કારણ કે, માઈકલ લોકવુડે દીકરીઓની કસ્ટડી માટે કોર્ટમાંથી હુકમ લીધો હતોપ

ટૂંકમાં, એકલવાયું અપરાધભાવથી ગ્રસ્ત જીવન જીવતાં જીવતાં હું થાકી ગઈ છું. બેન્જામિન મારા સ્વપ્નમાં આવે છે. પોતાના મૃત્યુ માટે મને જવાબદાર ઠેરવે છે અને કહે છે કે, મેં એનું ધ્યાન ન રાખ્યું. હું સારી મા નથી બની શકીપહું ઊંઘમાંથી જાગી જાઉં છું, ડરી જાઉ છું. હવે મારે પણ ઊંઘની ગોળીઓનો સહારો લેવો પડે છે. ડેની અને બીજા લોકો મને દવાઓના સહારે જીવવાની ના પાડે છે, પરંતુ હવે મારી પાસે બીજો કોઈ ઉપાય નથી એવું મને લાગે છે!મારા પિતાની જેમ જ હું પણ વધતા વજન સાથે સંઘર્ષ કરી રહી છું. મારે પાતળા રહેવું છે, સારા દેખાવું છે, હજી સંગીત બનાવવું છે, અધૂરાં રહી ગયેલાં ગીતો લોકો સુધી પહોંચાડવાં છેપ પરંતુ, હવે કશું નહીં થઈ શકે! બેરિયાટ્રીક સર્જરી દરમ્યાન ઊભા થયેલા કોમ્પ્લિકેશન્સને કારણે આજે સવારે મને હાર્ટ એટેક આવ્યો છે. મારું મૃત્યુ નિશ્ચિત છે.અત્યારે હોસ્પિટલના બિછાના પર સૂતી સૂતી બેહોશ હાલતમાં હું એક જ પ્રાર્થના કરી રહી છું, મારા મૃત્યુ પછી સ્વર્ગમાં મારા પિતાને મળી શકું, બેન્જામિનને મળી શકું અને એમને કહી શકું કે, હું એમને કેટલો પ્રેમ કરું છું!

# ઉડાન મુગ્ધાવસ્થાથી મધ્યાવસ્થા સુધી: આવું સોનાનું પીંજરું કોને ગમે?

આખી સ્કૂલમાં અફરાતફરી મચી ગયેલી, કારણ કે એ સ્કૂલમાં કોઈએ કલ્પના પણ ના કરી હોય એવી છોકરીએ નવું સવું એડમિશન લીધેલું. આજે પહેલો દિવસ હતો. એના આગમનની આતુરતાથી રાહ જોવાઈ રહેલી. પ્રિન્સિપાલથી લઈને પટાવાળા સુધી સહુ કોઈ સ્કૂલની શકલ ચમકાવી દેવા કટીબદ્ધ બન્યા હોય એવી તૈયારીઓ કરતાં હતા.

આજે તો વહેલું જ પહોંચી જવું એ વિચારે સ્ટુડન્ટ્સ પણ સમય કરતાં વહેલા આવી મેદાનમાં ઠેર-ઠેર ટોળે વળી ઊભેલાં. બરાબર સાત વીસના ટકોરે કોઈએ બાપ જન્મારામાં જોઈ ના હોય એવી મોટી, ચમકતી શોફર ડ્રિવન કાર મુખ્ય ગેટમાં પ્રવેશી. હાજર સહુની નજર એ તરફ મંડાય, અને શાળાના પ્રાંગણમાં સુમુખીના પગલાં થયાં.

ખરેખર એ હતી કોણ? શા માટે એ આવી મીડિયોકેર સ્કૂલમાં આવેલી? શા કારણે એ છોકરીને શિક્ષકો તો ઠીક, પ્રિન્સિપાલ દ્વારા પણ સખ્ત મહત્ત્વ આપવામાં આવતું. જેના પર્સનલ બોડીગાર્ડ પણ હતા એવી આ ટીનએજર વિશે જાણવા ચારેકોર ચચરાટી પ્રસરી ગઈ.

સુમુખી છે શહેરના નામાંકિત ઉદ્યોગપતિ તેમજ દેશના રાજકારણમાં આગવું સ્થાન ધરાવતા પ્રસિદ્ધ વ્યક્તિનું એકમાત્ર સંતાન. જેના માથે પિતાની ઈમેજ જાળવવાની જવાબદારીઓનો બોજ આપમેળે આવી પડેલો. સુમુખી બહાર નીકળે એ સાથે મીડિયા દ્વારા દુનિયાભરના અઘરા સવાલોનો એના પર રીતસર મારો ચલાવવામાં આવતો. જવાબ આપવામાં જો કંઈ કાચું કપાય તો એના પર ટિપ્પણીઓનો વરસાદ વરસી પડે. હંમેશાં બહાર નીકળતા સમયે વ્યવસ્થિત ડ્રેસિંગ રાખવું પડે, નહીં તો સોશ્યલ મીડીયામાં ચર્ચાઓનો દોર ચાલે.

આ પળોજણ વચ્ચે હજુ તાજી-તાજી તરુણી બનેલી સુમુખીને સામાન્ય જીવન જીવવાની ખેવના જાગી. વર્ષો થયે સુખ-સગવડતાના સાગરમાં હિલોળા લઈને થાકેલું એ ટીનએજ મન સ્વતંત્રતા ઝંખે છે. એ નોર્મલ લાઈફની મજા લેવા માગે છે. આ વાતને લઈને મહિનાઓથી પેરેન્ટ્સને મનાવવાની કોશિશ કરી રહેલી સુમુખીની ઈચ્છા આખરે ફળી. અંતે હિમાચલના જાણીતા હીલસ્ટેશન પર આવેલી સુપર બેસ્ટ



ગણાતી સ્કૂલને ગુડબાય કહી પોતાના નાના એવા શહેરની સ્કૂલમાં સુમુખી પંહોંચી.

કોઈ મોટા ઉદ્યોગપતિઓ, રાજકારણીઓ, નેતા- અભિનેતાઓનાં સંતાનોને પોતે લોકપ્રિય કે પ્રખ્યાત માતા-પિતાનાં સંતાનો છે એની મોટી કિંમત ચૂકવવી પડતી હોય છે. આપણને દૂરથી એમની દુનિયા ખૂબ આકર્ષક, પરીઓના દેશ જેવી લાગે. એમના કપડાં, દેખાવ, જીવનશૈલી અને જાહોજલાલી જોઈને મનોમન ઈર્ષ્યા થઈ આવે ,પરંતુ સતત એક પબ્લિક ઈમેજ બનાવી જીવતા રહેવાનું પ્રેશર, બહાર નીકળે ત્યારે સલામતીના ભોગે ગુમાવવી પડતી સહજ સ્વતંત્રતા, પાપારાઝીઓ દ્વારા ડગલેને પગલે નાનામાં નાની બાબત પર રખાતી ચાંપતી નજર અને એમના પર લદાતા અસંખ્ય નાનાં-મોટાં બંધનોને કારણે જિંદગી સોનાના પીજરા સમાન બની જતા વાર નથી લાગતી.

યુવાનવયે વણમાગ્યું સેલેબ્રિટી સ્ટેટ્સ ભોગવવું કેટલું આકરું છે એનો ખરો ચિતાર સુમુખીને મળેલો. સ્વતંત્રતાના આકાશમાં ઊડવાના સપના જોતી સુમુખીને ખ્યાલ નહોતો કે અહીં તો માત્ર જગ્યા બદલાય છે, બાકી બધું જેમનું તેમ! એને સ્કૂલથી લેવા મૂકવા માટે કડક સિક્યોરિટી, કેમ્પસમાં ચોતરફ સિક્રેટ એજન્ટ્સની ભરમાર, બહાર નીકળે તો પત્રકારોના કેમેરા, શિક્ષકો દ્વારા અપાતું વધુ પડતું માન, સહાધ્યાયીઓ દ્વારા એ બધાથી અલગ છે એવું સાબિત કરવાના સતત પ્રયત્નો. એની મજાક ઉડાવવી અને મીમ્સ બનાવવી. શાળામાં સુમુખી કોઈ અલગ ગ્રહ પરથી આવેલી એલિયન હોય એવો માહોલ બની બેસે છે. સુમુખી માટે તો પોતે જાણે ઉલમાંથી ચૂલમાં પડી હોય એવો ઘાટ રચાયો.સ્કૂલમાં ભાગ્યેજ કોઈ એની નજીક આવવા પ્રયત્ન કરતું. અમુક કુતૂહલ વશ તો અમુક ઈન્ફિરિયારીટીના માર્યા એને બોલાવતા નહીં. હા, અમુક છોકરીઓએ ઔપચારિક વાતો કરેલી. સુમુખી એ સામાન્ય મધ્યમવર્ગીય છોકરીઓની આઝાદી જોઈને મનમાં પિડાતી રહેતી. કાશ! એ પણ એમાંની એક હોત. નિયમો તોડવા, ફરવા જવું, વાતો કરવી, બધુ જ એને આકર્ષતું રહે, પરંતુ એવું એ કરી શકતી નહીં..એક સામાન્ય જીવન જીવવા માગતી લોકપ્રિય તરુણીની લાચારી એ અહેસાસ કરાવી જાય કે, આપણી પાસે ઘણુંબધું ભલે ખૂટે છે એવું લાગતું હોય પણ મોજથી જીવવાની છૂટ, લોકોનું આપણા તરફનું બેધ્યાનપણું અને પ્રસિદ્ધિના હોવાને લીધે જીવનનો જે અદ્ભુત આનંદ લઈ શકીએ છીએ એ દરેકને મળતો નથી. કહેવાય છે ને કે, જે વસ્તુનો અભાવ હોય એના તરફ આપણે લોહચુંબક માફક ખેંચાતા જઈએ. સુમુખી જેવી તરુણીઓ પાસે બધું જ છે રૂપ, ગુણ, પૈસા, મજા, આરામ, સુખ-સગવડ, શાંતિ પણ સુકુન નથી. સ્વતંત્રતા નથી, સહજતા નથી. માટે જ એની કિંમત પણ એમનાથી વધુ કોઈ જાણતું હોતું નથી.તમે ક્યારેય એકલા નથી હોતા અને એજ તમારી સતત એકલતાનું કારણ બની રહ્યું હોય ત્યારે એમાંથી ભાગી છૂટવા મન ગમે તેટલું વલખાં મારે, પણ તમારા ભાગ્યમાં લખાયેલી હકીકતથી પીછો છોડાવવો અઘરો નહીં, અશક્ય હોય છે.



# ફેશન પ્લસ: આ વખતે દિવાળીમાં ફ્યુઝન અને ટ્રેડિશનલ ફેશનની ધૂમ



આ વખતની ૨૦૨૫ની શારદીય નવરાત્રમાં ઘણા નવા ફેશન ટ્રેન્ડ જોવામાં આવ્યા. આના પરથી ખાસ ખ્યાલ આવે કે, દિવાળીમાં તો ફેશનની ધૂમ મચી જશે. જે ફેશન ટ્રેન્ડ દિવાળીમાં ચાલવાનો હોય તેની ઝલક ગણેશોત્સવમાં જ જોવામાં આવી જાય છે. જે પ્રમાણ ગરબામાં ટ્રેડિશનલ અને ફ્યુઝન ફેશન બધે જ છવાઈ ગઈ હતી તે પ્રમાણે દિવાળીમાં પણ આ ફ્યુઝન જોવામાં આવશે.

ફેશન ડિઝાઈનરનું માનવું છે કે, દિવાળીમાં થોડો ટ્રેડિશનલ, થોડો ફ્યુઝન, અને આરામદાયક તેમજ પર્સનલ ટ્રેન્ડ આ વખતે દેખાશે. આ વખતે દિવાળીમાં બ્રાઈટ કલર ધૂમ મચાવશે. જેમકે, ઓરેન્જ, રોયલ બ્લુ, એમરાલ્ડ ગ્રીન વગેરે જેવા આ દિવસોમાં માર્કેટમાં છવાયેલા રહેશે. દિવાળીમાં પણ આ જ રંગો ધૂમ મચાવશે.

ચમક, દમક અને મિરર વર્ક-નવરાત્રી એ મિરર વર્ક વગર અધૂરી છે. આ વખતે નવરાત્રી અને દુર્ગા પૂજામાં પારંપરિક એમ્બ્રોઈડરી, ઘાઘરા ચોળીમાં મિરર વર્કની શોભા જોવામાં આવી. આવનારા દિવાળી તહેવાર એટલે કે, કરવા ચૌથ અને ભાઈ બીજમાં પણ આજ રંગો છવાયેલા રહેવાનાં છે. ફ્યુઝન સ્ટાઈલ પણ ખૂબ જ ચલણમાં છે. તેમજ પારંપરિક કાપડોમાં પણ ખૂબ જ માંગ રહેશે.

જ્વેલેરી અને એક્સેસરીઝ-સ્ટેટમેન્ટ એર રિંગ, માંગ ટીકા, કમર પટ્ટો, પોટલી બેગ, રંગીન બેન્ગલ્સ અને એન્ક્લેટ આ અથેવરની શોભા બની રહેશે. એથનિક ટચ અને ઓક્સોડાઈસ સિલ્વર જ્વેલરી પાછલાં ઘણાં વર્ષોથી ચાલતી આવી છે જે આ વખતે પણ ચલણમાં જ રહેશે.

શરારા સેટ્સ અને ઈન્ડો વેસ્ટર્ન કોમ્બિનેશન-

શરારા એ એવો ડ્રેસ છે કે જે પારંપરિક પોશાક તરીકે સારો લાગે અને એક ફ્યુઝન વેર તરીકે પણ સારો લાગે. એની સાથે માર્કેટમાં ઈન્ડો વેસ્ટર્ન કોમ્બિનેશન પણ ખૂબ મળે છે જેમકે ક્રોપ ટોપ સાથે એથનિક બોટમ કે પછી ગ્લિટર પેન્ટ્સ સાથે ક્રોપ ટોપ.

જેકેટ ડ્રેસ કમ્ફર્ટ સાથે સ્ટાઈલીગ તો આપે જ છે અને કોર્ડ સેટમાં પણ સેમી ટ્રેડિશન અને ફોર્મલ પેટર્ન ધૂમ મચાવશે. એક જ ફેબ્રિકમાંથી બનાવેલા ડ્રેસ કે જેમાં નેક લાઈનમાં થોડું ઘણું ગ્લિટર હોય, કે જેની સ્લીવ્સમાં વેરિએશન હોય અને સાથે બોટમમાં પણ વેરિએશન હોય. એવા ડ્રેસની માન્ગ વધુ રહેશે. આજનું જનરેશન ચમકીલા કપડાં પસંદ કરવા કરતા આરામદાયક કપડાં વધારે પ્રિફર કરે છે. જે સિમ્પલ હોય છતાં સ્ટાઈલિશ લાગે.મુંબઈ અને દિલ્હીના ફેસ્ટિવ સિઝનને ધ્યાનમાં રાખીયે તો, મુંબઈમાં દિવાળીમાં વધારે પડતા વેસ્ટર્ન વેર અને પારમ્પારિક વસ્ત્રોની વધારે માગ રહેશે અને દિલ્હીમાં જે ટ્રેન્ડ નવરાત્રીમાં હતો તેજ ફેશન ટ્રેડ અપનાવાશે. જેમકે, ભારી ઝરીવાળા ડ્રેસ, સિકવેન્સ, એમ્બ્રોઈડર લહેંગા, ઘાઘરા ચોળી, નેટની ઉપર વર્ક, ડીટેલ પેટર્નવાળું બ્લાઉઝ.

ઘણાં વર્ષોથી જોવામાં આવ્યું છે કે, નવરાત્રીની આજુબાજુ શહેરનાં મહાનગરોમાં ગુજરાતી ફેશનનો જાદુ જોવા મળે છે. આ વર્ષ પણ બાકાત નથી, પરંતુ દિલ્હી અને મુંબઈમાં ફેશનની કોઈ સીધી ફોર્મ્યુલા નથી. બંને શહેરો પોતાની આગવી ફેશન સ્ટાઈલથી જ ઓળખાય છે.

**જ્વેલેરી અને એક્સેસરીઝ-સ્ટેટમેન્ટ એર રિંગ, માંગ ટીકા, કમર પટ્ટો, પોટલી બેગ, રંગીન બેન્ગલ્સ અને એન્ક્લેટ આ અથેવરની શોભા બની રહેશે.**

## તંત્રી લેખ...-

**શુક્રવાર, તા. ૧૭ ઓક્ટોબર ૨૦૨૫**

# ટ્રમ્પને હજુ ‘નોબેલ’ની આશા

પ્રેસિડેન્ટ ડોનાલ્ડ ટ્રમ્પ અવારનવાર ભારતને એક ’મહાન દેશ’, ’મારો સારો મિત્ર શિખર ઉપર’ કહીને વડાપ્રધાન નરેન્દ્ર મોદીને નવાજે છે. સંબંધ સુધારવાની આ એક શરૂઆત છે એમ લાગે છે. વાસ્તવમાં ભારત સાથે સંબંધ સુધારવા સિવાય કોઈ વિકલ્પ જ નથી એ વાસ્તવિકતા ટ્રમ્પ સ્વીકારે છે, પણ ટેરિફ આક્રમણ કર્યા પછી હવે તેમાં છૂટછાટ આપે તો જ સંબંધ સુધરી શકશે તે હકીકત છે. વડાપ્રધાન મોદીએ પણ ટ્રમ્પનાં નિવેદનોનો યોગ્ય પ્રતિસાદ આપ્યો છે. ગાઝામાં સમાધાન - યુદ્ધવિરામ થયા પછી મોદીએ ટ્રમ્પને અભિનંદન આપ્યા છે અને તેની નોંધ લઈને ટ્રમ્પે ’મહાન દેશ અને અચ્છા મિત્ર’નો અલગ અંદાજમાં આભાર માન્યો છે. ભારત - રશિયા અને ચીનની મૈત્રી પછી ટ્રમ્પને વિશ્વમાં બદલાતા યુગનું ભાન થયું છે. કોઈ કાયમી મિત્ર - અચ્છા મિત્ર હોય નહીં તો કોઈ દુશ્મન - દુશ્મની પણ કાયમની હોતી નથી - આ સંદેશ મોદીએ આપી દીધો છે. ટ્રમ્પે ચીનને ધમકાવવાનો પ્રયાસ તાજેતરમાં કર્યો છે અને ચીને જવાબ પણ આપ્યો છે. ગાઝામાં યુદ્ધવિરામ અથવા યુદ્ધ બંધ કરાવ્યા પછી ટ્રમ્પે ઈજિપ્તની ધરતી ઉપર વિશ્વના દેશોના નેતાઓની શિખર પરિષદ યોજી - સૌએ ટ્રમ્પને અભિનંદન આપ્યાં. ટ્રમ્પે ભાષણમાં પાકિસ્તાની વડાપ્રધાન શાહબાઝ શરીફ તથા ફિલ્ડ માર્શલ મુનીરના પણ વખાણ કર્યા અને ભારત - પાકિસ્તાન હવે સારા પાડોશી બનશે એવી આશા વ્યક્ત કરી, પણ ઓપરેશન સિંદૂરમાં યુદ્ધવિરામ કરાવ્યાનો દાવો કર્યો નહીં તેનું આશ્ચર્ય છે! હવે તેઓ ભારતને વધુ છંછેડવા માગતા નથી એમ માની શકાય. પાકિસ્તાનને પણ સલાહ આપી છે કે હવે છૂંછી - દુઃસાહસ કરતા નહીં! પાકિસ્તાની ફિલ્ડ માર્શલ મુનીર આ પ્રસંગે હાજર ન હતા. મુનીરે ટ્રમ્પનાં નામની ભલામણ કરીને નોબેલ શાંતિ એવોર્ડ અપાવવાની ખાતરી આપી હતી, પણ આશા ફળી નહીં. હવે વડાપ્રધાન શાહબાઝ શરીફે આવી ખાતરી આપી છે - ટ્રમ્પે યુદ્ધવિરામનો ઉલ્લેખ કર્યો નહીં, પણ શરીફને ભાષણ કરવા બોલાવ્યા. શરીફે કહ્યું કે, આ મહાનુભાવે જો દખલ કરી હોત નહીં તો બંને અણુસત્તા વચ્ચે યુદ્ધ ભારે વિનાશકારક બનીને શું થયું તે કહેવા કોઈ જીવતું હોત નહીં! તેઓ હજુ ટંગડી ઊંચી બતાવી રહ્યા છે! અને ટ્રમ્પ એમની વાહ - વાહ કરતા રહ્યા! ગાઝા સમાધાન સામે પાકિસ્તાનમાં વિરોધ આંદોલન ચાલે છે, શરીફ અને મુનીરે હમાસને દગો આપ્યાનો આક્રોશ છે, ત્યારે શાહબાઝ શરીફે ઈજિપ્તની ’શિખર પરિષદ’માં ટ્રમ્પને અભિનંદન આપીને ફરીથી નોબેલ માટે ભલામણ કરવાની ખાતરી આપી તે પછી પાકિસ્તાનમાં હિંસક દેખાવો વધી રહ્યા છે. આ સંજોગોમાં મુનીર કોઈ આતંકી પગલાંની હિંમત કરશે?

# પાકિસ્તાન અને તાલિબાન વચ્ચે ઊકળતો ચરૂ

તાલિબાન અને અફઘાનિસ્તાનને પોતાના તાબાના માનતા પાકિસ્તાનને છેલ્લા થોડા દિવસથી લોહિયાળ વાસ્તવિક્તાનો અનુભવ થઈ રહ્યો છે. અફઘાનિસ્તાન સાથેની સરહદોએ પાકિસ્તાનને ગંભીર સંઘર્ષની સ્થિતિનો સામનો કરવો પડી રહ્યો છે. બંને દેશ વચ્ચે સરહદ પર સંખ્યાબંધ સ્થળોએ સશત્ર સંઘર્ષ ચાલી રહ્યો છે. તાલિબાને ૨૦૨૧માં અફઘાનિસ્તાનમાં સત્તા સંભાળી ત્યારથી અને તે પહેલાંથી પાકિસ્તાને તેને સમર્થન આપ્યું હતું, પણ આ સમર્થનના બદલામાં પાકિસ્તાની લશ્કર અને સરકારના માલિકપણાની લાગણી વધતાં તાલિબાને વલણમાં ફેરફાર કરવો શરૂ કર્યો હતો. હાલત એવી છે કે, હવે પાકિસ્તાનની અંદર થઈ રહેલા આતંકી હુમલામાં તહેરિકે તાલિબાન પાકિસ્તાન (ટીટીપી)ની જવાબદારી છતી થઈ રહી છે. ટીટીપીને અફઘાનિસ્તાનમાં આશ્રય મળતો હોવાના આરોપ સાથે પાકિસ્તાને આક્રમક વલણ લેવું શરૂ કર્યું છે.અફઘાનિસ્તાનના વિદેશ મંત્રી અમિર ખાન મુતકીના ભારત પ્રવાસ દરમ્યાન આ તંગદિલી વધી હોવાની બાબત ઊડીને આંખે વળગી રહી છે. આમ તો તાલિબાન સાથે આરંભના સારા સમયને બાદ કરતા પાકિસ્તાનના અફઘાનિસ્તાન સાથેના સંબંધો હંમેશાં તંગ રહ્યા છે. પાકિસ્તાનની રચના સાથે જ બંને દેશ વચ્ચે સરહદો પર અથડામણો ચાલુ થઈ ગઈ હતી. બંને દેશ વચ્ચે વિવાદનું એક મુખ્ય કારણ બ્રિટિશ શાસનકાળમાં ખેંચાયેલી દુરાંદ રેખા રહી છે. પાકિસ્તાન આ રેખાને સરહદ તરીકે માન્ય ગણે છે, જ્યારે અફઘાનિસ્તાન તેને સ્વીકારતું નથી. હવે અફઘાનિસ્તાન પોતાની સરહદોમાં ઘૂસણખોરી કરતું હોવાનો પાકિસ્તાનનો આરોપ છે. હવે આ આરોપ વધુ ગંભીર સ્વરૂપ ધારણ કરી ચૂક્યા છે. અફઘાનિસ્તાનમાં તાલિબાન સત્તા પર આવ્યા બાદથી ટીટીપીએ તેની આતંકી પ્રવૃત્તિ વધારી હોવાનો આરોપ પાકિસ્તાન મૂકી રહ્યંઅ છે. સામા પક્ષે અફઘાન સત્તાવાળાઓ પાકિસ્તાનના આરોપોને નકારવાની સાથોસાથ સરહદ પારથી વિનાકારણ હુમલા થઈ રહ્યા હોવાનો વળતો આરોપ મૂકી રહ્યા છે. આમ તો હાલની સ્થિતિ સંપૂર્ણ જંગથી હજી દૂર છે, પણ અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે ગાઝામાં શાંતિની સફળતા પ્રસંગે પાકિસ્તાન અને તાલિબાન વચ્ચે તંગદિલ દૂર કરવાના પોતાનો ઈરાદો છતો કર્યો. દરમ્યાન, બંને દેશ વચ્ચે ૪૮ કલાકનો હંગામી યુદ્ધવિરામ લાગુ થયો છે. એ પહેલાં ટેલિવિઝનનાં દશ્યોમાં પાક સેનાની નાલેશી થતી જોવા મળી. હેવાલો મુજબ તાલિબાન ફોજે પાકિસ્તાનના શત્રો, ટેન્ક છીનવી લીધા અને વિજય રેલી કાઢી એ પછી પાકિસ્તાને કંધહાર- કાબુલ પર હવાઈ હુમલા કર્યા હતા. દરમ્યાન સાંજે કામચલાઉ સંધિ લાગુ થઈ છે. બંને પક્ષોએ એકબીજાને મોટું નુકસાન પહોંચાડયાના દાવા કર્યા છે. તાલિબાન કહે છે કે, પાકિસ્તાને યુદ્ધવિરામની અપીલ કરી હતી. તેના કેટલાય સૈનિકોને બંદીવાન બનાવી લેવાયા છે. શક્ય છે કે, અમેરિકા અને આરબ દેશોની દરમ્યાગીરીથી સંઘર્ષની સ્ફોટક સ્થિતિનો ઉકેલ આવી જશે, પણ હવે બંને દેશ વચ્ચે અગાઉ જેવા સંબંધો ફરી પ્રસ્થાપિત થાય એવી કોઈ શક્યતા જણાતી નથી. તેમની પ્રકૃતિને જોતાં હવે સંબંધોમાં ગમે ત્યારે વિસ્ફોટ થઈ શકે એવી સતત ભીતિ અનુભવાતી રહેશે. વળી અફઘાનિસ્તાન જે રીતે ભારત તરફ વળી રહ્યંઅ છે, તે પાકિસ્તાનને કોઈ પણ રીતે ગળે ઊતરશે નહીં. આમ આવનારો સમય પાકિસ્તાનના ધૈર્યની કસોટી સમાન બની રહેશે.

## ટ્રમ્પે એ સ્પષ્ટતા પણ કરી કે, ભારત રશિયા પાસેથી ઓઈલ ખરીદે છે

# ટ્રમ્પ ક્યાં સુધી મોદીના નામે જૂઠાણાં ચલાવશે?

### ટ્રમ્પે ભારત-પાકિસ્તાન યુદ્ધવિરામ વખતે પણ એવું ચિત્ર ઉભું કરવા પ્રયત્ન કરેલો કે, અમેરિકાના દબાણથી ભારતે પાકિસ્તાન પર હુમલા બંધ કર્યા છે.

ભારતની મેથી મારવામાં અભૂતપૂર્વ ઉત્સાહ બતાવી રહેલા અમેરિકાના પ્રમુખ ડોનલ્ડ ટ્રમ્પે નવો દાવો કર્યો છે કે, ભારત હવે રશિયા પાસેથી ક્રૂડ ઓઈલ નહીં ખરીદે એવું ભારતના વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ મને વચન આપ્યું છે. ટ્રમ્પે બુધવારે વાઈટ હાઉસ ખાતે પ્રેસ કોન્ફરન્સને સંબોધતાં એમ પણ કહ્યું કે, ભારત રશિયા પાસેથી ક્રૂડવાનું રાતોરાત બંધ ના કરી શકે કેમ કે પહેલાંથી ઓર્ડર અપાયા હોય તેનાં શિપમેન્ટ રવાના થયાં ને હોય હમણાં ઓર્ડર અપાયાં હોય એ ક્રૂડ પણ આવશે જ તેથી રશિયા અને ભારત વચ્ચે ક્રૂડનો વ્યાપાર બંધ થવામાં સમય લાગશે, પણ ભારત હવે રશિયા પાસેથી ક્રૂડ ઓઈલ ખરીદવા માટે નવા ઓર્ડર નહીં આપે.

ટ્રમ્પે એ સ્પષ્ટતા પણ કરી કે, ભારત રશિયા પાસેથી ઓઈલ ખરીદે છે તેનાથી હું ખુશ નહોતો પણ આજે એટલે કે બુધવારે મોદીએ મને ખાતરી આપી કે તેઓ રશિયા પાસેથી ઓઈલ ખરીદશે નહીં. ટ્રમ્પે મોદીનો હવાલો આપીને ભારત રશિયા પાસેથી ક્રૂડ નહીં ખરીદે એવું તો કહી દીધું, પણ ટ્રમ્પની વાત કેટલી સાચી તેમાં ખરેખર શંકા છે. કેમ કે, ટ્રમ્પ ગમે તેના નામે જૂઠાણાં ચલાવી દેવામાં માહિર છે.

ભારત-પાકિસ્તાનનું યુદ્ધ રોકવાથી માંડીને ભારત અમેરિકાના માલ પર કોઈ જ ટેરિફ નહીં લગાવવા તૈયાર થઈ ગયું છે સહિતનાં જૂઠાણાં ટ્રમ્પ બહુ સફાઈથી ચલાવી ચૂક્યા છે. આ તો બે ઉદાહરણ આપ્યાં પણ ટ્રમ્પનાં જૂઠાણાંની વાત માંડીએ તો આખો ચોપડો ભરાય એટલાં નિકળે. મોદીનું કહેવાતું વચન પણ એવું જૂઠાણું હોઈ શકે કેમ કે ભારત સરકારે સત્તાવાર રીતે હવે પછી રશિયા પાસેથી ક્રૂડ નહીં ખરીદીએ એવું કહ્યું નથી.

સર્જિયો ગોરની ભારત યાત્રા પછી બહાર પડાયેલાં સત્તાવાર નિવેદનોમાં આ વાતનો ઉલ્લેખ નથી. ટ્રમ્પની પ્રેસ કોન્ફરન્સ પછી વિદેશી મીડિયાએ વોશિંગ્ટનમાં ભારતના દૂતાવાસને સવાલ કર્યા તો તેમણે મૌન સેવ્યું છે એ જોતાં મોદી સરકારે આ મામલે સ્પષ્ટતા કરવી જોઈએ અને એ કરી પણ છે. રશિયા પાસેથી ક્રૂડની ખરીદી બંધ કરાય તો ભારતની વિદેશી નીતિમાં બહુ મોટો ફેરફાર થયો ગણાય.

સ્વાભાવિક રીતે જ મોદી ટ્રમ્પ સાથેની વાતચીતમાં કુલડીમાં ગોળ ભાંગીને એવો નિર્ણય ના જ લે, પણ ટ્રમ્પ ૧૫૦ કરોડની વસતી ધરાવતા ભારતના વડા પ્રધાનના નામે જૂઠાણું ચલાવે એ પણ ના ચલાવી લેવાય. મોદી સરકારે ટ્રમ્પ જૂઠાણું ચલાવતા હોય તો ટ્રમ્પને મોંઢા પર જૂઠા કહેવાની હિંમત બતાવવી પડે કેમ કે સવાલ દેશના હિતનો છે, દેશના આત્મગૌરવનો છે.

ટ્રમ્પે ભારત-પાકિસ્તાન યુદ્ધવિરામ વખતે પણ એવું ચિત્ર ઉભું કરવા પ્રયત્ન કરેલો કે, અમેરિકાના દબાણથી ભારતે પાકિસ્તાન પર હુમલા બંધ કર્યા છે. મોદી સરકારે ત્યારે ટ્રમ્પની વાતને ખોટી ગણાવીને ચોખવટ કરેલી ને અત્યારે પણ એવી ચોખવટ જરૂરી છે. મોદીએ ખરેખર હવેથી ભારત રશિયા પાસેથી ક્રૂડ નહીં ખરીદે એવી ખાતરી આપી હોય તો એ અત્યંત શરમજનક કહેવાય કેમ કે દેશનાં હિત અંગે લેવાતા કોઈ પણ નિર્ણય અંગે તેમણે સૌથી પહેલાં લોકોને જાણ કરવાની હોય. મોદી પોતે દેશનાં લોકોને અંધારામાં રાખે ને ટ્રમ્પ આ વાતની જાહેરાત કરે એ દેશનાં લોકો સાથેનો દ્રોહ કહેવાય. આશા રાખીએ કે, મોદીએ દેશનાં લોકો સાથે દ્રોહ ના કર્યો હોય.

માનો કે, મોદીએ એવી ખાતરી આપી હોય તો પણ તેના બદલામાં ભારતને અમેરિકા શું આપશે તેની સ્પષ્ટતા પણ સરકારે કરવી જોઈએ. અમેરિકાએ ઑગસ્ટ ૨૦૨૫માં રશિયા પાસેથી ક્રૂડ ઓઈલ ખરીદવા બદલ ભારત પર ૨૫ ટકા વધારાનો ટૅરિફ લાદ્યો છે.અમેરિકાએ પહેલાં ભારત બહુ ટૅરિફ લગાવે છે એવું કહીને ૨૫ ટકા ટિટ-ફોર-ટેટ લાદ્યો હતો. આ વધારાના ટૅરિફ સાથે અમેરિકા મોકલાતા ભારતના માલ પર કુલ ટૅરિફ ૫૦ ટકા થઈ ગયો છે. ટ્રમ્પે એચ-વન બી વિઝા માટે વાર્ષિક ૧ લાખ ડૉલર ફી લેવા સહિતના બીજા પણ નિર્ણયો લઈને ભારતની બજાવવામાં કોઈ કસર છોડી નથી. ભારત રશિયા પાસેથી ક્રૂડ ના ખરીદે તેના બદલામાં અમેરિકા એ બધાં પગલાં પાછાં લેવાનું છે કે નહીં તેની સ્પષ્ટતા પણ જરૂરી છે.અત્યારે રશિયા ભારતનો સૌથી મોટો ક્રૂડ ઓઈલ સપ્લાયર દેશ છે. રશિયા દરરોજ સરેરાશ ૧૬.૭૦ લાખ બેરલ ક્રૂડ ભારતને આપે છે. ભારતની કુલ ઓઈલ જરૂરિયાતોના આશરે ૩૭ ટકા ક્રૂડ રશિયામાંથી આવે છે. વૈશ્વિક ભાવો કરતાં ભારતને રશિયાનું ક્રૂડ પહેલાં ૩૦ ડોલર સસ્તું પડતું એ જોતાં ભારતને રોજના ૫ કરોડ ડોલરનો ફાયદો છે. મતલબ કે, વરસે લગભગ ૧૮૦૦ કરોડ ડોલર એટલે કે લગભગ ૧.૬૦ લાખ કરોડ રૂપિયાનો ફાયદો છે. ભારત રશિયા પાસેથી ક્રૂડ ખરીદે તેના કારણે ક્રૂડના ભાવ પણ નથી વધતા તેથી ભારતે ક્રૂડની વધઘટના કારણે વેઠવું પડતું નુકસાન પણ સહન કરવું પડતું નથી. ભારત રશિયા પાસેથી ક્રૂડ ના ખરીદે તો અમેરિકા આ બધા ફાયદા ભારતને આપશે ખરું ? આ સવાલોના જવાબ જાણવાનો પણ આ દેશનાં લોકોને અધિકાર છે.ટ્રમ્પે મોદીને પોતાના સારા મિત્ર ગણાવ્યા છે ને તેમના ગાઢ સંબંધોની દુહાઈ પણ આપી છે પણ ભારત કે ભારતીયો માટે એ વાત મહત્વની નથી. ટ્રમ્પ કે મોદી ગોઠિયા હોય તેનાથી ભારતને શું ફાયદો થાય છે એ મહત્ત્વનું છે ને અત્યાર લગીનો અનુભવ કહે છે કે, મોદી-ટ્રમ્પની કહેવાતી દોસ્તી ભારત માટે નુકસાનીનો સોદો છે.એક તરફ, ટ્રમ્પ અને મોદી એકબીજાને ડિયર ફ્રેન્ડ ને બેસ્ટ ફ્રેન્ડ ગણાવીને ઓવરણાં લીધા કરે છે ને બીજી બાજુ ટ્રમ્પ ભારતને પરેશાન કરવાની એક તક છોડતા નથી એ જોતાં બંનેની દોસ્તીની વાતો હાસ્યાસ્પદ લાગે છે. મોદીને આવી દોસ્તીની જરૂર હશે પણ ભારતને આવી દોસ્તીની જરૂર નથી. ટ્રમ્પ મોદીને ડીયર ફ્રેન્ડ ના ગણાવે કે ગ્રેટ મેન ના ગણાવે તો ચાલશે પણ ભારતનાં આર્થિક હિતોને નુકસાન ના કરે એ જ બહુ છે.

## ન્યાયાધીશ, વકીલ અને જટિલ કાનૂન ન્યાયિક વ્યવસ્થાના કેન્દ્રમાં આવી ગયા છે

# ન્યાય વ્યવસ્થાનું ભારતીયકરણ

- **આજે કાયદાની ભાષા અને અદાલતી પ્રક્રિયા એવી છે જેમાં ફરિયાદી ક્યાંય બિચારો થઈને ઊભેલો હોય છે.**

ભારતના મુખ્ય ન્યાયાધીશ એન.વી. રમનાએ ફરીથી અદાલતી વ્યવસ્થામાં સુધાર પર ચર્ચા શરૂ કરી છે. આ વખતે તેમણે તેના ભારતીયકરણ પર ભાર મૂક્યો છે. તેમણે ચિંતા વ્યક્ત કરી છે કે અદાલતી ભાષા અને પ્રક્રિયા આમ આદમી માટે એટલી દુષ્કર છે કે તે તેને જાણવા માટે બીજા પર નિર્ભર રહે છે. એટલું જ નહીં, તેનો અંતહીન સિલસિલો ચાલતો રહે છે. મુખ્ય ન્યાયાધીશે એ પણ કહ્યું કે પોતાની પાંચ હજાર જૂની પારદર્શી અને ઉન્નત અદાલતી વ્યવસ્થા હોવા છતાં આપણે આપણા નિર્ણયોમાં વિદેશી સિદ્ઘાંતોની મદદ લઈએ છીએ, જે આમ આદમીની સમજમાં નથી આવતા.

વૈદિક કાળમાં અદાલતોને સભા કહેવામાં આવતી હતી. તે સ્થાનિક સ્તર પરે ક ગામ કે આસપાસના કેટલાક ગામોના વિવાદોની પતાવટ પોતાના સ્તરે કરી દેતી હતી. આ ન્યાયિક વ્યવસ્થા પર લોકોનો ભરોસો એ હદે હતો કે બહુ ઓછા કેસ એવા રહેતા, જેમને રાજધાની સુધી લઈ જવા પડતા હતા, જ્યાં બે પ્રકારની અદાલતો રહેતી હતી. રાજાની અદાલત સૌથી મોટી રહેતી, પરંતુ તેની નીચે પણ એક ન્યાયલય રહેતું હતું, જેમાં એક ન્યાયાધીશ તથા આમ નાગરિકો વચ્ચેથી લેવામાં આવેલ કેટલાક લોકો રહેતા, જેમને આજની ભાષામાં જ્યૂરી કહી શકાય છે. જ્યૂરી વિવેચકની ભૂમિકા નિભાવતા હતા, જેમને કાયદાની કસોટી પર પરખ્યા બાદ ન્યાયાધીશ નિર્ણય આપતા હતા. રાજાની અદાલતમાં બહુ ઓછા કેસો પહોંચતા હતા, કારણ કે મોટાભાગના લોકો નીચલી અદાલતના નિર્ણયથી સંતુષ્ટ થઈ જતા હતા. રાજાની સહાયતા માટે પરિષદ થતી હતી, જેમાં ન્યાયમંત્રી અને નીચલી અદાલતના મુખ્ય ન્યાયાધીશ સામેલ રહેતા હતા. સુનાવણી ખુલ્લી અદાલતમાં થતી હતી. તેમાં રાજાની હાજરી હોવી જરૂરી ન હતું, છતાં પણ તેને હંમેશાં ઉપલબ્ધ માનવામાં આવતા હતા અને દરેક નિર્ણય તેમના જ નામે લેવામાં આવતા હતા. આ ન્યાયાલયોની સૌથી મોટી વિશેષતા એ હતી કે ત્યાં આમ નાગરિકની ભાષાનો ઉપયોગ થતો હતો. નિયમ-કાયદા પણ એવા હતા, જેમને આમ આદમી સમજી શકતા હતા. તેને સમજવા માટે કોઈ વિશેષજ્ઞની જરૂર નહોતી પડતી. આખી પ્રક્રિયા કેસના પક્ષકારોની આસપાસ ફરતી હતી. અત્યારના સમયે બધું જ ઉલટું ચાલી રહ્યું છે. તેનાથી સમગ્ર પ્રક્રિયા પર જ સવાલ ઊઠે છે.

આજે કાયદાની ભાષા અને અદાલતી પ્રક્રિયા એવી છે જેમાં ફરિયાદી ક્યાંય બિચારો થઈને ઊભેલો હોય છે. ન્યાયાધીશ, વકીલ અને જટિલ કાનૂન ન્યાયિક વ્યવસ્થાના કેન્દ્રમાં આવી ગયા છે. કાયદાઓને સ્થાનિક ભાષામાં ઉપલબ્ધ કરાવવા માટે રાષ્ટ્રીય સ્તર પર સૂચનો પણ આવ્યાં, પરંતુ તેનું ક્રિયાન્વયન ન થઈ શક્યું. માલિમથ કમિટીએ ૨૦૦૩માં પોતાના રિપોર્ટમાં એના પર વ્યાપક અનુશંસા કરી હતી. તેમાં કહેવામાં આવ્યું હતું કે દરેક કાયદામાં અનુસૂચિ જોડીને તેને સ્થાનિક ભાષામાં પણ લખીને સામેલ કરવામાં આવે. તેમનો મત હતો કે તેનાથી આમ આદમી કાયદાની સમજ વિકસિત કરી શકશે અને તેનો ભરોસો વધશે.

વૈદિક અદાલતોની બીજી ખાસિયત એ હતી કે તેમની પહોંચ સુદૂર ગામડાં સુધી હતી અને મોટાભાગના કેસોની અંતિમ પતાવટ ત્યાં જ થઈ જતી હતી. પોતાની સત્યનિષ્ઠા માટે પ્રતિબદ્ઘ લોકો ત્યાં પંચોની ભૂમિકામાં રહેતા. સ્થાનિક પરિસ્થિતિઓ અને પરંપરાઓથી તેઓ બખૂબી વાકેફ રહેતા હતા.આજની સ્થિતિ એ છે કે સરકાર અને અદાલતોની તમામ કોશિશો છતાં પડતર કેસોની સંખ્યા વધતી જતી હતી. આ સમયે ચાર કરોડથી વધુ કેસો પડતર ચાલી રહ્યા છે. સ્થિતિ એટલી ભયાવહ છે કે જો એક પણ નવો કેસ દાખલ ન કરવામાં આવે તો પણ હાલની વ્યવસ્થામાં તેના નિકાલમાં સો વર્ષો લાગી જાય! આ સમસ્યાના ઉકેલ માટે ૨૦૦૯માં સંસદે ગ્રામ ન્યાયાલય અધિનિયમના માધ્યમથી સ્થાનિક સ્તર પર અદાલતોની સ્થાપના માટે કાયદો બનાવ્યો હતો, પરંતુ તેના અપેક્ષિત પરિણામો મળી શક્યા નથી. તેમાં કુલ આઠ હજાર ન્યાયાલયોની રચના કરવાની હતી, પરંતુ અત્યાર સુધી ફક્ત ૩૯૫ ન્યાયલયોની જ અધિસૂચના જારી થઈ શકી છે અને તેમાંથી પણ મોટાભાગની કાં તો નિષ્ક્રિય છે કે અધકચરી રીતે કામ કરી રહી છે. જો તેના પર પર્યાપ્ત ધ્યાન આપવામાં આવે તો નવા કેસોની સંખ્યા આપોઆપ ઘટતી જશે.વૈદિક કાળની અદાલતોની એક વિશેષતા એ પણ હતી કે ન્યાયાધીશની સત્યનિષ્ઠા અસંદિગ્ધ રહેતી હતી. તેનું જીવન સમાજ સામે ખુલ્લી કિતાબ જેવું રહેતું હતું. ત્યાં સુધી કે વ્યક્તિગત જીવનમાં પણ કોઈક પ્રકારની કાયદાકીય કે નૈતિક ભૂલ અક્ષમ્ય હતી. જ્યૂરીના આચરણ માટે કઠોર નિયમ હતા. જો જ્યૂરીનો કોઈ સભ્ય પોતાનો અભિપ્રાય ન આપે અથવા તો કાયદા વિરુદ્ઘ કામ કરે તો તેને તેના પદ પરથી હટાવી દેવામાં આવતા હતા. હાલની વ્યવસ્થામાં ન્યાયિક નિષ્પક્ષતાને મજબૂતી માટે કોલેજિયમ સિસ્ટમના માધ્યમથી ન્યાયપાલિકાએ ઘણું બધું પોતાના હાથમાં લઈ લીધું છે. હવે નિયુક્તિ મામલે સરકારી દખલની સંભાવના નગણ્ય થઈ ગઈ છે, પરંતુ તેમાં પારદર્શિતા આવશ્યક છે.વૈદિક અદાલતો ન્યાય કરતી વખતે ફક્ત ટેકનિકલ કે કાયદાઓના આધાર પર જ નહીં, પરંતુ સંદર્ભ અનુસાર મધ્યસ્થતા અને સમજૂતીનો વ્યાપક પ્રયોગ કરતી હતી. ગ્રામીણ ન્યાયાલયોના ન્યાયાધીશોને તો પંચના જ પદનામથી આજે પણ સંબોધિત કરવામાં આવે છે. મધ્યસ્થતાની સૌથી મોટી ખાસિયત એ રહેતી કે તેમાં કેસના બંને પક્ષમાંથી કોઈ હારતું નહીં, પરંતુ બંને પોતાને વિજેતા માને છે. બંને સંતુષ્ટ થઈ જાય છે અને અપીલની જરૂર નથી પડતી. તેથી ઉપરની અદાલતો પર કેસોનો બોજ નથી વધતો. આપણી પાસે આ સમયે સૈદ્ઘાંતિક રીતે મધ્યસ્થતા, સુલેહ અને પંચનિર્ણયના વિકલ્પો રહેલા છે, પરંતુ તેમનો યોગ્ય ઉપયોગ નથી થઈ રહ્યો. અભિયાન ચલાવીને તેમનો પ્રચાર-પ્રસાર કરવા તથા અદાલતો દ્વારા તેમને પ્રોત્સાહિત કરવાની જરૂર છે.

## આવી ફ્લાવર પરેડનું આયોજન કેમ, ક્યારે અને કોણે કર્યું હશે એવો સવાલ થવો સ્વાભાવિક છે.

# એક નજર ઈધર ભી: મારી વેણીમાં ચાર ચાર ફૂલ

### નેધરલેન્ડ્સમાં પ્રાકૃતિક સૌંદર્ય ઠાંસી ઠાંસીને ભર્યું છે અને એ વિદેશી સહેલાણીઓની આંખમાં વસી જાય એનો હરખ દેશવાસીઓને થાય જ ને.

ફૂલ એટલે? કુદરતનું સુશોભન. પ્રભુની માળા, સ્ત્રીનો શણગાર અને પુષના પ્રેમનું પ્રતીક. સુકુમારતા, કોમળતા અને સૌંદર્ય માટે ફૂલ કવિઓમાં પ્રસિદ્ધ છે. સન્નારીના શણગારની સ્તુતિ છે મારી વેણીમાં ચાર ચાર ફૂલ, અંબોડલે સોહે, સોહામણી ઝૂલ.’ હરીન્દ્ર દવે લખી ગયા છે કેફૂલ કહે ભમરાને, ભમરો વાત વહે ગુંજનમાં, માધવ ક્યાંય નથી

મધુવનમાં.’ રમેશ પારેખ રોમેન્ટિક અંદાજમાં કહે છે કે ધીમે ધીમે ઢાળ ઊતરતી ટેકરીઓની સાખે તમને ફૂલ દીધાનું યાદ.’ તો વળી ચિત્રપટ ગીતકાર ઈન્દીવરફૂલ તુમ્હે ભેજા હૈ ખત મેં, ફૂલ નહીં મેરા દિલ હૈ’ એવી રંગોળી કરે છે. મધુ રાયના એક નાટકનું નામ છે કોઈ પણ એક ફૂલનું નામ બોલો તો.’ ભાષામાંફૂલ નહીં તો ફૂલની પાંખડી’ નજીવા ઉપહાર માટે હાજર છે. ’ફૂલ ગયું ને ફોરમ રહી’ ઉપમા વ્યક્તિ કરતા વ્યક્તિત્વના માહાત્મ્યનું નિરૂપણ કરે છેપ આમ ફૂલનો મહિમા અનંત છે.ઈશ્વરની માળામાં કે સ્ત્રીના અંબોડામાં કે પછી લગ્નની સજાવટમાં નજરે પડતાં છૂટાછવાયાં ફૂલોની પરેડ, એનું સરઘસ નીકળે તો? પરેડ કે સરઘસ તો રાજકીય પ્રવૃત્તિ સાથે સંકળાયેલી હોય અથવા કોઈ ધાર્મિક કે વ્યક્તિગત ઉજવણીના ભાગરૂપે હોયપ પણ ફૂલોનું સરઘસ? ફ્લાવર પરેડ?જી હા, ફૂલ અને ફોરમ માટે વિશ્વ વિખ્યાત યુરોપિયન દેશ નેધરલેન્ડ્સમાં ૭૮ વર્ષથી દર સાલ એપ્રિલ મહિનામાં ફ્લાવર પરેડનું આયોજન કરવામાં આવે છે. આઠ – દસ હજાર લોકોના સહભાગ સાથે શરૂ થયેલી આ પરેડને એવો ફાંકડો પ્રતિસાદ મળ્યો કે ૧૯૫૦ના દાયકામાં જ પરેડમાં સામેલ થનારા નિસર્ગ પ્રેમીઓની સંખ્યા લાખને આંબી ગઈ અને આજની તારીખમાં દેશ – વિદેશના ૧૦ લાખથી વધુ લોકો આ અનન્ય ફ્લાવર પરેડનો હિસ્સો બની રહ્યા છે.સહભાગી થવા રીતસરનું આયોજન થાય છે અને લોકો પરેડ નીકળવાના રૂટ પર કેટલાક કલાક અગાઉ આવી ફોલ્ડિંગ ટેબલ ને ખુરશીઓ મૂકી જમાવટ કરી લે છે. આ શો નરી આંખે જોયા પછી, એનો જાત અનુભવ લીધા પછી આ વાર્ષિક આયોજન ડચ લોકો માટે કેવળ એક આનંદ-ઉત્સવનું પ્રતીક નથી, બલકે જીવનનો, એમની સંસ્કૃતિનો એક અંતરંગ-અભિન્ન હિસ્સો છે અને એમાં હાજર રહેવું એ આનંદ સાથે ગર્વની બાબત છે એ વાત સુપેરે સમજાય છે. નેધરલેન્ડ્સમાં પ્રાકૃતિક સૌંદર્ય ઠાંસી ઠાંસીને ભર્યું છે અને એ વિદેશી સહેલાણીઓની આંખમાં વસી જાય એનો હરખ દેશવાસીઓને થાય જ ને.આવી ફ્લાવર પરેડનું આયોજન કેમ, ક્યારે અને કોણે કર્યું હશે એવો સવાલ થવો સ્વાભાવિક છે. બીજા વિશ્વયુદ્ધએ યુરોપને છિન્નભિન્ન કરી નાખ્યું હતું. ઉદ્યોગ અને વાહન વ્યવહારની દુર્દશા થઈ હતી, વેપાર ધંધા ભાંગી પડ્યા હતા, પશુધન સફાચટ થઈ ગયું હતું અને કાચા માલની તેમ જ ધાન્યની અછત બરાડા પાડી રહી હતી. ચારેકોર હતાશા અને મૂંઝવણનો માહોલ હતો. આ માહોલમાંથી મુક્ત થવા કોઈ એવા ધાગાની જરૂર હતી જેમાં સાગમટે બધા પરોવાઈ જાય.

’એમેરીલીસ’ તરીકે ઓળખાતા બહુરંગી ફૂલ ઉગાડતા વિલેમ વોર્મેનહોવેન નામની વ્યક્તિના દિમાગમાં ફ્લાવર પરેડ જેવું કશુંક કરવાનો વિચાર ઝબક્યો. ખુશ્બુદાર જાંબુડી રંગના ઘંટડી આકારના ફૂલ (અંગ્રેજી નામ હાયસીન્થ)ના ઉપયોગથી ફ્લાવર ફ્લોટ (ફૂલોની વિશિષ્ટ પ્રકારે સજાવટ) તૈયાર કર્યો. વહેલ આકારના આ ફ્લોટ ફૂલના ગોઠવણમાં સર્જનાત્મકતા અને વસંત ઋતુના સંયોજનનું દર્શન થતું હતું.આ પ્રયાસની સોડમ એક શહેરમાંથી બીજા-ત્રીજા અને અન્ય ઠેકાણે ફેલાવા લાગી અને મજરૂહ સુલતાનપુરીની કાવ્ય પંક્તિ ’મૈં અકેલા હી ચલા થા જાનિબ-એ-મંઝિલ મગર, લોગ સાથ આતે ગએ ઔર કારવાં બનતા ગયા’ની જેમ ફ્લાવર પરેડએ ઉત્સવનું સ્વરૂપ ધારણ કરી લીધું. ફૂલનું સૌંદર્ય જનમાનસને એકત્રિત કરવામાં નિમિત્ત બન્યું અને ફ્લાવર પરેડ એકતા અને નવોન્મેષનું પ્રતીક બની ગઈ.એક નાનકડા મેળાવડા તરીકે થયેલી શરૂઆત એક ગૌરવવંતી પરંપરાનું સ્વરૂપ ધારણ કરી લીધુંપ જગવિખ્યાત બની ગયેલી આ ફ્લાવર પરેડ નેધરલેન્ડ્સની ડચ ભાષામાં – ટૂંકમાં ચોક્કસ વિસ્તારમાં ઊગેલાં ફૂલોનું સરઘસ) તરીકે પ્રચલિત છે.

ફૂલોની સજાવટની આ પરંપરાએ ક્રિએટિવિટીની સાથે સાથે ડચ લોકોના સાંસ્કૃતિક વારસાનું સ્વરૂપ ધારણ કરી લીધું છે.આ પરંપરા વિકસી, ફૂલીફાલી અને ટકી રહી છે એમાં સ્થાનિક રહેવાસીઓનું મહત્તમ યોગદાન છે. દર વર્ષે બાળકોથી માંડીને મુરબ્બીઓ સુધીના સ્વયંસેવકો ભેગા મળી આ ફ્લોટની રૂપરેખા બનાવી, એની ગોઠવણ અને સજાવટ કરવા પરેડના એક મહિના પહેલાથી શરૂઆત કરી દે છે. શાળા અને વિવિધ સંસ્થાઓ પણ હાથ લંબાવે છે.

આવા ફ્લાવર પરેડમાં ’ઉત્ક્રાંતિ’ પણ જોવા મળી છે. પ્રારંભના વર્ષોમાં સામાન્ય સાધન સગવડ ઉપલબ્ધ હોવાથી ફૂલોના હાર અને મૂળભૂત શણગાર જોવા મળતા હતા. જેમ જેમ પરેડની ખ્યાતિ વધતી ગઈ એમ એમ ડિઝાઈનમાં પરિવર્તન આવવા લાગ્યા. ૧૯૫૦ના દાયકાના અંત સુધીમાં પરેડમાં ફૂલોની સજાવટમાં ભવ્યતા નજરે પડવા લાગી. આજની તારીખમાં તો એમાં ભારોભાર કલાત્મકતા જોવા મળે છે. રોબોટિક મિકેનિઝમ જેવી મોડર્ન ટેકનોલોજીની મદદ મળવાથી ફ્લાવર પરેડ વધુ નયનરમ્ય હોવાની સાથે પર્યાવરણલક્ષી પણ બની ગઈ છે.૪૨ કિલોમીટર આવરી લેતી આ પરેડ નજરે ૨૦૨૨માં જોવાનો લહાવો મળ્યો ત્યારે લોકોના ઉત્સાહમાં મોટી ભરતી આવી હતી. એનું પ્રમુખ કારણ એ હતું કે ૨૦૨૧માં ’યુનેસ્કો’ તરફથી એને વિશેષ સન્માન પ્રાપ્ત થયું હતું. આ સન્માન વિશ્વના નંબર વન ફૂલના નિર્યાત (ફ્લાવર એક્સપોર્ટર) દેશની ખ્યાતિ ધરાવતા નેધરલેન્ડ્સનું વિશ્વને આપેલા સાંસ્કૃતિક યોગદાનનું પ્રમાણપત્ર છે.

# ‘થિએટર માટે લોકોનો પ્રેમ ઘટ્યો નથી, બસ થિએટરમાં જવાનું કારણ હોવું જોઈએ’



## પૂજા હેગડેના મતે ઓડિયન્સને થિએટર સુધી લાવવું હોય તો સારું કન્ટેન્ટ હોવું જોઈએ


૨૦૨૫ના વર્ષમાં પૂજા હેગડે રસપ્રદ રોલ અને ફિલ્મ કરી રહી છે, રેટ્રોમાં સૂર્યા સાથેની તેની જોડીને સારો પ્રતિસાદ મળ્યો છે. તે ઉપરાંત રજનીકાંતની ‘કૂલી’માં તેના વખાણ થવા ઉપરાંત ફિલ્મ બોક્સ ઓફિસ પર પણ સારી ચાલી છે.

આજે એવો સમય આવ્યો છે, જ્યારે મોટા નામો હોવાથી પણ ફિલ્મની સફળતાની કોઈ ગેરંટી હોતી નથી. ત્યારે પૂજા માને છે કે ઈન્ડસ્ટ્રીને એક માળખાની જરૂર છે. “હા, હવે બધું પહેલાં કરતાં વધુ અનિશ્ચિત થઈ ગયું છે. પરંતુ હું એવું પણ માનું છું કે લોકોનો મોટા પડદા માટેનો પ્રેમ હજુ ખતમ થયો નથી. તેમને બસ થિએટરમાં પાછા ફરવાનું કારણ જોઈએ છે. એ લાગણીઓ, એ ઉગ્રતા, સમાજ જીવનનું એ સ્તર તમને ઘેર બેઠાં અનુભવાશે નહીં. એક ફિલ્મ થિએટરમાં અનુભવ પુરો પાડે છે - પછી તે તેની વાર્તા હોય, સંગીત કે પછી મોટા પડદાનો જાદુ – લોકો ચોક્કસ પાછા આવશે. થિએટરનું હંમેશા એક ચોક્કસ સ્થાન રહ્યું છે, આપણે બસ કશુંક એવું રસપ્રદ આપવું પડશે કે તેઓ ઘરમાંથી બહાર નીકળવા મજબુર થઈ જાય.”

પૂજા ‘જન નાયગન’માં વિજય અને ‘હે જવાની તો ઈશ્ક હોના હે’માં વરુણ ધવન સાથે કામ કરી રહી છે. પૂજા માને છે કે તે ફિલ્મમાં હિરો કોણ છે, તે જોઈને ફિલ્મ પસંદ કરતી નથી.

# અક્ષય ડીપફેક વીડિયોના દુરુપયોગથી બચવા બોમ્બે હાઇકોર્ટ પહોંચ્યો

## ઐશ્વર્યા રાય, અભિષેક બચ્ચન, અમિતાભ બચ્ચન, રિષભ શેટ્ટી, નાગાર્જુન પણ અધિકારોની સુરક્ષા માટે અગાઉ કોર્ટની મદદ લીધી હતી




હવે અક્ષય કુમાર પોતાના અધિકારોની સુરક્ષા માટે કોર્ટની મદદ લેવા પહોંચ્યો છે. એઆઈ જનરેટેડ કન્ટેન્ટથી સુરક્ષા મેળવવા માટે અક્ષયે કરેલી અરજીના જવાબમાં બોમ્બે હાઈકોર્ટે બુધવારે કહ્યું કે તે અભિનેતા અક્ષય કુમારને રક્ષણ આપતો એક વચગાળાનો આદેશ પસાર કરશે, જે ડીપફેક વીડિયોથી અક્ષય પોતાના વ્યક્તિત્વના અધિકારોનું રક્ષણ માંગી રહ્યો છે જે “માત્ર તેની છબિને નુકસાન પહોંચાડતું નથી પરંતુ તેના ગંભીર પરિણામો પણ લાવે છે”.

જસ્ટિસ આરિફ ડોક્ટરની બેંચે અક્ષયની અરજી પર સુનાવણી હાથ ધરી હતી. અક્ષય કુમારના પક્ષે લડતા વરિષ્ઠ વકીલ ડૉ.બિરેન્દ્ર સરાફે જણાવ્યું હતું કે, “આ કેસ ફક્ત તેમના અને તેમના પરિવાર બાબતે જ નથી, પરંતુ જનતાના મોટા હિસ્સા વિશે પણ છે. ઘણી વખત, સ્પષ્ટતા જાહેર થાય તે પહેલાં જ નુકસાન થઈ શકે છે.”

અક્ષય કુમારનો દાવો તેમના વ્યક્તિત્વ અને જાહેર અધિકારોના ઉલ્લંઘન અને અનધિકૃત વ્યાપારી શોષણને રોકવા માટે છે, જેમાં તેનું નામ, સ્ક્રીન નામ ‘અક્ષય કુમાર’, તેના ફોટો, તેની નકલ, અવાજ, તેની મિમિક્રી, રીતભાત અને અન્ય ઓળખી શકાય તેવા ગુણોનો સમાવેશ થાય છે. આ દાવો AI-જનરેટેડ અને ડીપફેક ફોટો અને વિડિયો, નકલી માલ, ભ્રામક જાહેરાતો, બ્રાન્ડ દ્વારા ખોટી રીતે તેની ઓળખના દુરુપયોગ અને YouTube, Facebook, Instagram, X (અગાઉ ટ્વિટર) અને વિવિધ ઈ-કોમર્સ વેબસાઈટ જેવા પ્લેટફોર્મ પર સોશિયલ મીડિયા પ્રોફાઈલ્સની નકલ કરીને અક્ષય કુમારના વ્યક્તિત્વના મોટા પાયે દુરુપયોગ માટે કરવામાં આવ્યો છે.

દાવામાં જણાવાયું છે, “આ કૃત્યો અરજદારની મદદની ભાવના અને પ્રતિષ્ઠાને ગંભીર અને ભરપાઈ ન થઈ શકે તેવું નુકસાન પહોંચાડે છે, તેમના વ્યક્તિત્વ અને જાહેર અધિકારોનું ઉલ્લંઘન કરે છે, જનતાને ગેરમાર્ગે દોરે છે, અને અન્યાયી સ્પર્ધા અને અન્યાયી સમૃદ્ધિ સમાન છે, જેના કારણે હાલની કાર્યવાહી જરૂરી બને છે.”

વકીલ સરાફે આ સાથે ઉદાહરણનો પણ ઉલ્લેખ કર્યો જ્યાં કુમારને ઉત્તર પ્રદેશના મુખ્યમંત્રી યોગી આદિત્યનાથની ભૂમિકા ભજવતા દર્શાવવામાં આવ્યા હતા, જોકે તેઓ આવી કોઈ ભૂમિકા ભજવી રહ્યા ન હતા. તેમણે સોશિયલ મીડિયા પર ફરતી એક ક્લિપનો પણ ઉલ્લેખ કર્યો જેમાં અક્ષય ઋષિ વાલ્મીકિ વિશે વાત કરતો જોવા મળે છે. સરાફે એક જુગાર વેબસાઈટ અને બીજી સાઈટ, Akshaykumar.ai ચાલતી હોવાનો પણ ઉલ્લેખ કર્યો, જ્યાં વેબસાઈટનો ઉપયોગ કરતા લોકો કુમારના અવાજમાં શબ્દો ઈનપુટ કરી શકે છે અને ઑડિઓ જનરેટ કરી શકે છે. વેબસાઈટમાં અન્ય વ્યક્તિત્વોનો પણ સમાવેશ થાય છે. સરાફે સ્પષ્ટતા કરી કે, “હું વેબસાઈટ બંધ કરવા માંગતો નથી, પરંતુ ફક્ત તેના અધિકારોનું રક્ષણ કરવા માંગુ છું.”

આ પહેલાં અક્ષયની જેમ જ ઐશ્વર્યા રાય, અભિષેક બચ્ચન, અમિતાભ બચ્ચન, કરણ જોહર, રિષભ શેટ્ટી, નાગાર્જુન પણ આ પ્રકારે પોતાના વ્યક્તિત્વના અધિકારોની સુરક્ષા માટે કોર્ટની મદદ લીધી છે. આ મહિને જાણીતા ગાયિકા આશા ભોંસલે પણ પોતાના નામ, તસવીરો અને વ્યક્તિગત બાબતોની સક્ષા માટે એઆઇ જમરેટેડ ટૂલ્સની વિરુદ્ધ બોમ્બે હાઇ કોર્ટમાં અરજી કરી હતી.



# જિતેન્દ્ર કુમારે કમ્ફર્ટ ઝોન છોડ્યોઃ ‘ભાગવત ચેપ્ટર ૧ : રાક્ષસ’માં અલગ અવતારમાં દેખાશે

પહેલા જીતુભૈયા અને પછી પંચાયતના સચિવજી તરીકે જાણીતા થયેલા કલાકાર જીતેન્દ્ર કુમાર હાલ વિવિધ પ્રકારના રોલના પ્રયોગો કરી રહ્યો છે. થોડાં દિવસ પહેલાં ‘મિરઝાપુર’ ફિલ્મના સેટ પરથી તેમની તસવીરો વાયરલ થઈ હતી. હવે તેણે ક્રાઇમ થ્રિલર ‘ભાગવત ચેપ્ટર ૧ - રાક્ષસ’માં પોતાના રોલ વિશે વાત કરી છે. તેણે જણાવ્યું કે આ રોલમાં તેને કમ્ફર્ટ ઝોનમાંથી બહાર નીકળવાની તક મળી.


આ ફિલ્મમાં જિતેન્દ્ર એક આકર્ષક કોલેજ પ્રોફેસર સમીરનો રોલ કરે છે, જેની સામે અર્શદ વારસી ઈન્સ્પેક્ટર વિશ્વાસ ભાગવતના રોલમાં છે, જે એક છોકરી ગાયબ થઈ ગયાના કેસની તપાસ કરે છે. આ ફિલ્મ ઝીપ પર આવશે અને અક્ષય શેરે તેને ડિરેક્ટ કરે છે.

જિતેન્દ્રએ આ પહેલાં ટીવીએફની ઓટીટી સિરીઝ ઉપરાંત ‘શુભ મંગલ ઝ્યાદા સાવધાન’, ‘જાદુગર’ અને ‘ડ્રાય ડે’ જેવી ફિલ્મમાં કામ કર્યું છે. એક ઈન્ટરવ્યુમાં તેની નવી ફિલ્મ વિશે વાત કરતા જિતેન્દ્રએ જણાવ્યું, “હું મારા કમ્ફર્ટ ઝોનમાંથી બહાર આવીને ઘણો ઉત્સુક હતો. મેં ક્યારેય આવો કોઈ રોલ કર્યો નથી તેથી આ રોલ મારા માટે ઘણો પડકારજનક હતો. હું નક્કી કરી શકતો નહોતો કે હું આ રોલ કઈ રીતે કરી શકીશ. પરંતુ દરેક નવા પડકાર સાથે મને અલગ ઉત્સાહ અનુભવાતો હતો.”

જિતેન્દ્ર આગળ જણાવે છે, “મને ખરેખર એક ક્રાઇમ થ્રિલર કરવાની ઇચ્છા હતી અને કોઈ એવું પાત્ર કરવું હતું જેના અનેક ચહેરા હોય. અમારા બંનેના પાત્રો વચ્ચેના સમીકરણો અને બંનેના જીવન કઈ રીતે જોડાયેલા છે, તેણે મને આ પાત્ર કરવા પ્રેર્યો.”

અર્શદ વારસી સાથે કામના અનુભવ અંગે તેણે કહ્યું, “ આમ તેઓ સેટ પર મજા કરતા હોય પણ જેવો સીન કરીએ કે એ એક અલગ જ વ્યકિત હોય એવું લાગે. જે રીતે સહજતાથી એ પાત્રમાં ઢળી જતાં એ જોવાની મને બહુ મજા આવી છે. ”

આ પાત્ર વિશે જિતેન્દ્રએ જણાવ્યું, “એક જ પ્રકારના પાત્રોને અલગ રીતે કરવાનો પડકાર અલગ હોય છે, પણ હજુ મને એવું નથી લાગતું કે હું એક જ પ્રકારના રોલ કરું છું. મેં જેમ ભાગવતમાં કર્યું એમ હું અલગ રોલ અને કામ કરતો રહીશ.”





# ‘લબુબુ ડોલ’ અમિતાભ બચ્ચનની કારમાં લટકતી જોઈને આશ્ચર્ય ફેલાયું

અમિતાભ બચ્ચનને એક્ટિંગની સાથે સોશિયલ મીડિયા પર એક્ટિવ રહેવાનું પણ ખૂબ ગમે છે. પોતાની રમૂજી શૈલી અને નિર્દોષ મજાક સાથે દરેક પોસ્ટમાં સરપ્રાઈઝ આપવાની આદતે બચ્ચને પોતાની લેટેસ્ટ પોસ્ટમાં પણ અકબંધ રાખી છે. અમિતાભ બચ્ચને એક ટૂંકો વીડિયો શેર કર્યો છે, જેમાં કારના કાચ નજીક લબુબુ ડોલ લટકતી જોવા મળે છે.

અમિતાભ બચ્ચને વધુ સરપ્રાઈઝ ઊભું કર્યા વગર સીધુ કહી દીધુ હતું, આ લબુબુ ડોલ તેમની કારમાં લટકી રહી છે. અમિતાભ બચ્ચન પહેલા અનન્યા પાંડે, શિલ્પા શેટ્ટી અને ઉર્વશી રાઉતેલા લબુબુ ટ્રેન્ડમાં જોડાઈ ચૂક્યા છે અને લબુબુ સાથેના ફોટો-વીડિયો શેર કરેલા છે. અમિતાભ બચ્ચને ફોટોગ્રાફ સાથે કેપ્શન ઉપરાંત સંખ્યાબંધ હેશટેગ પણ જોડ્યા હતા.લબુબુની સાથે આર્ટ, ટોય, વર્લ્ડ, કલેક્ટર, એડિક્ટ, વાઈબ્સ, લવ જેવા શબ્દો ઉમેરીને તેમણે લબુબુ માટેનો પ્રેમ પણ દર્શાવ્યો હતો. બિગ બીની આ પોસ્ટના પગલે સેંકડો યુઝર્સ એક્ટિવ થઈ ગયા હતા. બચ્ચન પણ લબુબુ ટ્રેન્ડમાં જોડાયા હોવા બાબતે ઘણાં લોકોએ આશ્ચર્ય વ્યક્ત કર્યું હતું. જ્યારે કેટલાકે લબુબુ પ્રત્યેના લગાવ માટેના કારણ પણ પૂછ્યા હતા.

# હિન્દી ફિલ્મોમાં પેકેજ થાય છે, કલાકારોનું જરૂર મુજબ કાસ્ટિંગ થતું નથી : ગુલશન

## લોકોના કહેવાથી હું કંઈ નહીં કરું, મને યોગ્ય લાગે એ જ કરીશ



ગુલશન દેવૈયાનો ચહેરો ફિલ્મ રસિકો માટે અજાણ્યો નથી પરંતુ તાજેતરમાં તેણે રિષભ શેટ્ટીની ફિલ્મ ‘કંતારા ચૅપ્ટર ૧’માં તેમે ભજવેલું રાજા કુળશેખરનું પાત્ર ખુબ વખણાયું છે. હિન્દી ફિલ્મમાં આટલાં વર્ષોમાં કરેલાં પાત્રો જે નથી કરી શક્યા એ આ એક પાત્રએ કર્યું છે. તેનાથી ફરી એક વખત સાઉથની ફિલ્મ અને બોલિવૂડ વચ્ચે સરખામણી અને ચર્ચાઓ શરૂ થઈ ગઈ છે. ઓર્મેક્સના ડેટા અનુસાર તમિલ, તેલુગુ, કન્નડા અને મલયાલમ સહિતની ભાષાઓની પ્રાદેશિક ફિલ્મોનો માર્કેટમાં હિસ્સો વધી રહ્યો છે સામે ૨૦૨૪માં હિન્દી ફિલ્મોનો હિસ્સો ઘણો ઘટી રહ્યો છે. સમગ્ર ભારતમાં બોક્સ ઓફિસનો આંકડો લગભગ ૧૧,૮૩૩ કરોડે પહોંચ્યો છે, પરંતુ તેમાં હિન્દી ફિલ્મનો હિસ્સો ૨૦૨૨૩માં ઘટીને ૫,૩૮૦ કરોડ જ રહ્યો છે જે ૨૦૨૪માં ૪,૬૭૯ કરોડ થયો. જો તેમાંથી જો હિન્દીમાં ડબ થયેલી સાઉથની ફિલ્મોને કાઢી નાખીએ તો ઓરિજિનલ હિન્દી ફિલ્મોના હિસ્સામાં ૩૭ટકાનો ઘટાડો થઈ જશે. ત્યારે હવે ગુલશન દેવૈયાને પૂછાયું કે હવે સાઉથનું સિનેમા કેમ બોલિવૂડથી આગળ ભાગી રહ્યું છે, તેના જવાબમાં ગુલશને કહ્યું, “કેટલીક ફિલ્મ સારી ચાલે પણ છે. મેં તો કન્નડામાં માત્ર એક ફિલ્મ કરી છે, તેથી મને સાઉથની ઈન્ડસ્ટ્રીનો ખાસ અનુભવ રહ્યો નથી. પરંતુ મને એ ખબર છે કે રિષભ શેટ્ટીએ આ ફિલ્મની કાસ્ટિંગ કેવી રીતે કરી હતી. તેણે આ ફિલ્મ માટે કાસ્ટિંગ કર્યું હતું, એણે ફિલ્મને પેકેજ નહોતી કરી. મને એ ખાતરી છે કે હિન્દી ફિલ્મ ઈન્ડસ્ટ્રીમાં ઘણી ફિલ્મ પેકેજ થાય છે, કલાકારોને જરૂરિયાત મુજબ કાસ્ટ કરવામાં આવતા નથી. મને લાગે છે, તેનાથી ઘણો ફરક પડશે.”તેણે સમજાવ્યું કે બોલિવૂડમાં પાત્રમાં કેવા કલાકારની જરૂર છે, તેના કરતાં સ્ટાર પ્રોફાઈલને આધારે, તેમની સાથે કયા કલાકારોને મેળ આવે છે એ મુજબ કાસ્ટિંગ કરવામાં આવે છે. ગુલશન કહે છે, “ઘણી વખત ફિલ્મ ઘણી સારી લાગે છે, ચલો આ કલાકારોને લઈએ કારણ કે એમનું અમુક ચોક્કસ પ્રોફાઈલ છે પરંતુ શું ડિરેક્ટરને લાગે છે કે તેઓ ચોક્કસ પાત્ર માટે શ્રેષ્ઠ છે?”ગુલશને ૨૦૧૧માં આવેલી ફિલ્મ ફોર્સનું ઉદાહરણ આપતાં કહ્યું, “તેમણે મારું એક રોલ માટે ઓડિશન લીધું હતું. મેં કહ્યું, હું ઓડિશન નહીં આપું, મારે વિલનના રોલ માટે ઓડિશન આપવું છે કારણ કે મેં કખા કખા, મૂળ તમિલ ફિલ્મ જોઈ હતી. મને લાગ્યું હતું કે એ રોલ જોરદાર છે. મેં બહુ સારું કામ કર્યું. પણ મને એ રોલ ન મળ્યો. સ્વાભાવિક છે, હું એ પાત્ર માટે યોગ્ય હતો જ નહીં. કારણ કે એ પાત્ર માટે એક ચોક્કસ પ્રકારનો દેખાવ, અને પર્ફોર્મ કરવાની ક્ષમતાઓ જોઈએ. એક ચોક્કસ લહેકો જોઈએ, જે માત્ર વિદ્યુત જામવાલ જ કરી શકે છે. મારા અને વિદ્યુત વચ્ચે એ જ એ પાત્ર માટે યોગ્ય હતો. એને કાસ્ટિંગ કહેવાય. એનું કાસ્ટિંગ યોગ્ય હતું, મને લીધો હોત તો ખોટું હોત. જો એ પાત્ર અલગ રીતે લખાયું હોત તો અલગ વાત હતી.”આ જ રીતે કંતારામાં પણ આ જ રીતે કાસ્ટિંગ થયું હતું. આ ફિલ્મે માત્ર ભારતમાં જ ૪૫૦ કરોડની કમાણી કરી લીધી છે. જોકે, ઘણા લોકો ગુલશનને આજે પણ અન્ડરરેટેડ કલાકાર ગણે છે, આ અંગે તેણે જણાવ્યું, “લોકો મને ટીકામાં અન્ડરરેટેડ કહે તો પણ હું તેને હકારાત્મક રીતે જ લઉં છું. જેમકે, એક વખત કોઈ શુભેચ્છકે મને કહ્યું, હું મારી કારકિર્દી પર ધ્યાન નથી આપતો. એ હું સમજું છું, વ્યાજબી પણ છે. પણ એક વખતે મને કોઈએ કહ્યું કે મારે મોટી ગાડી લેવી જોઈએ. સેકન્ડ હેન્ડ બીએમડબલ્યુ કે મર્સિડીઝ, તો થોડી ઈમેજ બને. મને ખબર છે ઈન્ડસ્ટ્રીમાં કેવી પૂર્વધારણાઓ ચાલે છે.

# વિદેશી લીગમાં રમવાથી ભારતીય ખેલાડીઓને થશે ફાયદો', રવિ શાસ્ત્રીએ નિર્ણયનું કર્યું સ્વાગત



ટીમ ઈન્ડિયાના પૂર્વ મુખ્ય કોચ રવિ શાસ્ત્રીએ ભારતીય ક્રિકેટ બોર્ડ ને વિનંતી કરી છે કે તેઓ વધુ ભારતીય ખેલાડીઓને વિદેશી T૨૦ લીગમાં રમવાની મંજૂરી આપે. તેમનું માનવું છે કે આંતરરાષ્ટ્રીય ખેલાડીઓ સાથે રમવાનો અનુભવ ભારતીય ખેલાડીઓ માટે અત્યંત ઉપયોગી સાબિત થશે અને તેમની રમતમાં પરિપક્વતા આવશે.

શાસ્ત્રીએ કહ્યું કે, જેમ IPL ભારતીય ક્રિકેટને નવી ઊંચાઈઓ સુધી પહોંચાડી છે, તેમ વિદેશી લીગમાં રમવાથી ખેલાડીઓને નવી વિચારસરણી, નવી તકનીકો અને એક અલગ માહોલમાં શીખવાની તક મળશે.

હાલમાં BCCI તેના એક્ટિવ ભારતીય ખેલાડીઓને કોઈપણ વિદેશી ૨૦ લીગમાં રમવા માટે મંજૂરી આપતું નથી. ખેલાડીઓ માત્ર ત્યારે જ વિદેશી લીગમાં ભાગ લઈ શકે છે, જો તેઓ બધા ફોર્મેટ (ટેસ્ટ, ODI, T20) માંથી નિવૃત્તિ લેતા હોય અને બોર્ડ પાસેથી NOC (નો ઓબ્જેક્શન સર્ટિફિકેટ) મેળવેલ હોય.

શાસ્ત્રીએ આ નીતિ બદલવા પર ભાર મુકતા કહ્યું કે, જ્યારે ભારતમાં પ્રતિભાની કોઈ કમી નથી, ત્યારે દરેકને રાષ્ટ્રીય ટીમ અથવા IPLમાં સ્થાન મળતું નથી. આવી સ્થિતિમાં ખેલાડીઓને વિદેશી લીગમાં રમવાની સ્વતંત્રતા આપવી એ ઘણા યુવા ખેલાડીઓના કરિયરને વેગ આપતું પગલું હોઈ શકે છે.

હાલમાં જ ભારતના અનુભવી ઑફ-સ્પિનર રવિચંદ્રન અશ્વિને ઈતિહાસ રચ્યો છે. તે બિગ બેશ લીગ (BBL) માં સામેલ થનાર પ્રથમ ટોચના ભારતીય ક્રિકેટર બન્યો છે. તેણે આગામી સીઝન માટે સિડની થંડર ફ્રેન્ચાઇઝી સાથે કરાર કર્યો છે.

શાસ્ત્રીએ આ પગલાની પ્રશંસા કરતાં કહ્યું કે, 'આવા ઉદાહરણો અન્ય ખેલાડીઓને પ્રેરણા આપશે. જો કોઈ ખેલાડી ટેસ્ટ ટીમમાં સ્થાન મેળવી શકતો નથી અથવા તેની પાસે BCCI દ્વારા છ કે ૠ કરાર નથી, તો તેને બિગ બેશ અથવા અન્ય લીગમાં રમવાથી કેમ રોકવામાં આવે?'


# વિરાટ કોહલીએ કરોડોની મિલ્કતનો પાવર ઓફ એટર્ની મોટાભાઈને આપ્યો

## ભારતીય ક્રિકેટર કાયમી રીતે લંડન શિફ્ટ થવા તૈયાર : ઓસી પ્રવાસ બાદ સીધો ઈંગ્લેન્ડ જશે

**નવી દિલ્હી,તા.૧૭**

ભારતીય ક્રિકેટર વિરાટ કોહલીએ ગુરુગ્રામની પોતાની મિલક્ત માટે પાવર ઑફ એટર્ની તેના ભાઈ વિકાસ કોહલીને ટ્રાન્સફર કરી છે. તેણે મંગળવારે ગુરુગ્રામના વઝીરાબાદ તાલુકાની મુલાકાત લીધી હતી અને વિકાસના નામે મિલકત માટે જનરલ પાવર ઑફ એટર્ની (GPA) નોંધાવી હતી.





આ સમય દરમિયાન વિરાટે મામલતદાર ઑફિસમાં હાજર કર્મચારીઓ સાથે ફોટા પડાવ્યા અને તેમની વિનંતી પર ઓટોગ્રાફ પણ આપ્યા. ત્યાર બાદ તે દિલ્હી એરપોર્ટથી સીધા ઓસ્ટ્રેલિયા પ્રવાસ માટે રવાના થયો હતો.

વિરાટ કોહલી લંડનમાં તેના પરિવાર સાથે રહે છે. તે પત્ની અનુષ્કા શર્મા અને તેમનાં બે બાળકો સાથે રહે છે. તેઓ ભારતમાં ભાગ્યે જ સમય વિતાવે છે, તેથી કોહલીએ તેની ગુરુગ્રામ મિલકતની કાનૂની જવાબદારીઓ તેના ભાઈ વિકાસને સોંપવાનો નિર્ણય લીધો છે.

મીડિયા રિપોર્ટ્સમાં દાવો કરવામાં આવ્યો છે કે, કોહલી કાયમી ધોરણે લંડન જઈ રહ્યો છે, જોકે ક્રિકેટરે ક્યારેય સત્તાવાર રીતે પોતાના શિફ્ટ થવાનો સ્વીકાર કર્યો નથી. ગુરુગ્રામના DLF સિટીમાં ઘર અને ફ્લેટ વિરાટ કોહલી ગુરુગ્રામમાં DLF સિટી ફેઝ ૧ના બ્લોક-ઈમાં એક વૈભવી ઘર ધરાવે છે.

તેણે ૨૦૨૧માં એ ખરીદ્યું હતું. તેની પાસે ગુરુગ્રામમાં એક ફ્લેટ પણ છે. બંને મિલકતોનું સંચાલન હવે તેનો ભાઈ વિકાસ કરશે. વિકાસને હવે વિરાટની મિલકતો સંબંધિત તમામ કાનૂની અને વહીવટી બાબતોનું સંચાલન કરવાનો અધિકાર આપવામાં આવ્યો છે.

વિરાટે આ પગલું એટલા માટે ભર્યું છે, કારણ કે તે હવે મોટા ભાગનો સમય ઈંગ્લેન્ડમાં વિતાવશે. ભારતમાં તેની ગેરહાજરીમાં મિલકતના મામલાઓને વ્યવસ્થિત રાખવા માટે આ વ્યવસ્થા જરૂરી હતી, તેથી તેણે તેના ભાઈને સત્તા સોંપી છે.

વિરાટ કોહલી પહેલાંથી જ ઈંગ્લેન્ડમાં સ્થાયી થઈ ગયો છે. તે તેની પત્ની અનુષ્કા શર્મા, પુત્રી વામિકા અને પુત્ર અકાય સાથે રહે છે. મીડિયા રિપોર્ટ્સ અનુસાર, તેની માતા સરોજ કોહલી પણ તેની સાથે ઈંગ્લેન્ડમાં રહેશે. અત્યારસુધી તે ગુરુગ્રામમાં વિકાસ કોહલી સાથે રહેતી હતી.

કોહલીએ લગભગ એક કલાક વિતાવ્યો, પછી ઓસ્ટ્રેલિયા જવા રવાના થયો. વિરાટ કોહલીએ ઑફિસમાં લગભગ એક કલાક વિતાવ્યો. સ્ટાફ માટે આ એક રોમાંચક ક્ષણ હતી, કારણ કે તેમને તેમના મનપસંદ ક્રિકેટરને મળવાની તક મળી. રજિસ્ટ્રેશન પ્રક્રિયા પૂરી કર્યા પછી વિરાટ સીધો દિલ્હી એરપોર્ટ ગયો, જ્યાંથી તે ઓસ્ટ્રેલિયા પ્રવાસ માટે રવાના થયો.

કોહલીની આવકનો સોર્સ અને નેટવર્થ ૨૦૨૫માં વિરાટ કોહલીની કુલ સંપત્તિ આશરે રૂા.૧,૦૫૦ કરોડ (આશરે ૧૨૫ મિલિયન) હોવાનો અંદાજ છે. આ આવક તેના ક્રિકેટ પગાર, IPL કરારો (RCB સાથે રૂા.૧૫ કરોડ/સિઝન), બ્રાન્ડ એન્ડોર્સમેન્ટ્સ (Puma, ઓમશ, MRF, વગેરેમાંથી વાર્ષિક રૂા.૮૦-૧૦૦ કરોડ), બિઝનેસ વેન્ચર્સ (Wrogn, Chisel Gyms, One8) અને રોકાણોમાંથી આવે છે. તે વિરાટ કોહલી ફાઉન્ડેશન જેવા ફાઉન્ડેશનોથી ચેરિટીમાં પણ ફાળો આપે છે, જે સ્પોર્ટ્સ સ્પોન્સરશિપ પૂરી પાડે છે.

# રવિવારે પર્થમાં પહેલી વનડેથી શરૂ થશે ત્રણ મેચની સિરીઝ

## બધાની નજર બંને ભૂતપૂર્વ ભારતીય કેપ્ટનોના પ્રદર્શન પર રહેશે : રોહિત અને કોહલીના નામે અનેક રેકોર્ડ બનશે

**નવી દિલ્હી, તા. ૧૭**

વેસ્ટ ઈન્ડીઝ સામે ટેસ્ટ શ્રેણીમાં ક્લીન સ્વીપ કર્યા પછી, ભારતીય ટીમ હવે કાંગારૂઓના ગૌરવને તોડવા માટે ઓસ્ટ્રેલિયા પહોંચી છે. આ પ્રવાસ શુભમન ગિલ માટે ODI કેપ્ટન તરીકે એક નવી શરૂઆત હશે. જોકે, આ શ્રેણીમાં બધાની નજર બે ભૂતપૂર્વ ભારતીય કેપ્ટન, રોહિત શર્મા અને વિરાટ કોહલીના પ્રદર્શન પર રહેશે.

આ બંને અનુભવી ખેલાડીઓ સાત મહિના પછી આંતરરાષ્ટ્રીય ક્રિકેટ રમશે. પહેલી મેચ રવિવારથી પર્થમાં શરૂ થશે. માર્ચમાં ચેમ્પિયન્સ ટ્રોફીમાં ટીમને વિજય અપાવ્યા બાદ આ તેમની પહેલી શ્રેણી હશે. બંને ઘણા રેકોર્ડ તોડવાનો પ્રયાસ કરશે.

એવી અટકળો છે કે, આ તેમની છેલ્લી આંતરરાષ્ટ્રીય શ્રેણી હોઈ શકે છે. જોકે, રોહિત અને વિરાટ ૨૦૨૭ના ODI વર્લ્ડ કપ સુધી રમવા માંગે છે. બંનેએ્ ૨૦ અને ટેસ્ટ ક્રિકેટને અલવિદા કહી દીધું છે. હવે તેઓ ફક્ત એક જ ફોર્મેટ, ODI રમે છે. આજકાલ ODI ક્રિકેટ ખૂબ જ ભાગ્યે જ રમાય છે. ભારતે ODI વર્લ્ડ કપ સુધી લગભગ ૨૪ ODI રમવાની છે. તે શ્રેણીમાં તેમની ભાગીદારી તે સમયે તેમના ફોર્મ અને ફિટનેસ પર નિર્ભર રહેશે.

ગુરુવારે પર્થ પહોંચતાની સાથે જ કોહલી અને રોહિતે સાથે બેટિંગનો અભ્યાસ કર્યો. ટીમે પહેલા તાલીમ સત્ર દરમિયાન નેટ્સમાં પરસેવો પાડ્યો. રોહિત અને કોહલીએ નેટ્સમાં ૩૦ મિનિટ સુધી બેટિંગ કરી. નેટ્સમાં સમય વિતાવ્યા બાદ રોહિત મુખ્ય કોચ ગૌતમ ગંભીર સાથે લાંબી વાતચીત કરતો પણ જોવા મળ્યો.

નેટ સત્ર પછી, કોહલી બોલિંગ કોચ મોર્ને મોર્કલ સાથે વાત કરતો જોવા મળ્યો. આ પછી, તેણે ઝડપી બોલર અર્શદીપ સાથે પણ વાત કરી. ટીમનું શુક્રવાર અને શનિવારે તાલીમ સત્ર છે. ટીમ બુધવાર અને ગુરુવારે બે ગ્રુપ માં પહોંચી હતી.



### હિટમેન પાસે સિક્સર કિંગ બનવાની સુવર્ણ તક

હિટમેન રોહિત પાસે વનડેમાં સૌથી વધુ છગ્ગા મારનાર ખેલાડી બનવાની તક છે. ૩૮ વર્ષીય ભારતીય ઓપનર ૨૭૩ મેચમાં ૩૪૪ છગ્ગા મારી ચૂક્યો છે. જો તે આઠ છગ્ગા મારે છે, તો તે પાકિસ્તાનના શાહિદ આફ્રિદીનો ૧૦ વર્ષ જૂનો રેકોર્ડ (૧૯૯૬-૨૦૧૫માં ૩૫૧ છગ્ગા) તોડી નાખશે. વેસ્ટ ઈન્ડિઝનો ક્રિસ ગેલ (૩૩૧) ૩૦૦ના આંકડા સુધી પહોંચનાર ત્રીજો બેટ્સમેન છે.

### રોહિત શર્મા સૌરવ ગાંગુલીને પાછળ છોડીને ત્રીજા નંબર પર પહોંચશે

રોહિત શર્મા પાસે ભારત માટે વનડેમાં ત્રીજા ક્રમે સૌથી વધુ રન બનાવનાર ખેલાડી બનવાની પણ તક છે. તેને આ સિદ્ધિ મેળવવા માટે ફક્ત ૫૪ રનની જરૂર છે. તેણે ૪૮.૭૬ ની સરેરાશથી ૧૧,૧૬૮ રન બનાવ્યા છે અને ૩૨ સદી પણ ફટકારી છે. ૫૪ રન બનાવતાની સાથે જ તે સૌરવ ગાંગુલી (૧૧,૨૨૧) ને પાછળ છોડી દેશે. ફક્ત સચિન તેંડુલકર અને કોહલી જ તેનાથી આગળ રહેશે.

### પહેલી મેચ તેની કારકિર્દીની ૫૦૦મી આંતરરાષ્ટ્રીય મેચ હશે

રવિવારે પર્થમાં ઉતરતાની સાથે જ રોહિત આ એલિટ ક્લબમાં જોડાશે. શ્રેણીની પહેલી મેચ તેની કારકિર્દીની ૫૦૦મી આંતરરાષ્ટ્રીય મેચ હશે. તે આ સિદ્ધિ મેળવનાર પાંચમો ભારતીય બનશે. તે સચિન (૬૬૪), કોહલી (૫૫૦), ધોની (૫૩૫) અને (૫૦૪) જેવા ખેલાડીઓમાં જોડાશે.

### વિરાટ કોહલી સચિનની બરાબરી કરી શકે


જો વિરાટ કોહલી ઓસ્ટ્રેલિયા સામે સદી ફટકારવામાં સફળ થાય છે, તો તે મહાન સચિન તેંડુલકર (૯) ના ઓસ્ટ્રેલિયા સામે સૌથી વધુ સદીઓના ભારતીય રેકોર્ડની બરાબરી કરશે. કોહલીએ અત્યાર સુધી ઓસ્ટ્રેલિયા સામે ૫૦ મેચોમાં ૫૪.૪૬ ની સરેરાશથી ૨૪૫૧ રન બનાવ્યા છે. જો તે બે સદી ફટકારે છે, તો તે સચિનને પાછળ છોડી દેશે.

વધુમાં, વિરાટ પાસે આ પ્રવાસ પર મર્યાદિત ઓવરના ક્રિકેટ (ODI અને T20) માં સૌથી વધુ રન બનાવનાર ખેલાડી બનવાની પણ તક છે. તેણે બંને ફોર્મેટમાં કુલ ૧૮૩૬૯ રન બનાવ્યા છે. જો તે ૬૭ રન બનાવે છે, તો તે સચિનનો રેકોર્ડ (૧૮૪૩૬) તોડી નાખશે. કોહલીએ આ સિઝનમાં સાત મેચોમાં ૪૫.૮૩ ની સરેરાશથી ૨૭૫ રન બનાવ્યા છે, જેમાં એક સદીનો સમાવેશ થાય છે.

### કુમાર સંગાકારાને પાછળ છોડી દેશે વિરાટ કોહલી

આ શ્રેણી દરમિયાન વિરાટ કોહલી વનડેમાં બીજા ક્રમે સૌથી વધુ રન બનાવનાર ખેલાડી બનશે. તેને આ સિદ્ધિ મેળવવા માટે ૫૪ રનની જરૂર છે. તેણે અત્યાર સુધીમાં ૨૯૦ મેચોમાં ૫૭.૮૮ ની સરેરાશથી ૧૪,૧૮૧ રન બનાવ્યા છે.જેમાં રેકોર્ડ ૫૧ સદીનો સમાવેશ થાય છે. તે શ્રીલંકાના કુમાર સંગાકારા (૧૪,૨૩૪) ને પાછળ છોડી દેશે. આનાથી ભારતીયો અગાઉના બે સ્થાનો પર કબજો કરી લેશે. સચિન તેંડુલકર (૧૮,૪૨૬) ટોચ પર છે. આ ત્રણ સિવાય, કોઈ પણ ૧૪,૦૦૦ ના આંકડે પહોંચ્યું નથી.

# ૪૦ વર્ષની ઉંમરે આ ખેલાડીએ રણજી ટ્રોફીમાં કર્યું શાનદાર પ્રદર્શન



રણજી ટ્રોફીની આ સિઝનમાં જમ્મુ અને કાશ્મીર ટીમનું નેતૃત્વ કરી રહેલા પારસ ડોગરાએ મુંબઈ સામેની મેચમાં શાનદાર સદી ફટકારી છે, જેના કારણે તે એક મોટી સિદ્ધિ હાંસલ કરવામાં સફળ રહ્યો છે.

રણજી ટ્રોફી ૨૦૨૪-૨૫માં જમ્મુ અને કાશ્મીર ટીમનું નેતૃત્વ કરી રહેલા ૪૦ વર્ષના પારસ ડોગરાએ શ્રીનગરના મેદાન પર રમાઈ રહેલી મેચમાં મુંબઈ સામે સદી ફટકારીને નવી સિઝનની શરૂઆત શાનદાર રીતે કરી છે.

મેચના બીજા દિવસના અંતે જમ્મુ અને કાશ્મીરે પોતાની પહેલી ઈનિંગમાં ૭ વિકેટ ગુમાવીને ૨૭૩ રન બનાવ્યા હતા, જેમાં પારસ ડોગરાએ અણનમ ૧૧૨ રન બનાવ્યા હતા.

ભારતીય ઘરેલુ ક્રિકેટની સૌથી મોટી ટુર્નામેન્ટ રણજી ટ્રોફીએ તેના ઈતિહાસમાં કેટલાક શ્રેષ્ઠ ખેલાડીઓ જોયા છે. આવું જ એક નામ પારસ ડોગરાનું છે, જે હવે ફર્સ્ટ ક્લાસ ક્રિકેટની આ સૌથી મોટી ટ્રોફીમાં સૌથી વધુ સદી ફટકારવાના સંદર્ભમાં બીજા સ્થાને પહોંચી ગયો છે.

જ્યારે પારસે મુંબઈ સામેની મેચમાં પોતાની સદી પૂરી કરી, ત્યારે તે તેના રણજી કરિયરની ૩૨મી સદી હતી, જેની સાથે તે અજય શર્માને પાછળ છોડી દેવામાં સફળ રહ્યો. રણજી ટ્રોફીના ઈતિહાસમાં સૌથી વધુ સદી ફટકારવાનો રેકોર્ડ ટીમ ઈન્ડિયાના ભૂતપૂર્વ ખેલાડી વસીમ જાફરના નામે છે, જેમને કુલ ૪૦ સદી ફટકારી છે.

રણજી ટ્રોફીમાં સૌથી વધુ રન બનાવનારા ખેલાડીઓના લિસ્ટમાં ૪૦ વર્ષના પારસ ડોગરા વસીમ જાફર પછી બીજા નંબરે છે. વસીમ જાફરે પોતાની રણજી ટ્રોફી કરિયરમાં ૧૨,૦૩૮ રન બનાવ્યા છે, જ્યારે પારસ ડોગરાએ અત્યાર સુધીમાં ૯,૫૦૦ થી વધુ રન બનાવ્યા છે. જમ્મુ અને કાશ્મીર અને મુંબઈ વચ્ચેની મેચની વાત કરીએ તો મુંબઈની પહેલી ઈનિંગ ૩૮૬ રન સુધી રહી, જેમાં સિદ્ધેશ લાડે ૧૧૬ રન અને શમ્સ મુલાનીએ ૯૧ રન બનાવ્યા હતા. જમ્મુ અને કાશ્મીર હજુ પણ મુંબઈના પહેલી ઈનિંગના સ્કોરથી ૧૧૩ રન પાછળ છે.

# અભિષેક શર્મા અને મંધાના સપ્ટેમ્બરના આઇસીસીના સર્વશ્રેષ્ઠ ક્રિકેટર



ભારતીય મેન્સ ક્રિકેટ ટીમના ઓપનર અભિષેક શર્મા અને વિમેન્સ ટીમની ઓપનર સ્મૃતિ મંધાનાને આઈસીસીના સપ્ટેમ્બર મહિનાના સર્વશ્રેષ્ઠ ક્રિકેટર જાહેર કરવામાં આવ્યા હતા. આ બંનેએ છેલ્લા એક મહિનામાં ભારત માટે શાનદાર પ્રદર્શન કર્યું હતુ.

અભિષેક શર્માને તેના એશિયા કપના પ્રદર્શન માટે તથા મંધાનાને ગયા મહિને રમાયેલી ઓસ્ટ્રેલિયન વિમેન્સ ટીમ સામેની સિરીઝમાં બે સદી ફટકારવા બદલ આ એવોર્ડ માટે પસંદ કરાયા હતા.

અભિષેકે એશિયા કપની સાત મેચમાં ૪૪.૮૫ની સરેરાશથી અને ૨૦૦+ના સ્ટ્રાઇક રેટથી બેટિંગ કરીને ૩૧૪ રન ફટકાર્યા હતા. તેને પ્લેયર ઓફ ધ ટુર્નામેન્ટ પણ જાહેર કરાયો હતો. આ ઉપરાંત અભિષેકે ટી૨૦ બેટિંગ ક્રમાંકમાં પણ સુધારો કરીને અત્યાર સુધીનું તેનું બેસ્ટ રેટિંગ પણ હાંસલ કર્યું છે. તેની સાથે એવોર્ડની રેસમાં ભારતનો સ્પિનર કુલદીપ યાદવ તથા ઝિમ્બાબ્વોના બ્રાયન બેનેટ પણ હતા પરંતુ તેણે આ બંનેને પાછળ રાખી દીધા હતા.

વિમેન્સ કેટેગરીનો એવોર્ડ જીતનારી મંધાનાએ ઓસ્ટ્રેલિયા સામે ઘરઆંગણે રમાયેલી વન-ડે સિરીઝની ત્રણ મેચમાં ૫૮, ૧૧૭ અને ૧૨૫ રનની ઈનિંગ્સ રમી હતી. ભારતની વિમેન્સ ટીમની ઉપસુકાની ૭૭ની સરેરાશથી તથા ૧૩૫ના સ્ટ્રાઇક રેટથી ૩૦૮ રન ફટકારી ચૂકી હતી. આઈસીસી વિમેન્સ વન-ડે વર્લ્ડ કપમં મંધાનાએ ઓસ્ટ્રેલિયા સામે ભારત તરફથી વન-ડેમાં સૌથી ઝડપી સદીનો રેકોર્ડ પણ નોંધાવ્યો હતો. તેણે ૫૦ બોલમાં સદી ફટકારી હતી. સાઉથ આફ્રિકાની તાઝમિન બ્રિટ્સ તથા પાકિસ્તાનની સિદરા અમીન આ એવોર્ડ માટે મંધાના સાથે રેસમાં હતી.

# એશિઝ અગાઉ ભારત સામેની સિરીઝ યોગ્ય સમયઃ માર્શ

## ભારત અત્યારે વિશ્વની સૌથી મજબૂત ટીમ છે, તેની સામેની તૈયારી કામ લાગશે

ભારત અત્યારે વિશ્વની સૌથી મજબૂત અને સર્વશ્રેષ્ઠ ક્રિકેટ ટીમ છે અને તેની સામે રમવાથી ઓસ્ટ્રેલિયન ક્રિકેટ ટીમને આગામી એશિઝ સિરીઝમાં ઘણો લાભ થઈ શકે તેમ છે. આમ ભારત અને ઓસ્ટ્રેલિયા વચ્ચેની આગામી સિરીઝ એકદમ યથાયોગ્ય સમયે રમાનારી છે તેમ ઓસ્ટ્રેલિયન ટીમના સુકાની મિચેલ માર્શે જણાવ્યું હતું.



મિચેલ માર્શે જણાવ્યું હતું કે ભારત અને ઓસ્ટ્રેલિયા વચ્ચેના મુકાબલા હવે રસપ્રદ બની ગયા છે અને તેમાં ય એશિઝ જેટલો જ રોમાંચ હોય છે ત્યારે આ સિરીઝ તૈયારી કરવા માટે અમારા માટે પ્લેટફોર્મ બની રહેશે.ભારત અને ઓસ્ટ્રેલિયા વચ્ચે ૧૯મી ઓક્ટોબરથી ત્રણ મેચની વન-ડે સિરીઝનો પ્રારંભ થશે અને ત્યાર બાદ બંને ટીમ પાંચ મેચની ટી૨૦ સિરીઝ રમશે જેમાં મિચેલ માર્શ સુકાની રહેશે. માર્શ આ તો ટી૨૦ ટીમનો સુકાની હોય છે પરંતુ વર્લ્ડ કપ વિજેતા ટીમનો કેપ્ટન પેટ કમિન્સ ઘાયલ હોવાથી તેને વન-ડે ટીમનું નેતૃત્વ પણ સોંપવામાં આવ્યું છે. માર્શે જણાવ્યું હતું કે અમે તમામ ખેલાડીઓ એશિઝ માટે સજ્જ થઈ રહ્યા છીએ. પરંતુ તેમ છતાં અમને તે અગાઉ ભારત સામે રમવાનું પસંદ આવે છે કેમ કે તાજેતરના ભૂતકાળમાં આ બે ટીમ સૌથી વધુ રોમાંચક ક્રિકેટ રમી રહી છે. આ સિરીઝ સાથે રોહિત શર્મા અને વિરાટ કોહલી જેવા ભારતના સર્વશ્રેષ્ઠ ક્રિકેટર ઈન્ટરનેશનલ ક્રિકેટમાં રમતા જોવા મળશે. બંનેએ તાજેતરમાં જ ટેસ્ટ ક્રિકેટમાંથી નિવૃત્તિ જાહેર કરી દીધી હતી તો ગયા વર્ષે ટી૨૦ વર્લ્ડ ચેમ્પિયન બન્યા બાદ તેઓ ટી૨૦માંથી પણ નિવૃત્ત થઈ ગયા હતા. આમ આ બંને ખેલાડી ઘણા સમય બાદ રમી રહ્યા છે. ફેબ્રુઆરી ૨૦૨૫ બાદ તેઓ પહેલી વાર ઈન્ટરનેશનલ ક્રિકેટમાં રમશે જેને કારણે પણ ઓક્ટોબરની આ સિરીઝ રસપ્રદ બની રહી છે.દરમિયાન પેટ કમિન્સ આ સિરીઝમાં તો રમવાનો નથી પરંતુ નવેમ્બરમાં ઈંગ્લેન્ડ સામે રમનારી એશિઝ સિરીઝની પર્થ ખાતેની પ્રથમ ટેસ્ટમાં રમવા અંગે પણ તે શંકાસ્પદ છે. ભારત અને ઓસ્ટ્રેલિયા વચ્ચે ૧૯મીએ પહેલી મેચ રમાયા બાદ ૨૩ અને ૨૫મીએ એડિલેડ અને સિડની ખાતે બીજી અને ત્રીજી વન-ડે રમાશે.



# રાજસ્થાનના ૬૫ રેલ્વે સ્ટેશનો વિવિધ સુવિધાનું લોકાર્પણ કરાયું

## વર્ચ્યુઅલ રીતે વિવિધ પ્રોજેક્ટસનું ઉદ્ઘાટન કરતા રેલ્વે મંત્રી અશ્વીની વૈષ્ણવ

સુરત, તા.૧૭

શ્રી અશ્વિની વૈષ્ણવે રાજસ્થાનના ૬૫ રેલ્વે સ્ટેશનો પર વિડીયો કોન્ફરન્સિંગ દ્વારા મુસાફરોની સુવિધા વિકાસ પ્રોજેક્ટ્સનું ઉદ્ઘાટન કર્યું. આમાં રામસર, સિવાની, લુણી, પૃથ્વીરાજપુર અને ભગત કી કોઠી જેવા સ્ટેશનોનો સમાવેશ થાય છે. આ સુધારાઓમાં આધુનિક વેઈટિંગ રૂમ, સુધારેલ લાઈટિંગ, સુધારેલ સ્વચ્છતા સુવિધાઓ, બેઠક વ્યવસ્થા, સ્પષ્ટ સાઈનબોર્ડ અને અપંગો માટે અનુકૂળ રહેઠાણનો સમાવેશ થાય છે, જે સ્ટેશનોને સુરક્ષિત, સ્વચ્છ અને વધુ મુસાફરો માટે અનુકૂળ બનાવે છે. કેન્દ્રીય મંત્રીએ જયપુર-અસારવા એક્સપ્રેસના તમામ એસી વર્ગો માટે પ્રિન્ટેડ બ્લેન્કેટ કવરની નવી સિસ્ટમ પણ લોન્ચ કરી, જે સ્વચ્છતા, એકરૂપતા અને આરામદાયક મુસાફરી અનુભવ સુનિશ્ચિત કરે છે.

આ કાર્યક્રમ દરમિયાન, માનનીય કેન્દ્રીય મંત્રીએ નોંધ્યું કે રેલ્વે ઘણા મોરચે ઝડપથી પ્રગતિ કરી રહી છે. નવા પ્રકારની ટ્રેનોની રજૂઆત, નવા સ્ટેશનોનું નિર્માણ, નવી રેલ લાઈનોનું નિર્માણ, વીજળીકરણના કાર્યો પૂર્ણ કરવા અને આધુનિક જાળવણી ડેપોનું નિર્માણ ચાલુ છે. તેમણે ભાર મૂક્યો કે રેલ્વેનો પ્રાથમિક ઉદ્દેશ્ય મુસાફરોના જીવનમાં અર્થપૂર્ણ પરિવર્તન લાવવાનો છે. કેન્દ્રીય બજેટ ૨૦૨૫-૨૬ માં રાજસ્થાનમાં રેલ્વે માળખાગત સુવિધાઓના વિકાસ માટે ?૯,૯૬૦ કરોડ ફાળવવામાં આવ્યા છે, જે ઝડપથી વિસ્તરણ અને આધુનિકીકરણ તરફ આગળ વધી રહ્યું છે. અમૃત ભારત સ્ટેશન યોજના હેઠળ, રાજયમાં ૮૫ સ્ટેશનોનો પુનર્વિકાસ કરવામાં આવી રહ્યો છે, જેમાંથી ૮ સ્ટેશનોનું ઉદ્ઘાટન આ વર્ષે કરવામાં આવ્યું છે. આજે, રાજયમાં ૧૨ વંદે ભારત સેવાઓ કાર્યરત છે, જે મુખ્ય રૂટ પર ઝડપી, સલામત અને આરામદાયક મુસાફરી પૂરી પાડે છે. આ યોજનાઓ રાજસ્થાનમાં આધુનિક, કાર્યક્ષમ અને મુસાફરો-કેન્દ્રિત માળખાગત સુવિધાઓ બનાવવા માટે રેલ્વેની પ્રતિબદ્ધતાને પ્રતિબિંબિત કરે છે.

# પોષણ અને સંભાળમાં પુરુષોની ભાગીદારી વિશે વર્કશોપ યોજાયો

## કાર્યક્રમમાં બાળ વિકાસ અધિકારીનું માર્ગદર્શન

સુરત, તા.૧૭

સુરત આઈ.સી.ડી.એસ કચેરી અને સેન્ટર ઓફ એક્સેલન્સ ઈન ન્યુટ્રિશન, પ્રોજેક્ટ તુષ્ટિ-ગાંધીનગર દ્વારા પોષણ માસ–૨૦૨૫ની ઉજવણીના ભાગરૂપે સુરત જિલ્લાના માંગરોળ તાલુકા પંચાયત ખાતે ''પોષણ અને સંભાળમાં પુરૂષોની ભાગીદારી'' વિષય પર તાલુકા સ્તરની કાર્યશાળા યોજાઈ હતી.

બાળકના સર્વાંગી વિકાસ અને પોષણસભર જીવનશૈલીમાં પુરુષોની સક્રિય ભૂમિકાનું મહત્વ ઉજાગર કરવા માટે આ કાર્યક્રમ યોજાયો હતો. જેમાં પ્રથમ એક હજાર દિવસમાં બાળ પોષણ અને સંભાળમાં પિતાની/પુરુષોની ભાગીદારી, પ્રારંભિક બાળ સંભાળ અને શિક્ષણ (ECCE), વધુ વજન/મેદસ્વિતા નિવારણ, અને સ્વસ્થ ખોરાકમાં ખાંડ—મીઠું—તેલના મર્યાદિત ઉપયોગ જેવા વિષયો પર માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં તાલુકા પંચાયતના વિવિધ વિભાગોના અધિકારીઓ અને કર્મચારીઓએ સક્રિય ભાગ લઈ પોષણને પારિવારિક જવાબદારી તરીકે સ્વીકારવાનો સંકલ્પ લીધો હતો. આ કાર્યક્રમમાં આસિ.તાલુકા વિકાસ અધિકારી, બાળ વિકાસ યોજના અધિકારી, ICDS સુરત ઝોન માંથી CoEN ના પ્રાદેશિક કો-ઓર્ડીનેટર અને ટેક્નિકલ કન્સલ્ટેંટ, તાલુકા પંચાયતની વિવિધ શાખાઓના અધિકારી/કર્મચારીઓ, તલાટીશ્રીઓ તેમજ આરોગ્ય વિભાગના MPHW ઉપસ્થિત રહ્યા હતા.

# સીઆઈડી કોર્ટમાં નોંધાયેલા ડ્રગ્સનાં કેસમાં આરોપીનો હાઈકોર્ટ જામીન મંજૂર કર્યા

## જુલાઈ ૨૦૨૪માં આરોપી મો.રેહાન અંસારી ડ્રગ્સ સામે પકડાયો હતો

(પ્રતાપ પ્રતિનિધિ) સુરત, તા.૧૭

આરોપી મોહંમદ રેહાન જમીલ એહમદ અન્સારી વિરૂધ્ધ સલાબતપુરા પોલીસ સ્ટેશન, સુરત મુકામે N.D.P.S. Actની કલમ-૮(સી), ૨૨(સી) અને ૨૯ તેમજ ભારતીય ન્યાય સંહિતાની ૧૧૧(૨)(બી), ૧૧૧(૩)(૪) મુજબ તા.૨૧/૦૭/૨૦૨૪ ના રોજ એફ.આઈ.આર. રજીસ્ટર્ડ કરવામાં આવેલ અને તેઓની ધરપકડ કરવામાં આવેલ અને તેઓની ઉપર કોમર્સીયલ કોન્ટીટીનુ ડ્રગ્સ રાખવા અને ડ્રગ્સના વેચાણ અંગેના આરોપ મુકવામાં આવેલ. તે કેસમાં આરોપી મોહંમદ રેહાન જમીલ એહમદ અન્સારીને નામદાર કોર્ટે જામીન મુકત કરવાનો હુકમ કરેલ.

આરોપી મોહંમદ રેહાન જમીલ એહમદ અન્સારીનાઓ N.D.P.S. Act, 1988 માંથી directro General Of Police, C.I.D. Crime, Gandhinagar નાઓએ તા.૧૨/૦૯/૨૦૨૫ ના રોજ Prevention of Illicit Traffic In Narcotics and Psychotropic Substances Act, 1988 હેઠળનો હુકમ કરી આરોપીને પ્રિવેન્ટીવ ડિટેન્સન હેઠળ પોરબંદર સેન્ટ્રલ જેલ મુકામે મોકલી આપવાનો હુકમ કરવામા આવેલ. તેની સામે આરોપીએ પોતાના એડવોકેટ ઝમીર શેખ મારફતે નામદાર ગુજરાત હાઈકોર્ટમાં સ્પેશીયલ ક્રિમીનલ અપીલ નંબર : ૧૪૧૮૮/૨૦૨૫ દાખલ કરેલ અને Directro General of Police, C.I.D. Crime, Gandhinagar હાઈકોર્ટની ડિવિઝન બેન્ચમાં તા.૧૬/૧૦/૨૦૨૫ ના રોજ ક્રિમીનલ અપીલની સુનાવણી થયેલ અને એડવોકેટ ઝમીર શેખ ધ્વારા દલીલો કરતા જસ્ટીસ ઈલેશ જે. વહોરા અને જસ્ટીસ પી.એમ. રાવલની ડિવિઝન બેન્ચે આરોપી મોહંમદ રેહાન જમીલ એહમદ અન્સારીને પ્રિવેન્ટીવ ડિટેન્સનમાંથી મુકત કરવાનો તેમજ Directro General of Police, C.I.D. Crime, Gandhinagar ના હુકમને રદ કરતો હુકમ ફરમાવેલ હતો.

# ન્યુ રાજકોટના છ વોર્ડમાં નવા ડિઝાઇન રોડ બનાવવા ૧૨૭ કરોડના ટેન્ડર

રાજકોટ, તા.૧૬

રાજકોટમાં નવરાત્રી બાદ ચોમાસામાં ધોવાયેલા રસ્તાના રીપેરીંગ, નવા રોડના કામ, ત્રણે ઝોનમાં એકશન પ્લાન હેઠળ રસ્તાના કામો પુરજોશમાં ચાલી રહ્યા છે ત્યારે મહાપાલિકાએ વેસ્ટ ઝોનના નવા ભળેલા વિસ્તારો સહિતના છ વોર્ડમાં ૧૨૭ કરોડના ખર્ચે નવા ડિઝાઈન રોડ બનાવવાના ટેન્ડર પ્રસિધ્ધ કર્યા છે. સરકારની ગ્રાન્ટમાંથી ટેન્ડરના નવા નિયમ હેઠળ આ મોટુ કામ એક સાથે કરવા નિર્ણય લેવાયો છે. નવા બનતા રોડમાં પહેલેથી જુદી જુદી ભુગર્ભ લાઈન માટેની જગ્યા સહિતના પ્લાનીગ ડિઝાઈન સાથે હવે કરવામાં આવે છે તે ઉલ્લેખનીય છે.

છેલ્લા ચોમાસા દરમિયાન ધોવાઈ ગયેલા રોડ રસ્તાઓનુ પેચવર્ક કામ પૂર્ણ થઈ ગયુ છે અને એકશન પ્લાન અંતર્ગત ત્રણેય ઝોનમા નવા રોડ રસ્તા બનાવવાનું ચાલુ છે. રાજ્ય સરકાર દ્વારા દર વર્ષે અપાતી ગ્રાન્ટમાંથી રસ્તાના અલગ અલગ ટેન્ડર કરવામાં આવે છે.

પરંતુ નવા નિયમ મુજબ હવે એક વર્ષમાં એક ટેન્ડર હેઠળ વેસ્ટ ઝોનના છ વોર્ડમાં રોડ પહોળા કરવા અને નવા રોડનું કામ કરવા માટે રૂા.૧૨૭.૧૪ કરોડનું ટેન્ડર પ્રસિધ્ધ કરવામાં આવ્યુ છે. જેના લીધે નવા વર્ષમા વેસ્ટ ઝોનના છેવાડાના વિસ્તારોમાં નવા રોડ બનશે.

વેસ્ટ ઝોન બાંધકામ શાખાએ કરેલી ટેન્ડર પ્રક્રિયા મુજબ વર્ષમાં રોડ રસ્તાનું ઝોન દીઠ એક ટેન્ડર નિયમ હેઠળ વોર્ડ નં.૧, ૮, ૯, ૧૦, ૧૧ અને ૧૨માં અગાઉ તૈયાર થયેલા રોડ પહોળા કરવા માટે અને મંજૂર થયેલા તેમજ નવી ટીપી અમલમાં આવ્યા બાદ પ્રાપ્ત થયેલા નવા ડામર રોડ બનાવવા માટે ટેન્ડર પ્રક્રિયા હાથ ધરવામાં આવી છે.

દર વર્ષે ચોમાસા બાદ રાજય સરકાર દ્વારા રોડ રસ્તાના કામો માટે ગ્રાન્ટ ફાળવવામાં આવે છે. જે અંતર્ગત આ વર્ષે પણ સેન્ટ્રલ વેસ્ટ અને ઈસ્ટ ઝોનના રોડ રસ્તાના કામો શરૂઆત ૧લી ઓક્ટોબરથી શરૂ કરાયા છે. જેમાં વેસ્ટઝોનના છ વોર્ડના નવા રોડ તેમજ પહોંળા રોડ કરવાના સહિતના કામોનું રૂા.૧૨૭.૧૪ કરોડનું ટેન્ડર પ્રસિધ્ધ

### રાતભર

પહેલા પાનાનું ચાલુ

ધમધમાટ હતો અને પછી યાદીમાં કેટલાક ફેરફાર થયા. ખાસ કરીને એક-બે મંત્રી જે કપાવાના હતા તેઓ 'બચી' ગયા હતા. આમ દિલ્હી-પટણાથી મળતી સૂચના મુજબ જ આખરી યાદી તૈયાર થઈ હતી અને તે આજે સવારે રાજયપાલને નવ વાગ્યે ચુંટણી થઈ હતી.બીજી તરફ મહાત્મા ગાંધી મંદિરમાં શપથવિધિના સ્ટેજ પર કેટલી ખુરશીઓ ગોઠવાઈ છે તેના આધારે પણ ભુપેન્દ્ર પટેલ સરકારમાં હવે નવા મંત્રી હશે તેની પણ ચર્ચા હતી.

### કોલ્ડ તથા

પહેલા પાનાનું ચાલુ

શકાતો નથી. FSSAI એ સ્પષ્ટતા કરી હતી કે, ઘણી કંપનીઓ તેમના ફળ-આધારિત પીણાં, એનર્જી ડ્રિંક્સ અથવા રેડી-ટુ-ડ્રિંક ઉત્પાદનોને 'ORS' તરીકે માર્કેટિંગ કરી રહી છે, ભલે તેમાં WHO ફોર્મ્યુલા મુજબ જરૂરી માત્રામાં ગ્લુકોઝ, સોડિયમ અને પોટેશિયમ ન હોય. આવા ઉત્પાદનો માત્ર ગેરમાર્ગે દોરનારા નથી પણ બીમાર અથવા ડિહાઈડ્રેશનથી પીડાતા લોકો માટે પણ હાનિકારક હોઈ શકે છે.

નિયમોનું ઉલ્લંઘન કરતી કંપનીઓ પર FSSAI એક્ટ, ૨૦૦૬ ની કલમ ૫૨ અને ૫૩ હેઠળ કાર્યવાહી કરવામાં આવશે. FSSAI એ તમામ રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોના ફૂડ સેફ્ટી કમિશનરોને તમામ ઉત્પાદનોમાંથી 'ORS' શબ્દ તાત્કાલિક દૂર કરવા અને લેબલિંગ અને જાહેરાત સંબંધિત નિયમોનો કડક અમલ કરવાનો નિર્દેશ આપ્યો છે.

આ નિર્ણય જાહેર હિતમાં અત્યંત મહત્વપૂર્ણ માનવામાં આવે છે, કારણ કે ORS એ ડિહાઈડ્રેશન અને ઝાડા જેવી પરિસ્થિતિઓમાં ડોક્ટરની સલાહ પર ઉપયોગમાં લેવાતો જીવનરક્ષક ઉપાય છે. તેથી, ORS નામથી બજારમાં ઉપલબ્ધ કોઈપણ ઉત્પાદન ખરેખર WHO ધોરણો અનુસાર હશે.

### ટ્રમ્પ પુતિન

પહેલા પાનાનું ચાલુ

ઝેલેન્સ્કી ટ્રમ્પ પાસેથી અદ્યતન શસ્ત્રોની વિનંતી કરે તેવી અપેક્ષા છે, જેમાં લાંબા અંતરની ટોમાહોક મિસાઈલોનો પણ સમાવેશ થાય છે. આ મિસાઈલો મોસ્કો અને અન્ય મુખ્ય રશિયન શહેરોને યુક્રેનિયન હુમલાની રેન્જમાં લાવી દેશે. ટ્રમ્પે સંકેત આપ્યો છે કે જો પુતિન વાટાઘાટોના ટેબલ પર નહીં આવે તો તેઓ આ શસ્ત્રોની ડિલિવરીને અધિકૃત કરી શકે છે.ટોમાહોક મિસાઈલો યુક્રેનના આંતરિક ભાગમાં લશ્કરી થાણાઓ, હવાઈ સંરક્ષણ પ્રણાલીઓ અને લોજિસ્ટિક્સ હબને નિશાન બનાવી શકે છે.આ મિસાઈલો યુક્રેનની હાલની ATACMS મિસાઈલો (૩૦૦ કિમી રેન્જ) કરતા ઘણી વધારે રેન્જ ધરાવે છે. જો કે, તેમને ચલાવવા માટે વિશિષ્ટ લોન્ચર્સ અને તાલીમની જરૂર પડે છે. યુએસ પાસે કેટલાક જૂના ટોમાહોક લોન્ચર્સ છે જેનો ઉપયોગ યુક્રેન સામે થઈ શકે છે.

### ડીએફસીના

પહેલા પાનાનું ચાલુ

ઘટાડવાનું લક્ષ્ય છે.દિલ્હીથી મુંબઈ, કોલકાતા માર્ગ પર ૧૬૦ કી.મી.ની ઝડપ: રેલવેના લક્ષ્ય મિશન રફતાર અંતર્ગત દિલ્હી-મુંબઈ, દિલ્હી-કોલકાતા (દિલ્હી-હાવડા) રેલમાર્ગો પર યાત્રી ટ્રેનોના યાત્રા સમયમાં ઘટાડો કરવાનો છે. યાત્રી ટ્રેનોની અધિકતમ ગતિ વધારીને ૧૬૦ કિલોમીટર દર કલાકનો કરવાનો છે.હાલ સુપરફાસ્ટ ટ્રેનોની સરેરાશ અધિકતમ ગતિ લગભગ ૧૩૦ કી.મી. દર કલાકની છે. દિલ્હી-મુંબઈ વચ્ચેનો યાત્રા સમય ઘટાડીને ૧૦ કલાક અને દિલ્હી-કોલકાતા વચ્ચે ૧૨ કલાકનો કરવાનું લક્ષ્ય છે.ડીએફસી પર રોજ સરેરાશ ૩૯૧ માલગાડીઓ ચલાવાઈ: ડીએફસી પર માલગાડીઓની સરેરાશ ગતિ લગભગ ૨૫ કી.મી. દર કલાકથી વધારીને ૭૦-૮૦ કી.મી. દર કલાક કરવામાં આવી છે. કેટલાક સેકશન પર તે ૯૯ કી.મી. દર કલાક રહી.

માલગાડીઓ માટે સમર્પિત ટ્રેક બનવાથી તે લાંબા, ભારે અને ડબલ-સ્ટેકડ કન્ટેનર ટ્રેનોનું સંચાલન કરી શકે છે. જેથી માલનું પરિવહન ઓછા સમયમાં અને ઓછા ખર્ચે થયું છે. જાન્યુઆરી ૨૦૨૫માં બન્ને કોરિડોર પર દરરોજ સરેરાશ ૩૯૧ માલગાડીઓ ચલાવવામાં આવી.

### બિહારની

પહેલા પાનાનું ચાલુ

મતદાન ૬ નવેમ્બરે થશે. આજે નામાંકન દાખલ કરવાનો છેલ્લો દિવસ છે. જોકે, મહાગઠબંધનમાં બેઠકોની વહેંચણીનો ફોર્મ્યુલા હજુ સુધી નક્કી થયો નથી. કોંગ્રેસે ગુરુવારે મોડી રાત્રે ૪૮ બેઠકો માટે પોતાના ઉમેદવારોની જાહેરાત કરી.

આરજેડીએ હજુ સુધી એક પણ યાદી જાહેર કરી નથી. ઘણા ઉમેદવારોને કોઈ ઔપચારિક જાહેરાત વિના ચૂંટણી પ્રતીકો મળ્યા છે. વિકાસશીલ ઈન્સાન પાર્ટી (VIP) ™ા વડા મુકેશ સાહની, જે હાલમાં મહાગઠબંધનથી નારાજ છે, તેમણે ગુરુવારે મોડી રાત્રે રાહુલ ગાંધીને એક પત્ર લખીને જણાવ્યું હતું કે તેમને વચન આપેલી બેઠકો મળી નથી.

કેન્દ્રીય મંત્રી અને ૐછ૨ પાર્ટીના સ્થાપક જીતન રામ માંઝીએ ગૃહમંત્રી અમિત શાહના નિવેદનના જવાબમાં કહ્યું, "અમિત શાહ દ્વછ૭ના મુખ્ય નેતાઓમાંના એક છે. તેઓ જે કંઈ કહે તે સત્તાવાર માનવામાં આવશે, પરંતુ મારું માનવું છે કે મુખ્યમંત્રીનું નામ ચૂંટણી પહેલા નક્કી થઈ જવું જોઈએ."

### મુકેશ

પહેલા પાનાનું ચાલુ

વધારો થયો છે. વિશ્વના ટોચના ૧૦ ધનિકોમાંથી નવ લોકો અમેરિકાના છે.એલોન મસ્ક ૪૪૮ અબજ ડોલરની સંપત્તિ સાથે વિશ્વના સૌથી ધનિક લોકોની યાદીમાં ટોચ પર છે. એલિસન ૩૭૨ અબજ ડોલર સાથે બીજા ક્રમે છે. ફેસબુકના સ્થાપક માર્ક ઝુકરબર્ગ ૨૫૧ અબજ ડોલર સાથે ત્રીજા ક્રમે, એમેઝોનના સ્થાપક જેફ બેઝોસ ૨૩૮ અબજ ડોલર સાથે ચોથા ક્રમે અને લેરી પેજ ૨૨૦અબજ ડોલર સાથે પાંચમા ક્રમે છે.તેમના પછી સેર્ગેઈ બ્રિન (૨૦૬ અબજ ડોલર), બર્નાર્ડ આર્નોલ્ટ (૧૯૪ અબજ ડોલર), સ્ટીવ બાલ્મર (૧૭૬ અબજ ડોલર), જેન્સન હુઆંગ (૧૫૮ અબજ ડોલર) અને માઈકલ ડેલનો ( $૧૫૭ અરબ) ક્રમ આવે છે.

### ભારતીય

પહેલા પાનાનું ચાલુ

છે.ઉલ્લેખનીય છે કે, તાજેતરમાં ટ્રમ્પે એચવનબી વિઝાની વાર્ષિક ફીને લઈને એક કાર્યકારી આદેશ પર હસ્તાક્ષર કર્યા હતા. આ નવા આદેશ મુજબ એચવનબી વીઝાની ફી એક લાખ ડોલર (લગભગ ૮૮ લાખ રૂપિયા) કરી દેવામાં આવી છે. ટ્રમ્પના આ નિર્ણયથી અમેરિકામાં કામ કરનાર ભારતીય પ્રોફેશનલ્સને મોટી અસર પડી શકે છે.

ઉલ્લેખનીય છે કે એચવનબી વિઝા પર મોટી સંખ્યામાં ભારતીયો અમેરિકામાં કાર્યરત છે. ટ્રમ્પ પ્રશાસનનું કહેવું છે કે એક લાખ ડોલરનો ચાર્જ નવી અરજીઓ માટે નિયુક્તિ કરનારાઓ પાસેથી લેવામાં આવશે. ચાર્જ સિંગલ રકમ પેમેન્ટ છે, નહી કે વાર્ષિક ચાર્જ.

### એનએસઈમાં

પેજ-૨ પાનાનું ચાલુ

બનાવ્યા છે. સુરત મહાનગરપાલિકાના ગ્રીન બોન્ડનું ૮ ગણું સબસ્ક્રિપ્શન દર્શાવે છે કે રોકાણકારોએ ગ્રીન બોન્ડમાં રોકાણમાં અસાધારણ ઉત્સાહ બતાવ્યો છે. સુરત મહાનગરપાલિકાના દીર્ઘદ્રષ્ટિયુક્ત આયોજન સુરતનો વિકાસ વધુ તેજ બનશે.

વર્ષ ૨૦૭૦ સુધીમાં વડાપ્રધાનશ્રીના નેટ ઝીરો કાર્બન ફૂટપ્રિન્ટના લક્ષ્યને હાંસલ કરવાની દિશામાં રાજ્ય સરકારે ગ્રીન ગ્રોથ અને ગ્રીન મોબિલિટી પર વિશેષ ભાર મૂક્યો હોવાનું જણાવી મુખ્યમંત્રીશ્રીએ કહ્યું કે, વડાપ્રધાનશ્રીના નેતૃત્વમાં ભારતે ઈકોલોજી અને ઈકોનોમી વચ્ચે ઉમદા સંતુલન જાળવ્યું છે. ભારતના G20 અધ્યક્ષપદ હેઠળ 'વન અર્થ, વન, ફેમિલી, વન ફ્યુચર' ના સંદેશ સાથે સભ્ય દેશોએ પણ વડાપ્રધાનશ્રીના સસ્ટેનેબલ ડેવલપમેન્ટ અને ગ્રીન ગ્રોથને પ્રાધાન્ય આપ્યું છે.મુખ્યમંત્રીશ્રી એ ઉમેર્યું કે, વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીએ ૨૦૪૭ સુધીમાં વિકસિત ભારતના નિર્માણનો સંકલ્પ કર્યો છે. આ સંકલ્પ પૂરો કરવા માટે ગુજરાતે 'વિકસિત ગુજરાત જ ૨૦૪૭' ના રોડમેપ સહિત અનેકવિધ વિકાસલક્ષી આયામો શરૂ કર્યા છે. વડાપ્રધાનશ્રી હંમેશા જનભાગીદારીના અગ્રાહી રહ્યા છે. 'સરકારી પદ્ધતિને અસરકારી બનાવવી' એવા ધ્યેય સાથે રાજ્ય અને કેન્દ્ર સરકારના જનહિતલક્ષી પ્રયાસો રહ્યા છે. સુરત શહેર અને મહાનગરપાલિકા સ્વચ્છતા અને ગ્રીન મોબિલિટી ક્ષેત્રે દેશભરમાં આદર્શ બન્યા છે એમ જણાવી મુખ્યમંત્રીશ્રીએ સુરત મનપાના તંત્રવાહકોને અભિનંદન પાઠવ્યા હતા. આ સંદર્ભે તેમણે વધુમાં કહ્યું કે, દેશમાં સૌપ્રથમ વાર ઈન્ટરનેશનલ ગ્રીન સર્ટીફીકેશન સાથે મ્યુનિસિપલ ગ્રીન બોન્ડ પબ્લિક ઈસ્યુથી બહાર પાડવામાં આવ્યા છે, ત્યારે સુરત મનપાના 'મ્યુનિસિપલ ગ્રીન બોન્ડ ઈસ્યુ'માં વૈશ્વિક રોકાણકારો થકી આંતરરાષ્ટ્રીય રૂચિ વધી છે. મનપાએ વિકાસના ઉત્તમ આયોજન સાથે જનભાગીદારીને જોડી છે. ગ્રીન પીપલ્સ ફાયનાન્સિંગ એ ગ્રીન ગ્રોથનું ઉત્તમ ઉદાહરણ બનશે એમ જણાવતા આ પહેલ શહેર માટે ન માત્ર નાણાકીય રીતે ફાયદાકારક સાબિત થશે, પરંતુ પર્યાવરણીય સ્તર પર પણ સકારાત્મક અસર કરશે. સુરત મહાનગરપાલિકાની આ આ યોજના હવે અન્ય શહેરો માટે પણ પ્રેરણાદાયી બનશે એવો વિશ્વાસ તેમણે વ્યકત કર્યો હતો.

આ કાર્યક્રમમાં ભારત સરકારના સુજીતસિંહ, અગ્રણી શ્રી એન.કે.મહેતા, મુખ્યમંત્રીશ્રીના અગ્ર સચિવશ્રી વિક્રાંત પાંડે, માન.મેયરશ્રી દક્ષેશ કિશોરભાઈ માવાણી, માન. ડે. મેયર ડૉ. નરેન્દ્ર પાટીલ, માન. સ્થાયી સમિતિ અધ્યક્ષ શ્રી રાજન પટેલ, માન. કમિશનર શ્રીમતી શાલિની અગ્રવાલ, માન.નેતા શાસકપક્ષ શ્રીમતી શશીબેન ત્રીપાઠી, સહિત સુરત મહાનગર પાલિકાના અધિકારીઓ, કર્મચારીઓ મિડીયાના મિત્રો તથા અન્ય મહાનેભવો ઉપસ્થિત રહયા હતા.

### ઠેર-ઠેર જીમ

પેજ-૨ પાનાનું ચાલુ

મન્શાલીએ કાર્યક્રમની રૂપરેખા આપી હતી. કમિટી સભ્ય શ્રી જયેશ પટેલે વક્તાનો પરિચય આપ્યો હતો. કમિટી સભ્ય શ્રી ચિરાગ ગજ્જરે વૈદિક પરંપરા અનુસાર ઓમકાર મંત્રના પઠન સાથે સેશનનું સંચાલન કર્યું હતું. સેશનમાં સુશ્રી રેખાબેન પટેલ અને ચેમ્બરના સભ્યો ઉપસ્થિત રહ્યા હતા.

### બાંદ્રા જોધપુર

પેજ-૨ પાનાનું ચાલુ

ટાયર, સ્લીપર ક્લાસ અને જનરલ સેકન્ડ ક્લાસ કોચ હશે. ટ્રેન નંબર ૦૪૮૨૬ માટે બુકિંગ ૧૮ ઓક્ટોબર, ૨૦૨૫ થી બધા પીઆરએસ કાઉન્ટર અને આઈઆરસીટીસી વેબસાઈટ પર શરૂ થશે. ટ્રેનના સ્ટોપેજ, રચના અને સમય વિશે વિગતવાર માહિતી માટે, મુસાફરો કૃપા કરીને www.enquiry.indianrail.gov.in ની મુલાકાત લઈ શકે છે.

### સ્વદેશી મેળામાં

પેજ-૨ પાનાનું ચાલુ

વિશ્વાસ પણ ઘટી રહ્યો છે. આવી ઘટનાઓ પાલિકાના વહીવટમાં પારદર્શિતા અને જવાબદારીના અભાવને ઉજાગર કરે છે. જાહેર જનતા તરફથી માંગ કરવામાં આવે છે કે પાલિકા આ બાબતે તાત્કાલિક તપાસ કરે અને જવાબદાર અધિકારીઓ સામે કાર્યવાહી કરે.

### વર્ણવ્યવસ્થા

પેજ-૨ પાનાનું ચાલુ

વર્ણવ્યવસ્થા તેનો પડકાર છે. દેશમાંથી વર્ણવ્યવસ્થા દુર થશે, ત્યારે જ સુદ્રઢરાષ્ટ્રનું નિર્માણ થશે. નાત-જાતના ભેદભાવ તથા સંપ્રદાયના વાડા રાષ્ટ્રની એકતા અને પ્રગતિની તાકાતને રોકે છે. ધાર્મિક પરિવર્તનમાં વર્ણવ્યવસ્થા ખુબ મોટું પરિબળ છે. માનસિક સુખ અને શાંતિ કટ્ટરતા ઓછી કરવાથી આવી શકે તેમ છે. આપણે રાષ્ટ્ર દેવો ભવ: કહીએ છીએ. તો આપણે રાષ્ટ્રની ઉપાસના કરવી જોઈએ. જેણે રાષ્ટ્ર માટે કંઈક કર્યું છે. તેનેજ જનતા આજે યાદ કરે છે. તેમણે વધુમાં જણાવ્યું હતુંકે, શ્રમજીવીથી માંડીને વડાપ્રધાન સુધી દરેકે રાષ્ટ્રદેવો ભવની ભાવના રાખે તો રાષ્ટ્રનો વિકાસ થાય. કાર્યક્રમમાં ઉપસ્થિત સર્વોએ નાગરિક તરીકે પ્રતિજ્ઞાપત્રનું વાંચન કરી જાગૃતિ નાગરિક બનવા સંકલ્પ લીધો હતો.

### સુરતમાં

પેજ-૨ પાનાનું ચાલુ

૨૦૨૫ ના રોજ ગોપીન વાચનાલય વિધાર્થીઓ માટે ખુલ્લુ મુકાયું છે. ગોપીન વાચનાલયના નામકરણ દાતા લવજીભાઈ બાદશાહની ઉપસ્થિતિમાં ગોપીન વાચનાલય ખુલ્લું મુકાયું છે. દિવાળી પછી તમામ સેવાઓ નિયમિત કાર્યરત થશે.

**યુવા પ્રતિભા હાર્દિક કોઠીયાનું સન્માન કરાયું**

ખુબ જ નાનીવયે રાષ્ટ્રના ટોપ ૫૦ યુવા પ્રતિભામાં સ્થાન પામનાર રેયઝોન સોલારના હાર્દિકભાઈ કોઠીયાનું સૌરાષ્ટ્ર પટેલ સેવા સમાજની યુવાટીમે ખાસ અભિવાદન કર્યું હતું. રેયઝોન સોલર કંપની કરોડોની નેટવર્થ સાથે અગ્રસ્થાને પહોંચી છે. તે બદલ નાની ઉંમરે સફળતા મેળવનાર ચિરાગ નાકરાણી અને હાર્દિક કોઠીયાને શ્રી સૌરાષ્ટ્ર પટેલ સેવા સમાજ સુરત તરફથી સગૌરવ શુભેચ્છા પાઠવી છે. આ પ્રસંગે સવજીભાઈ વેકરીયા, ધીરુભાઈ માલવિયા, હરિભાઈ કથીરિયા, મનહરભાઈ સાસપરા, અરવિંદભાઈ ધડુક, ભવાનભાઈ નવાપરા અને કાંતિભાઈ ભંડેરી સહીત ટ્રસ્ટીશ્રીઓ ઉપસ્થિત રહ્યા હતા. ગત ગુરૂવારનો વિચાર હાર્દિક ચાંચડે રજુ કર્યો હતો. વ્યવસ્થા અંકિત સુરાણી, કાળુભાઈ શેલડીયા અને અશ્વિનભાઈ વાગડીયાએ કરી હતી. સમગ્ર કાર્યક્રમનું સંકલન ભાવેશભાઈ રફાળીયાએ કર્યું હતું.

### તમારી મૂડી

પેજ-૨ પાનાનું ચાલુ

કરવામાં આવ્યું હતું લીડ બેંક મેનેજર શ્રી અનૂપ જ્યોતિષી એ જણાવ્યું કે આ કાર્યક્રમ "તમારી મૂડી, તમારો અધિકાર" અભિયાનનો ભાગ છે, જે માનનીય નાણાં મંત્રી શ્રીમતી નિર્મલા સીતારામન દ્વારા ૪ ઓક્ટોબર ૨૦૨૫ ના રોજ ગાંધીનગર, ગુજરાત માં લોન્ચ કરવામાં આવ્યું હતું.

### પ્રાકૃતિક

પેજ-૨ પાનાનું ચાલુ

ભેજનું પ્રમાણ જાળવી શકાય છે સાથે સૂક્ષ્મ સજીવો માટે ઉત્તમ વાતાવરણ તૈયાર કરી શકાય છે અને નીંદણનું પણ નિયંત્રણ થઈ જાય છે.

મલ્ચિંગ પદ્ધતિને પરિણામે અન્ય રીતેની સરખામણીમાં વધુ ઉત્પાદન મળી રહે છે. ગ્રામ્ય કે શહેરી વિસ્તારોમાં આ મલ્ચિંગ પદ્ધતિ જુના ઢબની પદ્ધતિને નવારૂપમાં અપનાવીને અનેક લાભો મેળવી શકાય તેમ છે. વહેલુ અને વધુ ઉત્પાદન, જીવાતોથી મૂક્તિ જેવા અનેક ફાયદાઓની સાથે અપનાવતી આ મલ્ચિંગ પદ્ધતિ મોંઘવારીના યુગમાં ખેડૂતો માટે ખુબ જ ફાયદાકારક સાબિત થઈ રહી છે. વેલાવાળા શાકભાજી કે મરચા, રગિણ જેવા પાકોમાં સફળ રહેલી આ મલ્ચિંગ પદ્ધતિ ધીરેધીરે ખેડૂત આલમમાં સફળતાનો પગપેસારો કરી રહ્યાં છે.

છેલ્લા પાનાનું ચાલુ

### ભાગીદાર

કોર્ટે તમામ પુરાવાઓ ધ્યાને લેતાં ફરીયાદી પોતાનો કેસ પોતાના પુરાવાથી સાબિત કરી શકેલ ન હોય અને પોતાનો કેસ સાબિત કરવામાં ફરીયાદી સફળ થયેલ ન હોય જેથી તેનો લાભ હંમેશા આરોપીને મળવો જોઈએ અને ફરીયાદપક્ષનો સમગ્ર પુરાવો વંચાણે લેતાં આરોપીઓને સાંકળી શકાય, તેવો પુરાવો રજુ કરવામાં ફરીયાદપક્ષ સદંતર નિષ્ફળ ગયેલ હોય જે સંજોગો ધ્યાને લઈ કોર્ટે આરોપીઓને નિર્દોષ ઠરાવી છોડી મુકવાનો હુક્મ કરવામા આવ્યો હતો. નારાયણ દેવજી ડાવરા તથા રવજી કરમશી સુતરીયા તર્ફે બચાવ અંગેની કામગીરી સિનિયર વકીલ કલ્પેશ એસ. દેસાઈએ કરી હતી. આ કેસમાં વકીલ રાકેશ એ. મૈસુરીયા તથા વકીલ નિસર્ગ બી. દેસાઈ પણ હાજર રહ્યા હતા.

# ભાવનગર-ઓખા ટ્રેનમાં એસી કોચની સુવિધા

રાજકોટ, તા.૧૭

મુસાફરોની સુવિધાને ધ્યાનમાં રાખીને રેલ પ્રશાસન દ્વારા ઓખા-ભાવનગર અને ભાવનગર-ઓખા એક્સપ્રેસ ટ્રેનોમાં કામચલાઉ ધોરણે એક થર્ડ એસી (તૃતીય વાતાનુકૂલિત) કોચની સુવિધા છ મહિના માટે પૂરી પાડવામાં આવી હતી. મુસાફરોની સુવિધાને ધ્યાનમાં રાખીને આ વાતાનુકૂલિત કોચની સુવિધાને નીચે મુજબ લંબાવવામાં આવી છે. ટ્રેન સંખ્યા ૧૯૨૧૦ ઓખા-ભાવનગર એક્સપ્રેસ - આ ટ્રેનમાં એક વધારાનો થર્ડ એસી કોચ, જેને અગાઉ ૦૩ ડિસેમ્બર ૨૦૨૫ સુધી લગાવવા માટે મંજૂરી આપવામાં આવી હતી, હવે તેની અવધિ વધારીને ૩૧ જાન્યુઆરી ૨૦૨૬ સુધીની કરવામાં આવી છે.ટ્રેન સંખ્યા ૧૯૨૦૯ ભાવનગર-ઓખા એક્સપ્રેસ - આ ટ્રેનમાં એક વધારાનો થર્ડ એસી કોચ, જેને અગાઉ ૦૨ ડિસેમ્બર ૨૦૨૫ સુધી લગાવવા માટે મંજૂરી આપવામાં આવી હતી, હવે તેની અવધિ વધારીને ૩૦ જાન્યુઆરી ૨૦૨૬ સુધીની કરવામાં આવી છે.

આ સુવિધાના વિસ્તરણથી મુસાફરોને વધુ આરામદાયક મુસાફરીનો લાભ મળશે. ટ્રેનના સ્ટોપેજ, સંરચના અને સમયપત્રક સંબંધિત વિગતવાર માહિતી માટે મુસાફરો કૃપા કરીને ભારતીય રેલવેની વેબસાઈટ પર જઈને જોઈ શકે છે.

# પોરબંદર-કાનાલુસ લોકલ ટ્રેનો ૩૦મી સુધી રદ

રાજકોટ, તા.૧૭

રાજકોટ ડિવિઝનના લાખાબાવળ-પીપળી-કાનાલુસ સેક્શનમાં ચાલી રહેલા ડબલિંગ કાર્યને કારણે ૧૬ ઓક્ટોબરથી લઈને ૩૦ નવેમ્બર, ૨૦૨૫ સુધી કાનાલુસ-પોરબંદર અને પોરબંદર-કાનાલુસ લોકલ ટ્રેનો આંશિક રીતે રદ રહેશે.

આંશિક રીતે રદ કરાયેલી ટ્રેનો ૧) ટ્રેન સંખ્યા ૫૯૨૦૬ પોરબંદર-કાનાલુસ લોકલ આ ટ્રેન હવે ૧૬ ઓક્ટોબરથી લઈને ૩૦ નવેમ્બર ૨૦૨૫ સુધી પોરબંદરથી ઉપડીને ગોપજામ સુધી જ ચાલશે તથા ગોપજામ-કાનાલુસ ખંડ વચ્ચે આંશિક રીતે રદ રહેશે. ૨) ટ્રેન સંખ્યા ૫૯૨૦૫ કાનાલુસ-પોરબંદર લોકલ આ ટ્રેન હવે ૧૬ ઓક્ટોબરથી લઈને ૩૦ નવેમ્બર ૨૦૨૫ સુધી કાનાલુસને બદલે ગોપજામ સ્ટેશનથી ચાલશે અને કાનાલુસ-ગોપજામ ખંડ વચ્ચે આંશિક રીતે રદ રહેશે.

રેલવે તંત્ર મુસાફરોને વિનંતી કરે છે કે તેઓ ઉપરોક્ત ફેરફારોને ધ્યાનમાં રાખીને પોતાની મુસાફરીનું આયોજન કરે. ટ્રેનોના સંચાલન સંબંધિત નવીનતમ માહિતી માટે મુસાફરો વેબસાઈટ ઇં.િહૈિૈ.હૌૈદ્બહટ્ઠૈઙ્મ.ર્જૈદૃ.હ પર અવલોકન કરે, જેથી કોઈ પણ પ્રકારની અસુવિધા ન થાય.

# ગુજરાત હાઈકોર્ટમાં ચેરિટી કમિશનર સંબંધિત અરજી પાછી ખેંચવાની મંજૂરી, અરજદારો પર રૂા. ૧ લાખનો દંડ

અમદાવાદ,તા.૧૭

ગુજરાત હાઈકોર્ટના ન્યાયમૂર્તિ નીખિલ એસ. કારિયેલની એક ખંડપીઠે ભાવનગરની ચેરિટી કમિશનરની કચેરીમાં પ્રેક્ટીસ કરતા ૭૦ વર્ષીટ એડવોકેટ અને અન્ય વિરુદ્ધ રાજય સરકાર કેસમાં મહત્વપૂર્ણ આદેશ આપ્યો છે.

કોર્ટે અરજદારોને ચેરિટી કમિશનરની કચેરીના પ્રિસાઈડીંગ ઓફિસરો વિરુધ્ધ આક્ષેપો કરીને તેમની સામે કાર્યવાહી કરવાની અરજી શરતી રીતે પાછી ખેંચવાની મંજૂરી આપી હતી પરંતુ તેમની વિરુદ્ધ કડક શબ્દોમાં ટિપ્પણીઓ કરી છે અને બન્નેને રૂા.૧-૧ લાખનો દંડ ફટકાર્યો છે.

આ અરજીમાં અરજદારો દ્વારા ચેરિટી કમિશનના અધિકારીઓ વિરુદ્ધ વિવિધ આક્ષેપો કરવામાં આવ્યા હતા. પરંતુ કોર્ટે નિરિક્ષણ કર્યું કે આ અરજી અધિકારીઓને દબાણ હેઠળ લાવવાનો પ્રયાસ હોવાનું જણાય છે અને અરજદારોની કોઈ વ્યક્તિગત અથવા કાનૂની ફરિયાદ ન હોવા છતાં અરજી દાખલ કરવામાં આવી હતી.

ન્યાયાલયે નોંધ્યું કે, અરજદાર નંબર ૧ એક વકીલ છે, જેઓને ૩૦ વર્ષનો અનુભવ છે અને તેઓ આશરે ૭૦ વર્ષના છે. અરજદાર નંબર ૩ ટ્રસ્ટી છે. બંનેએ અદાલતને વિનંતી કરી કે અરજી બનિશરતી રીતે પાછી ખેંચવાની મંજૂરી આપવામાં આવે.

અદાલતે કહ્યું કે, અરજદારો દ્વારા દાખલ અરજી કોર્ટના કિંમતી સમયનો દુરુપયોગ છે અને ક્વાઝી ન્યાયિક અધિકારીઓની કાર્યપદ્ધતિ પર અનાવશ્યક રીતે સવાલ ઉઠાવવામાં આવ્યા છે.

તેના આધારે, હાઈકોર્ટે નીચેના આદેશો આપ્યા હતા કે, અરજદારોને અરજી પાછી ખેંચવાની મંજૂરી આપવામાં આવે છે પરંતુ અરજદાર નં. ૧ અને ૩ પર રૂા.૧,૦૦,૦૦૦ (એક લાખ) દંડ ફટકારવામાં આવ્યો છે, જે ચાર અઠવાડિયામાં હાઈકોર્ટ લીગલ સર્વિસીસ ઓથોરિટી પાસે જમા કરાવવાનો રહેશે.

બંને અરજદારોને ચાર અઠવાડિયામાં અદાલતમાં શપથપત્ર આપવાનો રહેશે કે તેઓ ભવિષ્યમાં આવો પ્રકારની અરજી અથવા આક્ષેપો સંબંધિત કોઈ ફરિયાદ દાખલ નહીં કરે. ભવિષ્યમાં જો તેઓ કોઈ નવી અરજી કે કાનૂની કાર્યવાહી કરશે.જેમાં ન્યાયિક અધિકારીઓ વિરુદ્ધ આક્ષેપો હશે, તો આ આજનો આદેશ તેની સાથે જોડવો ફરજિયાત રહેશે. કેસની આગામી સુનાવણી ૧૪ નવેમ્બર, ૨૦૨૫ના રોજ કોર્ટમાં રાખવામાં આવી છે જેથી દંડ અને એફિડેવીટ તેઓ દ્વારા રજૂ કરાઈ હતી તેનું પાન કરવામાં આવ્યુ છે તેની જાણકારી આપવાની રહેશે.

Pratap Darpan, Daily, Editor : Pravinbhai Ratnabhai Gohil. OWNER:-IMAGE PUBLICATION Printer and Publisher Rajesh Balubhai Patel "Printed at IMAGE PRINTERS, 20, 21 Bhidbhanjan Society, Bamroli Rord, Udhna, Surat-394210 . Published From: Pratap Darpan Karayalay, S-6, K.S.B Olympia, Near Kailash Chowkdi , Pandesara, Surat - 394221 , Gujarat-India : Founder Late Mrs. Kantaben Babubhai Rayka

સાંધ્ય દૈનિક
પ્રતાપ દર્પણ
શુક્રવાર, તા.૧૭ ઓક્ટોબર ૨૦૨૫ E-mail : pratap_darpan@yahoo.co.in મો.નં.: ૯૮૨૫૫ ૩૨૫૦૫

# હર્ષ સંઘવી ડેપ્યુટી મુખ્યમંત્રી બનતા સુરતમાં ઠેર-ઠેર ઉત્સવ

## શપથવિધિ સમારંભ સાથે જ સુરતમાં દિવાળી પૂર્વે દિવાળી જેવી ઉજવણી



(પ્રતાપ પ્રતિનિધિ) સુરત, તા.૧૭

ગુજરાતની ભાજપ સરકારના પુનઃગઠન અને વિસ્તરણમાં આજરોજ યોજાયેલા સપથ વિધિ સમારંભમાં સુરતના ધારાસભ્ય તથા પૂર્વ રાજ્યગૃહ મંત્રી હર્ષ સંઘવીએ નાયબ મુખ્ય મંત્રી તરીકે શપથ ગ્રહણ કરતા સુરતમાં પ્રકાશ પર્વ દિવાળીના તહેવાર પૂર્વે દિવાળીના તહેવાર જેવા ઉત્સવ મનાવાયો હતો. સુરતના ધારાસભ્ય હર્ષ સંઘવીની હાઈકમાન્ડ દ્વારા ઉપપ્રમુખ મંત્રી તરીકે પસંદગી કરાતા ભાજપના કાર્યકરો અગ્રણીઓ તથા સમર્થકોમાં હર્ષની લાગણી વ્યાપી ગઈ હતી.

શપથ વિધિ સમારંભમાં હર્ષ સંઘવીએ નાયબ મુખ્યમંત્રી તરીકે શપથ ગ્રહણ કરતા સુરતમાં ઠેર-ઠેર ઢોલનગારા તથા ફટાકડા ફોડી ભારે ઉત્સાહ સાથે હર્ષ સંઘવીની સરકારમાં ઉચ્ચ હોદ્દા પર વરણીને આવકારવામાં આવી હતી. નવા મંત્રીમંડળની શપથવિધિ સંપન્ન, સંઘવી સૌથી યુવા ઢઅઝસઃકેબિનેટમાં એક પણ મહિલા નથી; વાઘાણી, મોઢવાડિયા, રીવાબા સહિતના મંત્રીઓએ હાથમાં ભગવદ્ ગીતા લઈને શપથ લીધા ગુજરાતના નવા મંત્રીમંડળની શપથવિધિ સંપન્ન થઈ ગઈ છે. રાજ્યપાલ આચાર્ય દેવવ્રત તમામ મંત્રીઓને શપથ લેવડાવ્યા હતા. હર્ષ સંઘવીએ સૌથી પહેલા શપથ લીધા હતા. તેમને DYCM બનાવાયા છે. ત્યારબાદ જીતુ વાઘાણી, નરેશ પટેલ, અર્જુન મોઢવાડિયા, પ્રદ્યુમન વાજા અને રમણ સોલંકીએ કેબિનેટ મંત્રી તરીકે શપથ લીધા હતા. ઈશ્વરસિંહ પટેલ, પ્રફુલ પાનસેરિયા, ડો. મનીષા વકીલે રાજ્યકક્ષાના મંત્રી (સ્વતંત્ર હવાલો) તરીકે શપશ લીધા હતા.

કાંતિ અમૃતિયા, રમેશ કટારા, દર્શનાબેન વાઘેલા, કૌશિક વેકરીયા, પ્રવીણ માળી, જયરામ ગામીત, ત્રિકમ છાગા, સંજય મહીડા, કમલેશ પટેલ, પી.સી.બરંડા, સ્વરૂપજી ઠાકોર, રીવાબા જાડેજાએ રાજ્યકક્ષાના મંત્રી તરીકે શપથ લીધા હતા. નવા મંત્રીઓ હાથમાં ભગવદ્ ગીતા લઈને શપથ લીધા હતા. ઉલ્લેખનીય છે કે કેબિનેટમાં એક પણ મહિલા મંત્રી નથી. સાથે જ ઋષિકેશ પટેલ, કનુ દેસાઈ, કુંવરજી બાવળિયાએ રાજીનામું ન આપ્યું હોવાથી શપથ લીધી નહોતી.

નવા મંત્રીમંડળમાં CM ભૂપેન્દ્ર પટેલ સહિત ૨૬ મંત્રીઓ બનાવાયા છે. નવા મંત્રીમંડળમાં CM સહિત ૭ પાટીદાર, ૮ OBC, ૩ SC અને ૪ STનો સમાવેશ થાય છે. જેમાં ૩ મહિલા છે.

રિપીટ કરાયેલા મંત્રીઓને ખુદ મુખ્યમંત્રીએ ફોન કરીને જાણ કરી હતી અને કહ્યું હતું કે આપણે સાથે છીએ તમારે શપથ લેવાના છે. તો નવા મંત્રીઓને ગુજરાત ભાજપ પ્રદેશ પ્રમુખ જગદીશ વિશ્વકર્માએ ફોન કરીને જાણ કરી હતી.




# હર્ષ સંઘવી, પ્રફુલ પાનસેરીયા અને જુના જોગી કનુભાઈ દેસાઈ રિપીટ

## ગુજરાત સરકારના નવા પ્રધાન મંડળમાં દક્ષિણ ગુજરાતનો દબદબો યથાવત

(પ્રતાપ પ્રતિનિધિ) સુરત, તા.૧૭

ગુજરાતના રાજકારણમાં આજે સૌથી મોટા સમાચાર સામે આવ્યા છે. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના નવા મંત્રીમંડળની જાહેરાત થઈ ગઈ છે અને આ વિસ્તરણમાં દક્ષિણ ગુજરાતને ફરીથી પાંચ મંત્રીઓનું પ્રતિનિધિત્વ મળ્યું છે. જોકે, આ પ્રતિનિધિત્વમાં થોડા ફેરફારો જોવા મળ્યા છે, જેમાં બે જૂના ચહેરાને પડતા મૂકીને બે નવા ચહેરાને સ્થાન આપવામાં આવ્યું છે. ૫ મંત્રી યથાવત્ રાખવામાં આવ્યા છે. હર્ષ સંઘવી, પ્રફુલ પાનસેરિયા અને કનુ દેસાઈ રિપીટ કરવામાં આવ્યાં છે.



નવા મંત્રીમંડળમાં દક્ષિણ ગુજરાતના પાંચ મંત્રીઓને સ્થાન આપવામાં આવ્યું છે, જે અગાઉના મંત્રીમંડળની સંખ્યા જેટલું જ છે. જોકે, આ પાંચ મંત્રીઓમાંથી ત્રણ મંત્રીઓ રિપીટ થયા છે, જ્યારે બે મંત્રીઓના પત્તા કપાયા છે અને તેમના સ્થાને બે નવા ચહેરાઓને તક મળી છે. દક્ષિણ ગુજરાતમાંથી જે ત્રણ મંત્રીઓને રિપીટ કરવામાં આવ્યા છે, તેમાં અનુભવી નેતાઓનો સમાવેશ થાય છે. કનુભાઈ દેસાઈ (પારડી), હર્ષ સંઘવી (મજુરા, સુરત), પ્રફુલ પાનસેરિયા (કામરેજ, સુરત) રિપીટ કરાયા છે.

જૂના મંત્રીમંડળમાં રાજ્ય કક્ષાના મંત્રી તરીકે સેવા આપતા બે ધારાસભ્યોને આ વખતે પડતા મૂકવામાં આવ્યા છે. મુકેશ પટેલ (ઓલપાડના ધારાસભ્ય અને રાજ્યકક્ષાના મંત્રી) અને કુંવરજી હળપતિ (માંડવીના ધારાસભ્ય અને પૂર્વ મંત્રી) નવા મંત્રીમંડળમાં પડતા મૂકવામાં આવ્યા છે. જે બે મંત્રીઓના પત્તા કપાયા છે, તેમના સ્થાને બે નવા ધારાસભ્યોને મંત્રીમંડળમાં સ્થાન મળ્યું છે. આ ફેરફારમાં પ્રાદેશિક અને આદિવાસી સમીકરણોને મહત્ત્વ આપવામાં આવ્યું છે.

ઓલપાડના મુકેશ પટેલને બદલે વલસાડ જિલ્લાની ગણદેવી બેઠકના ધારાસભ્ય નરેશ પટેલને મંત્રીમંડળમાં સ્થાન મળ્યું છે. જ્યારે માંડવીના કુંવરજી હળપતિના સ્થાને તાપી જિલ્લાની નિઝર બેઠકના જયરામ ગામીતને આદિવાસી ચહેરા તરીકે મંત્રીમંડળમાં સ્થાન આપવામાં આવ્યું છે. આ ફેરફાર દ્વારા ભાજપે દક્ષિણ ગુજરાતના આદિવાસી વિસ્તારના પ્રતિનિધિત્વને જાળવી રાખવાનો પ્રયાસ કર્યો છે.

## મુકેશભાઈ પટેલ, કુંવરજી હળપતિના પત્તા કપાયા

## નવા મંત્રી મંડળમાં ગણદેવીના નરેશ પટેલનો ફરી પ્રવેશ

(પ્રતાપ પ્રતિનિધિ) સુરત, તા.૧૭

રાજ્યના નવા મંત્રી મંડળનાં વિસ્તરણ બાદ કેટલાક મંત્રીઓને રીપીટ કરાયા છે તો કેટલાકને પડતા મુકાતા નવા ચહેરાઓને ભારતીય જનતા પાર્ટી દ્વારા સ્થાન આપવામાં આવ્યું છે. પડતા મુકાયેલા મંત્રીઓમાં સિધ્ધપુરનાં ઉપયોગ મંત્રી બહળવંતસિંહ રાજપુત, જામનગર ગ્રામ્ય કૃષિમંત્રી, રાઘવજી પટેલ ઉપરાંત ભાનુબેન બાબરીયા, મુળુબેરા, કુબેર ડિંડોર, જગદીશ વિશ્વકર્મા, સુરત-ઓલપાડનાં ધારાસભ્ય મુકેશ પટેલની પણ મંત્રી મંડળમાંથી બાદબાકી કરવામાં આવી છે. આદિજાતિ વિકાસ મંત્રી કુંવરજી હળપતિ તેમજ ભીખુસિંહ પરમાર, બચુ ખાબડની પણ બાદબાકી કરાઈ છે. ગણદેવીના ધારાસભ્ય



નરેશ પટેલને પણ મંત્રી મંડળમાં સમાવવામાં આવ્યા છે. ઉલ્લેખનીય છે કે, પાટીદાર યુવા નેતા તરીકે અગ્રેસર રહેલા જયેશ રાદડીયાને પણ મંત્રી મંડળમાં સ્થાન મળ્યું નથી. જયેશ રાદડીયાએ મીડીયા સમક્ષ જણાવ્યું હતું કે, પાર્ટી દ્વારા ભૂતકાળમાં જે જવાબદારી સોંપાઈ તે કાર્યકર્તા તરીકે નિષ્ઠાથી નિભાવી છે અને હજી પણ ભાતીય જનતા પાર્ટી જે કામગીરી સોંપશે તે નિભાવીશું. નવા મંત્રીઓને તેમણે શુભકામના પણ પાઠવી હતી. અત્રે ઉલ્લેખનીય છે કે, ગુજરાતની ભાજપ સરકારના પુનઃગઠન અને વિસ્તરણમાં આજરોજ યોજાયેલા સપથ વિધિ સમારંભમાં સુરતના ધારાસભ્ય તથા પૂર્વ રાજ્યગૃહ મંત્રી હર્ષ સંઘવીએ નાયબ મુખ્ય મંત્રી તરીકે શપથ ગ્રહણ કરતા સુરતમાં પ્રકાશ પર્વ દિવાળીના તહેવાર પૂર્વે દિવાળીના તહેવાર જેવા ઉત્સવ મનાવાયો હતો. સુરતના ધારાસભ્ય હર્ષ સંઘવીની હાઈકમાન્ડ દ્વારા ઉપપ્રમુખ મંત્રી તરીકે પસંદગી કરાતા ભાજપના કાર્યકરો અગ્રણીઓ તથા સમર્થકોમાં હર્ષની લાગણી વ્યાપી ગઈ હતી.

# બે બાળકોને ઝેર આપી પતિના આપઘાત કેસમાં પત્નીની જામીન અરજી ફગાતી કોર્ટ

### પરિણીતા ફાલ્ગુની પટેલનો જામીન આપવા સેશન્સ કોર્ટનો ઇન્કાર

(પ્રતાપ પ્રતિનિધિ) સુરત, તા.૧૭

અઠવાલાઈન્સ જિલ્લા પંચાયત ક્વાર્ટસમાં રહેતા શિક્ષકે બે બાળકોને ઝેર આપી પોતે પણ આપઘાત કરી લેવાના કરૂણ બનાવમાં પત્ની ફાલ્ગુની પટેલના જામીન સુરત સેશન્સ કોર્ટે રદ કર્યા હતા. અઠવાલાઈન્સ જિલ્લા પંચાયત ક્વાર્ટસમાં રહેતા અને ડીડોલીની ખાનગી શાળામાં પીટી શિક્ષક તરીકે ફરજ બજાવતા અલ્પેશ સોલંકીએ તેમના બે પુત્રોને ઝેર આપી પોતે પણ ફાંસો ખાઈ આત્મહત્યા કરી લીધી હતી.

ઉમરા પોલીસની તપાસમાં જાણવા મળ્યું હતુ કે અલ્પેશ સોલંકીની પત્ની કે જે જિલ્લા પંચાયતની સિનિયર ક્લાર્ક એવી ફાલ્ગુનીના સહ અધિકારી નરેશ રાઠોડ સાથે અનૈતિક સંબંધો હોવાથી અલ્પેશે કંટાળી આ પગલું ભરી લીધું હતું. ઉમરા પોલીસે ફાલ્ગુની અલ્પેશ સોલંકી અને નરેશ વાસકુર રાઠોડ (રહે.સાઈ મિલન રો હાઉસ ઉમા કોમ્પ્લેક્ષની સામે કામરેજ મૂળ રહે.ગઢડા જી.બોટાદ)ની સામે આત્મહત્યાની દુષ્પ્રેરણાનો ગુનો નોંધીને બંનેની ધરપકડ કરી હતી. જેલમાં બંધ ફાલ્ગુનીએ જામીન અરજી કરી હતી. સરકાર તરફે એપીપી ઉમેશ પાટીલે જામીન અરજીનો વિરોધ કર્યો હતો. કોર્ટે નોંધ્યું હતું કે મરણજનારને આરોપીએ માનસિક ત્રાસ આપ્યો છે જે હકીકત સુસાઈટ નોટ અને કબજે કરેલ બુકોથી સ્પષ્ટ થાય છે. આમ, આરોપી સામે ગુનો ઘણો ગંભીર છે જામીન રદ કરતો હુકમ કર્યો હતો .

# કામરેજ અકસ્માત કેસમાં ટ્રક ચાલકના જામીન મંજૂર

### ટ્રક ચાલકે અનેક વાહનોને અડફેટે લેતા એકનું મોત થયું હતું

(પ્રતાપ પ્રતિનિધિ) સુરત, તા.૧૭

કામરેજ ખાતે હાઈવે ઉપર પલટી મારી ગયેલી અકસ્માતગ્રસ્ત બોલેરો પિકઅપ ગાડીને ક્રેન મારફતે ટોઈંગ કરવાની ચાલી રહેલી કામગીરી દરમિયાન પુરઝડપે અને ગફલતભરી રીતે ટ્રક હંકારી લાવી બોલેરો પિકઅપ, ક્રેન અને પોલીસની ગાડીને ટક્કરમારી એક યુવકનું મોત અકસ્માતમાં મોત નિપજાવવાના પ્રકરણમાં ટ્રક ચાલકના જામીન કોર્ટે મંજૂર કર્યા હતા. આરોપી વતી વકીલ શફીક જોગીયાતે દલીલો કરી હતી. આ કેસની વિગત એવી છે કે ગત.તા.૨૧.૪.૨૦૨૫ના રોજ રાત્રિના સવા એક વાગ્યાની આસપાસ નવાગામની સીમમાં ઉદ્યોગનગર ઓવરબ્રિજ ઉપર આવતા હાઈવે ઉપર એક બોલેરો પિકઅપ પલટી મારી ગઈ હતી. જેથી આ બોલેરો પિકઅપને પ્રાઈવેટ ટોચન ક્રેઈન દ્વારા ટોચન કરીને લઈ જવાની તૈયારી કરવામાં આવી રહી હતી. ત્યારે આ જગ્યાએ અકસ્માત ન થાય તે માટે પોલીસની સરકારી ગાડી થોડી ઊભી કરીને પોલીસ અને નેશનલ હાઈવેની પેટ્રોલ કારના માણસો રિફ્લેટર લાઈટની અન્ય વાહનોને સાઈડ બતાવી અકસ્માત ન સર્જાય તે રીતે આગળ વધાવી રહ્યા હતા. તે દરમિયાન એક ટ્રક ચાલક નિસાર સત્તાર ખાન(રાજસ્થાન) પુરઝડપે અને ગફલતભરી રીતે હંકારી લાવી પિકઅપ ગાડી, ટોઈંગ ક્રેન અને પોલીસની ગાડીને ટક્કરમારી ડિવાઈડ કુદાવી સામેના રોડ પરથી આવતી ટ્રકને પણ ટક્કરમારી અકસ્માત સર્જ્યો હતો. જેમાં પિકપના ચાલકનું મોત નિપજ્યું હતું. જ્યારે પોલીસ કર્મચારી તેમજ અન્યને પણ ઈજા પહોંચી હતી. કામરેજ પોલીસે આ અંગે ગુનો નોંધી નિસારની ધરપકડ કરી હતી. જેલમાં બંધ નીસારે વકીલ શફીક જોગીયાત મારફતે જામીન અરજી કરી હતી. જે કોર્ટે શરતોને આધીન મંજૂર કરી હતી.

# વિઝા મુદ્દે છ લોકો સાથે ઠગાઈ કેસમાં આરોપીના જામીન મંજૂર

### પુણેના સફદર બેગ મિર્ઝાને જામીન પર છોડવા કોર્ટનો હુકમ

(પ્રતાપ પ્રતિનિધિ) સુરત, તા.૧૭

ઉત્રાણ મોટા વરાછા ખાતે ગ્રેવિટેટ ઓવરસિસ ઈમિગ્રેશન નામથી ઓફિસ શરૂ કરી ન્યૂઝીલેન્ડના વર્ક હોલી ડે વિઝા અપાવવાના બહાને ૬ લોકો પાસેથી રૂ.૬૭.૫૦ લાખ પડાવી લઈ છેતરપિંડી કરવાના કેસમાં સંડોવાયેલા પુણેના સફદરબેગ મિર્ઝાના જામીન સુરત સેશન્સ કોર્ટે મંજૂર કર્યા હતા. આરોપી તરફે સિનિયર વકીલ વહાબ શેખ અને વકીલ રહીમ શેખે કરેલી દલીલો કોર્ટે માન્ય રાખી હતી. આ કેસની વિગત એવી છે કે ઉત્રાણ મોટાવરાછા, પનવેલ પોઈન્ટ બિલ્ડીંગમાં આવેલ ઓકિસ નં ૩૦૩ માં "ગ્રેવીટેટ ઓવરસીસ ઈમીગ્રેશન" નામથી નિકુંજ દુધાત, ચિરાગ વાટલિયા, અંકિત વાસાણીએઓફિસ શરૂ કરી હતી. મહુવાના દર્શિત મુકેશ પટેલ અને તેમના ઓળખીતાઓનો નિકુંજ સાથે સંપર્ક થયો હતો. દર્શિત પટેલે કેનેડાના વર્ક પરમીટ વિઝા બનાવી આપવાનું કામ નિકુંજને સોપ્યું હતું. જોકે નિકુંજે દર્શિતને કેનેડાના વિઝા થતા નથી તેમ જણાવ્યું હતું, તેની સામે નિકુંજ અને તેના ભાગીદારોએ ન્યૂઝીલેન્ડના વર્ક હોલીડે વિઝા બનાવી આપવાનો વિશ્વાસ આપ્યો હતો. જેથી દર્શિત અને તેના ઓળખીતાઓએ પણ નિકુંજ અને તેના ભાગીદારોને ન્યૂઝીલેન્ડના વર્ક હોલીડે વિઝા બનાવી આપવાનું કામ સોપ્યું હતું અને તેમને કુલ ૬૭ લાખ ચૂકવ્યા હતા. વળી આરોપીઓએ દર્શિત અને તેમના ઓળખીતાઓને ન્યૂઝીલેન્ડના બોગસ વર્ક હોલીડે વિઝા પકડાવી દીધા હતા. આમ આરોપીઓએ તેઓની સાથે ૬૭ લાખની છેતરપિંડી કરી હતી. આ કેસમાં ઈમીગ્રેશનના કામ સાથે સંકળાયેલા સફદરબેગ હનીફ મિર્ઝા (રહે.આશિયાના ડ્રીમ્સ હંડેવાડી રોડ હડપસર પુણે)ની પણ સંડોવણી બહાર આવી હતી. સફદરબેગના એકાઉન્ટમાં આ છેતરપિંડીના પૈસા ટ્રાન્સફર થયા હતા. જેમાં શફદરબેગની સંડોવણી બહાર આવતા ધરપકડ થઈ હતી. શફદર બેગએ વકીલ વહાબ શેખ અને રહીમ શેખ મારફતે જામીન અરજી કરી હતી.

# સુરતમાં હર્ષ સંઘવી અને પ્રફુલ્લ પાનસેરીયાના કાર્યાલયો પર ઉજવણી

### સમર્થકો તથા કાર્યકરોએ ઢોલ નગારા વગાડી ફટાકડા ફોડ્યા

(પ્રતાપ પ્રતિનિધિ) સુરત, તા.૧૭





મંત્રીમંડળમાં સ્થાન મળતાં જ કાર્યકરોની ફટાકડા ફોડી ઉજવણીઃહર્ષ સંઘવીના કાર્યાલય બહાર ઢોલ-તાશાના તાલે સમર્થકો ઝૂમી ઊઠ્યા; કાંતિ અમૃતિયાએ પત્ની સાથે પૂજા કરી ગુજરાત રાજ્યના મંત્રીમંડળના વિસ્તરણની પ્રક્રિયા શરૂ થતાં જ રાજકીય માહોલ ગરમાયો છે. આજે (૧૭ ઓક્ટોબર) વિધિવત નવા મંત્રીમંડળનું વિસ્તરણ કરવામાં આવ્યું છે. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના નવા મંત્રીમંડળમાં ૬ મંત્રીને રિપીટ કરાયા છે, જ્યારે ૧૯ નવા ચહેરાને સ્થાન અપાયું છે. જે લોકોને મંત્રીમંડળમાં સ્થાન મળ્યું તેઓના સમર્થકો દ્વારા ફટાકડા ફોડી આતશબાજી કરવામાં આવી રહી છે. હાલ રાજ્યભરમાં ઉત્સવનો માહોલ જોવા મળી રહ્યો છે. સુરતમાં હર્ષ સઘંવીના કાર્યાલય બહાર ઢોલ-તાશાના તાલે સમર્થકો ઝૂમી ઉઠ્યાં હતાં. કાર્યકર્તાઓ ટેમ્પો ભરીને ફટાકડા સાથે પહોંચ્યાં હતાં અને ઉજવળી કરી હતી.

પ્રાપ્ત માહિતી મુજબ, રાજ્યના કેટલાક ધારાસભ્યોને સવારે ૮ વાગ્યાથી ફોન આવવાના શરૂ થયા હતા, જેમાં પ્રફુલ પાનસેરિયા અને કાંતિ અમૃતિયાનો પણ સમાવેશ થાય છે. મંત્રીમંડળમાં સ્થાન મળવાનો ફોન આવતા જ તેમના કાર્યાલય અને સમર્થકોના વિસ્તારોમાં ઉત્સાહનો માહોલ જોવા મળી રહ્યો છે. પ્રફુલ પાનસેરિયા હાલમાં ગુજરાત સરકારમાં રાજ્ય શિક્ષણ મંત્રી (સંસદીય બાબતો, પ્રાથમિક, માધ્યમિક અને પ્રૌઢ શિક્ષણ, ઉચ્ચ શિક્ષણ) તરીકેની જવાબદારી સંભાળી રહ્યા છે. પ્રફુલ પાનસેરિયાને મંત્રીમંડળમાં રિપીટ કરવામાં આવ્યા હોવાના સમાચાર મળતા જ તેમના સમર્થકો અને ભારતીય જનતા પાર્ટીના કાર્યકર્તાઓ દ્વારા ઉજવણી શરૂ કરી દેવામાં આવી હતી. સુરત અને તેમના મતવિસ્તારમાં કાર્યકર્તાઓએ એકઠા થઈને ફટાકડા ફોડ્યા અને આનંદ વ્યક્ત કર્યો હતો. કાર્યકર્તાઓએ એકબીજાને પેંડા ખવડાવી અને મોં મીઠું કરાવીને આ ખુશીની ઉજવણી કરી હતી. તો હર્ષ સંઘવીના કાર્યાલય બહાર પણ સમર્થકોએ ફટાકડા ફોડ્યા હતા અને ઢોલ-તાશાના તાલે ઝૂમી ઉઠ્યાં હતાં.

ગણદેવીના ધારાસભ્ય નરેશ પટેલને મંત્રીમંડળમાં સ્થાન મળતા કાર્યકરોમાં ઉત્સાહ ગણદેવીના ધારાસભ્ય નરેશ પટેલને મંત્રીમંડળમાં સ્થાન મળતા ગણદેવી ચાર રસ્તા પર ભાજપના કાર્યકરોએ ફટાકડા ફોડીને અને ઉજવણી કરીને તેમની પસંદગીને વધાવી લીધી હતી. દક્ષિણ ગુજરાતમાં નરેશ પટેલ એક મોટા આદિવાસી નેતા તરીકે ઉભરી આવ્યા છે. તેમની આ પસંદગીને રાજકીય વર્તુળોમાં મહત્વપૂર્ણ ગણવામાં આવી રહી છે. ભાજપે વાંસદા, જે કોંગ્રેસનો ગઢ મનાય છે, તેમાં ગાબડું પાડવા માટે નરેશ પટેલ પર પસંદગી ઉતારી હોવાનું મનાય છે. ભિલોડાના MLA પી. સી. બરંડાને મંત્રીમંડળમાં પદ મળ્યું, કાર્યકરોની આતશબાજી અરવલ્લી જિલ્લાના ભિલોડા વિધાનસભાના ધારાસભ્ય પી. સી. બરંડાને મંત્રી મંડળમાં સ્થાન મળતાં ભિલોડાના રાજકારણમાં ઉત્સાહનો માહોલ છવાઈ ગયો છે. મંત્રી પદની જાહેરાત થતાં જ ભિલોડામાં ધારાસભ્યના કાર્યાલય ખાતે ભાજપના કાર્યકરો અને સમર્થકો મોટી સંખ્યામાં એકઠા થયા હતા.

કાર્યકરોએ ઢોલ-નગારાના તાલે આતશબાજી કરીને અને મીઠાઈ વહેંચીને ખુશીની ભવ્ય ઉજવણી કરી હતી. આ ઉજવણીના માહોલથી સમગ્ર વિસ્તાર ગુંજી ઉઠ્યો હતો અને કાર્યકરોએ પી.સી. બરંડાને મંત્રી પદ મળવા બદલ હર્ષભેર વધાવી લીધા હતા. આ અંગે કાર્યકર્તા જતીન પંડ્યાએ પણ પોતાની ખુશી વ્યક્ત કરતા જણાવ્યું હતું કે, બરંડા સાહેબને મંત્રી પદ મળવાથી સમગ્ર જિલ્લાને તેનો લાભ મળશે.

# ભીગાદારો સાથે ઠગાઈ કેસમાં બે આરોપીનો નિર્દોષ છુટકારો

(પ્રતાપ પ્રતિનિધિ) સુરત, તા.૧૭

અડાજણ પોલીસ સ્ટેશનમાં દાખલ થયેલ કથિત ભાગીદારોની હિસાબી તકરારને લઈને થયેલ વિશ્વાસઘાત, છેતરપીડી અને બોગસ બનાવટી ડોકયુમેન્ટ અંગેના કેસમા આરોપી નારાયણ દેવજી ડાવરા અને રવજી કરમશી સુતરીયાને કેસમાંથી નિર્દોષ ઠરાવી છોડી મુકતો હુકમ કોર્ટે કર્યો હતો. કેસની હકીકત એવી રીતેની છે કે, "ફરીયાદી અને આરોપીઓએ ભેગાં મળી ભાગીદારી પેઢી બનાવી, પ્લોટો પાડી, પ્લોટોનું વેચાણ કર્યું હતું. ત્યારબાદ ફરીયાદી અને આરોપીઓ વચ્ચે હિસાબી તકરાર ઉભી થઈ હતી અને ફરીયાદીની કથિત ફરીયાદ મુજબ આરોપીઓએ ફરીયાદીને હિસાબ પેટેના પૈસા ન આપી તેમજ પ્લોટોનું વેચાણ કરી દીધેલ. તેમજ ભાગીદારી પેઢી છુટી કરવાનો બોગસ-બનાવટી કરાર બનાવ્યો હોય જે બાબતને લઈને ફરીયાદ આપવામાં આવિ હતી. જે ફરીયાદને અનુસંધાને નામદાર એડીશનલ ચીફ જ્યુડીશ્યલ મેજીસ્ટ્રેટની કોર્ટમાં આ ઈન્સાફી કાર્યવાહી ચાલી જતાં

અનુસંધાન પાના ૭ પર

**નામ બદલેલ છે**

મારુ જુનુ નામ **શબનમબાનુ મહમદ હુશેન પંજવાણી** હતું જે બદલીને નવું નામ **શબનમ મોહમ્મદ હુસૈન પંજવાણી** રાખેલ છે. જેની સર્વે નોંધ લેવી.

**સહી : શબનમ મોહમ્મદ હુસૈન પંજવાણી**

**સરનામું : ફ્લેટ નંબર C૯૦૧-૯૦૨ એલાચિત એન્કલેવ રીગ ગ્રાઉન્ડ પાસે, રાંદેર રોડ બરબોધન સુરત - ૩૯૫૦૦૫**